અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૬ | અંક : ૨૨૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઉત્તર ગુજરાતમાં ભાજપનું શાનદાર પ્રદર્શન

## અત્ર.. તત્ર.. સર્વત્ર ભાજપ, ૬૮ ન.પા. પૈકી ૬૨ ઉપર ભગવો લહેરાયો

### ગાંધીનગર કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ યોજાયો : ઢોલ નગારા સાથે કાર્યકરોની પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં ઉજવણી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીના પરિણામ આવી ગયા છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. લગભગ મોટાભાગની નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની પેટા ચુંટણીમાં જીત મેળવી છે. આ ચુંટણીનું અંતિમ ચિત્ર આખરે સ્પષ્ટ થઈ ગયું છે. એટલે કે જૂનાગઢ મહાનગર પાલિકા ભાજપે પોતાની પાસે રાખી છે. આ ઉપરાંત ૬૮ નગર પાલિકાઓ પૈકી ૬૨ ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામ બાદ ભાજપ દ્વારા પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ઉજવણી કરાઈ હતી. વિગતો મુજબ ગાંધીનગર કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ યોજાયો હતો. ઢોલ નગારા સાથે કાર્યકરોની ઉજવણી કરી રહ્યા છે. આ સાથે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં ઉજવણી થઈ રહી હતી. આ સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિજયોત્સવમાં જોડાયા હતા. કોંગ્રેસને માત્ર ૧ સલાયા નગરપાલિકાની જ બેઠક મળી છે. જ્યારે પોરબંદર જિલ્લાની કુતિયાણા, રાણાવાવમાં સપાની જીત અને આણંદ જિલ્લાની આંકલાવ નગરપાલિકામાં અપક્ષનો દબદબો જોવા મળ્યો હતો. જ્યારે કે, ડાકોર નગર પાલિકામાં ભાજપ અને અપક્ષ વચ્ચે ટાઈ થઈ છે. એટલે કે, નોંધનીય છે કે ૧૮૪૪ બેઠકમાંથી ૧૬૭ બેઠક બિન હરીફ થતા ૬૬ પાલિકાઓની ૧૬૭૭ બેઠક માટે મતદાન થયું હતું. જેમાં કૂલ ૧૬૭૭ બેઠકોમાંથી ૧૩૭૭ બેઠક ભાજપને ફાળે ગઈ છે. આ સિવાય ગાંધીનગર, કપડવંજ અને કઠલાલ તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. જો કે, દેવભૂમિ દ્વારકામાં ૨૮ બેઠકવાળી સલાયા નગર પાલિકાના ચૂંટણીમાં કોંગ્રેસે ફરી બાજી મારી છે. સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ૧૫ બેઠક પર જીત નોંધાવી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ દમદાર પ્રદર્શન કરતાં ૧૩ સીટો પર જીતનો પરચમ લહેરાવ્યો છે. ત્યારે ભાજપ ખાતું ખોલાવી શકી ન હતી. મંત્રી મુળુભાઈ બેરાના વિસ્તારમાં ભાજપના સૂપડા સાફ થઈ ગયા છે. પરિણામો જાહેર થતાં સલાયા ભાજપમાં સન્નાટો છવાઈ ગયો છે. નોંધનીય છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ એકમાત્ર બેઠક હશે જ્યાં ભાજપનું ખાતું પણ ખોલાવી શકી નથી. ભાવનગર જિલ્લાના તળાજામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અહીં રિકાઉન્ટિંગમાં પણ ભાજપ જીતી ગયો છે. જ્યારે ધ્રાંગધ્રા નગર પાલિકાના વોર્ડ નંબર ૧ પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ ઉમેદવાર અમરાભાઈ હાડગડા જીતી ગયા છે. આ ઉપરાંત સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં વોર્ડ નંબર ૩ના અપક્ષ ઉમેદવાર રામજી પંડ્યાએ રિકાઉન્ટિંગની માંગ કરી છે. ભાજપ અને અપક્ષ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. ત્યારે વોર્ડ નંબર ૩ માં ફક્ત ૩૦ મતોનું માર્જિન હોવાના કારણે રિકાઉન્ટિંગની માંગ કરવામાં આવી રહી છે. જૂનાગઢના વંથલીમાં વોર્ડ નંબર ૪માં ભાજપની પેનલ જીતી જતાં ભાજપનો વિજયરથ આગળ વધ્યો. આ સાથે ભાજપનો સ્કોર જૂનાગઢ મહાનગર પાલિકામાં ૨૭ પર પહોંચી ગયો છે જ્યારે ૧ બેઠક અપક્ષના હાથમાં છે અને કોંગ્રેસ હજુ ખાલી હાથ છે. વાંકાનેર નગરપાલિકાની વાત કરીએ તો ૧૧ બેઠકો પર ભાજપ બિનહરિફ રહ્યા બાદ હવે વધુ ચાર બેઠકો જીતી ગયો છે. વાંકાનેરમાં કુલ ૨૮ બેઠકો છે. જેમાં મોટાભાગની બેઠકો ભાજપને મળે તેવી શક્યતાને જોતાં સત્તામાં અહીં ભાજપ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ ઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજયરથ યથાવત છે. હજુ સુધી કોંગ્રેસનું ખાતું ખુલ્યું નથી. જો કે અહીં એક મોટો અપસેટ થયો છે. જૂનાગઢ કોર્પોરેશનના પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચાનો પુત્ર પાર્થ કોટેચા અપક્ષ સામે હારી ગયો છે. હાલ મળતી માહિતી મુજબ અહીં ભાજપના ખાતામાં ૧૨ બેઠકો આવી ચૂકી છે. કુલ બેઠકો ૬૦ છે. આ ઉપરાંત ચોરવાડમાં પણ મોટો ઉલટફેર થયો છે. જેમાં ગીર સોમનાથના વર્તમાન ધારાસભ્ય વિમલ ચુડાસમા ચોરવાડ નગરપાલિકાની ચૂંટણીમાં હારી ગયાનું જાણવા મળ્યું છે. બાવળા ન.પા.માં કોંગ્રેસના બે ઉમેદવાર જીત્યાં છે. જેમાં બાવળા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસના ૨ અને ભાજપના ૨ ઉમેદવારો જીત્યાં હતા. જ્યારે કે, સાણંદ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી છે. સાણંદ નગર પાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલનો વિજય થયો હતો. તે સિવાય માણસા નગરપાલિકાની વોર્ડ-નંબર ૧માં પણ ભાજપની પેનલ જીતી છે.



### જૂનાગઢના વંથલીમાં વોર્ડ નંબર-૧માં ભાજપના ચારેય ઉમેદવાર વિજયી થયા

આ ઉપરાંત વલસાડમાં પણ ભગવો લહેરાયો છે. વલસાડ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી. જ્યારે જૂનાગઢના વંથલીમાં વોર્ડ નંબર-૧માં ભાજપના ચારેય ઉમેદવાર વિજયી થયા. હાલોલ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ જીતી ગઈ છે. સ્થાનિક એકમોની ચૂંટણીના અત્યાર સુધીના પરિણામો અનુસાર ખેડબ્રહ્મમાં વોર્ડ નંબર-૧માં ભાજપની પેનલ એટલે કે ચારેય ઉમેદવાર વિજયી બન્યા છે. જ્યારે હાલોલ નગરપાલિકામાં વોર્ડ નંબર-૧માં પણ ભગવો લહેરાયો છે. હાલોલ નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં ભાજપની જીત, સાણંદ નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં ભાજપની જીત, જામજોધપુરના વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલ જીતી, કોડીનારમાં ભાજપની પેનલ જીતી, સાબરકાંઠાના પ્રાંતિજમાં વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, માણસા નપાના વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, તલોદના વોર્ડ નંબર ૧ માં ભાજપનો વિજય, અમરેલીના ચાલાલામાં ભાજપની ૪ બેઠકો પર જીત સાથે ખાતું ખુલ્યું, ચોરવાડ નગર પાલિકામાં વોર્ડ નંબર ૧ પર ભાજપની જીત, તાપીના સોનગઢ વોર્ડ નંબર ૧માં ભાજપની પેનલ જીતી, ૨૮ બેઠકવાળી સોનગઢ નગર પાલિકામાં ૪ ઉમેદવારોની જીત સાથે ખાતું ખુલ્યું. જ્યારે કે, જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦ બેઠકોના પરિણામ આવવાનું શરૂ થયું છે. હાલમાં ભાજપ ૮ બેઠક પર આગળ છે ત્યારે કોંગ્રેસ અને અન્ય ૦ પર છે.મહત્વનું છે કે, ગત ૧૬મી ફેબ્રુઆરીએ જુનાગઢ મહાનગરપાલિકા, રાજયની અલગ અલગ ૬૮ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની ચુંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયા બાદ હવે આજે જનાદેશનો સૂર્યોદય થશે. આ ચુંટણીની સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ગઈ છે. મતદાનમાં સૌથી મોટી અને મહત્વપૂર્ણ બાબતે એ રહી છે કે રાજયમાં એક પણ સ્થળે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.



### હાલોલ નગરપાલિકાની તમામ ૩૬ બેઠક પર ભાજપનો વિજય

ઉત્તર ગુજરાતમાં ભાજપનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. ખેરાલુ અને વડનગર નગરપાલિકામાં ભાજપે જીત મેળવી હતી. મહેસાણાની બંને નગરપાલિકા પર ભાજપે જીત મેળવી હતી. ખેરાલુ અને વડનગર પાલિકામાં પણ ભાજપનું શાસન રહેશે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન રહેશે. ગાંધીનગરની ૨૮ પૈકી ૨૦ પર ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો. ગાંધીનગરની ૨૮ પૈકી ૮ પર કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો હતો.સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં સોળે કળાએ કમળ ખિલ્યું હતું. પ્રાંતિજમાં ૨૪ પૈકી ૧૯ બેઠક પર ભાજપે જીત મેળવી હતી. તલોદમાં ૨૪ પૈકી ૨૨ બેઠક ભાજપના ફાળે ગઈ હતી. ખેડબ્રહ્મામાં ૨૮ પૈકી ૧૭ બેઠક ભાજપના ફાળે આવી હતી. વલસાડની ૪૪માંથી ૪૧ બેઠક પર ભાજપની જીત થઈ હતી. પારડીની ૨૮માંથી ૨૨ બેઠક પર ભાજપની જીત થઈ હતી. નવસારી જિલ્લાની બિલીમોરા નગર પાલિકામાં ભાજપની જીત થઈ હતી. અમરેલી જિલ્લાની ચારેય નગરપાલિકા પર ભાજપે સત્તા મેળવી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અમરેલી જિલ્લાની ચારેય નગરપાલિકા પર ભાજપનો દબદબો જોવા મળ્યો હતો. રાજુલા અને જાફરાબાદમાં કોંગ્રેસના સૂપડા સાફ થયા હતા. તે સિવાય જામજોધપુરમાં કોંગ્રેસના સૂપડા સાફ થયા હતા. જામજોધપુરની ૨૮ પૈકી ૨૭ પર ભાજપ, એક પર છઈઁનો વિજય થયો હતો.

### યુટ્યુબ પર અશ્લીલ વીડિયોઝ મુદ્દે એક્શન લે સરકારઃ સુપ્રીમ



। નવી દિલ્હી, તા.૧૮ ।

યુટ્યુબ શોમાં રણવીર અલ્હાબાદિયા દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી પર આજે(૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. યુટ્યુબ પ્લેટફોર્મ પર ફેલાતી અશ્લીલતાને ધ્યાનમાં લેતાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મામલે કડક વલણ અપનાવવા નિર્દેશ કર્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે, 'શું તે યુટ્યુબ પર ફેલાયેલા અશ્લીલ કન્ટેન્ટ અંગે કોઈ પગલું લેવા માગે છે?' જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વવાળી બેન્ચે ડિજિટલ પ્લેટફોર્મના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતે એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટીને કહ્યું હતું, 'અમે ઈચ્છીએ છીએ કે તમે (સરકાર) કંઈક કરો. જો સરકાર કંઈક કરવા તૈયાર હશે તો અમને આનંદ થશે. નહિંતર, આ કહેવાતી YouTube ચેનલ અને યુટ્યૂબર્સ તેનો દુરુપયોગ કરતાં જ રહેશે.' કોર્ટે એટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા પાસેથી પણ મદદ માગી છે કે, આપણે આ મુદ્દાના મહત્વ અને સંવેદનશીલતાને નજરઅંદાજ કરવો જોઈએ નહીં.

### ઇમરજન્સી સર્વિસની ટીમો ઘટનાસ્થળે

## ટોરોન્ટો એરપોર્ટ પર લેન્ડીંગ વખતે વિમાન ક્રેશ, ૧૮ લોકો ઇજાગ્રસ્ત

। (એજન્સી) ટોરોન્ટો, તા.૧૮ ।

ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટ નંબર ૪૮૧૯ને લેન્ડીંગ વખતે અકસ્માત નડ્યો છે. આ ફ્લાઈટ મિનિયાપોલિસ-સેન્ટ પોલ એરપોર્ટથી ટોરન્ટ પિયર્સન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ જઈ રહી હતી. જોકે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પર લેન્ડીગ વખતે અકસ્માતનો ભોગ બની હતી. વિમાનમાં ૮૦ લોકો સવાર હતા, જેમાંથી ૭૬ મુસાફરો અને ૪ ચાલક દળના સભ્યો હતા. વિમાનમાંથી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે, આ દુર્ઘટનામાં ૧૮ લોકોને ઈજા પહોંચી છે.કેનેડાના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૬૫ કિલો મીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. જેના લીધે વિમાનને અકસ્માત નડ્યો હોવાનું અનુમાન છે. જોકે હજુ સુધી અકસ્માતનું ચોક્ક્સ કારણ જાણી શકાયું નથી. હાલમાં યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ મદદે પહોંચી ગયું છે.



રોયયર્સના રિપોર્ટ અનુસાર ઘટનાસ્થળ પર હાજર પેરામેડિકલ સ્ટાફે પુષ્ટિ કરી છે કે આ અકસ્માતમાં બે મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે અન્ય મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. ટોરોન્ટોના પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટે આ ઘટનાને લઈને ઠ પર એક પોસ્ટમાં લખ્યું છે કે 'અમે મિનિયાપોલિસથી આવનાર ડેલ્ટા એરલાઈન્સના વિમાન સાથે સંકળાયેલી એક ઘટનાથી માહિતગાર છીએ, અને ઈમરજન્સી ટીમો રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ ગઈ છે. તમામ મુસાફરો અને ચાલક દળનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.' પીલ સ્થાનિક પોલીસના કોન્સ્ટેબલ સારા પૈટને અકસ્માત સંબંધિત માહિતી આપતાં કહ્યું હતું કે 'એક વિમાન દુર્ઘટના સર્જાઈ છે. મારી જાણકારી અનુસાર મોટાભાગના મુસાફરો સુરક્ષિત છે અને તેમને પ્લેનમાંથી બહાર કાઢી લેવામાં આવ્યા છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાનના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેમાં વિમાન પલટી ખાઈ ગયેલું જોવા મળે છે અને ઈમરજન્સી સર્વિસની ટીમો રેસ્ક્યૂ કરી રહી છે. રનવેની ચારેય તરફ બરફ પડેલો જોવા મળે છે. આ ઘટનાના કારણે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પરથી ઉડાણ ભરનાર ૪૦ વિમાનો મોડા પડશે. જાણકારી અનુસાર ફ્લેપ એક્ટ્યૂએટરમાં ખામીના કારણે વિમાન પલટી ખાઈ ગયું છે.

### પ. બંગાળ વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન નિવેદન

## મહાકુંભ મૃત્યુ કુંભ બન્યો, મમતા બેનર્જીનું નિવેદન

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૮ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ પર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. યોગી આદિત્યનાથ સરકાર પર નિશાન સાધતા તેમણે બંગાળ વિધાનસભામાં કહ્યું કે મહાકુંભ હવે 'મૃત્યુ કુંભ'માં ફેરવાઈ ગયો છે. તેમણે આરોપ લગાવ્યો કે મહાકુંભમાં VVIP ને ખાસ સુવિધાઓ આપવામાં આવી રહી છે, જ્યારે સામાન્ય લોકોને ત્યાં ભારે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન બોલતા, મમતા બેનર્જીએ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળાના કથિત ગેરવહીવટ માટે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને ઉત્તર પ્રદેશ સરકારની આકરી ટીકા કરી અને કહ્યું, ''મહાકુંભ 'મૃત્યુ કુંભ'માં ફેરવાઈ ગયો છે.'' મંગળવારે બેનર્જીએ કહ્યું હતું કે તેઓ તેમના ધારાસભ્યો દ્વારા તેમના પર ''બાંગ્લાદેશી કટ્ટરપંથીઓ સાથે સાંઠગાંઠ'' કરવાનો આરોપ લગાવવા અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફરિયાદ કરશે. મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે ભાજપ પોતાના રાજકીય હિતોને પૂર્ણ કરવા માટે ધર્મનો ઉપયોગ કરી રહી છે. તેમણે કહ્યું, ''અભિવ્યક્તિની સ્વતંત્રતા ભાજપના ધારાસભ્યોને નફરત ફેલાવવા અને લોકોને વિભાજીત કરવાની મંજૂરી આપતી નથી.''

### નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ

## દિલ્હીના નવા મુખ્યમંત્રીની શપથવિધિ સમયમાં ફેરફાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હીના નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણનો સમય બદલાયો છે. જ્યાં પહેલા દિલ્હીના નવા સીએમનો શપથ ગ્રહણ ૨૦મી ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ કલાકે થવાનો હતો, હવે આ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શપથ ગ્રહણ સમારોહનો સમય ચોક્કસ પણે બદલાયો છે, પરંતુ તારીખ એ જ છે. એટલે કે હવે દિલ્હીના નવા સીએમનો શપથ ગ્રહણ સમારોહ હવે ૨૦ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે થશે. મહત્વનું છે કે દિલ્હીના નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. કાર્યક્રમ માટે સ્થળ (રામલીલા મેદાન) નક્કી કરવામાં આવ્યું છે. જો કે હજુ સુધી મુખ્યમંત્રીના નામને લઈને કોઈ સહમતિ સધાઈ નથી. આવતીકાલે (૧૯ ફેબ્રુઆરી) મળનારી ધારાસભ્ય દળની બેઠકમાં મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ૧૯ ફેબ્રુઆરીની રાતથી રામલીલા મેદાન તરફ જતા તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવશે. માત્ર VVIP વાહનોને જ પ્રવેશ મળશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને ૫૦ થી વધુ ઉચ્ચ સુરક્ષા નેતાઓ પણ રામલીલા મેદાન પહોંચશે. આ શપથ ગ્રહણ સમારોહમાં ૨૦ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજરી આપશે. તમામ કેન્દ્રીય મંત્રીઓ અને NDA નેતાઓને પણ બોલાવવામાં આવ્યા છે.

### મુસ્લિમ બિરાદરો માટે મોટો નિર્ણય

## રમઝાન મહિનામાં મુસ્લિમ કર્મચારીઓને ઓફિસમાંથી ૪ વાગ્યા બાદ મળશે છુટ્ટી

### તેલંગાણામાં કામકાજના સ્થળોએ એક કલાકની છૂટ રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરોને મળશે

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૮ ।

રાજ્ય સરકારના સરકારી વિભાગો અને સાર્વજનિક ક્ષેત્રના એકમો તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ મુસ્લિમ કર્મચારીઓને પવિત્ર રમઝાન માસ દરમિયાન એક કલાક વહેલા એટલે કે સાંજે ૪ વાગ્યે જવાની છૂટ મળશે. આ છૂટ ૨જી માર્ચથી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની રહેશે તેલંગાણા સરકારે રમઝાન મહિનામાં મુસ્લિમ કર્મચારીઓન વહેલા ઓફિસ છોડવની છૂટ આપી છે. રાજ્ય સરકારે તમામ સરકારી વિભાગો, સાર્વજનિક ક્ષેત્રો અને શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ મુસ્લિમ કર્મચારીઓને રમઝાનના પવિત્ર માસ દરમિયાન એક કલાક વહેલા એટલે કે સાંજે ૪ વાગ્યે તેમની ઓફિસો અને શાળા છોડવાની મંજૂરી આપી છે. આ છૂટ ૨ માર્ચ, ૨૦૨૫થી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી લાગુ રહેશે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા સત્તાવાર પરિપત્ર મુજબ, આ નિર્ણય સરકારી મુસ્લિમ કર્મચારીઓ, શિક્ષકો, કરાર અને આઉટસોર્સિંગ કર્મચારીઓ તેમજ બોર્ડ, કોર્પોરેશન અને જાહેર ક્ષેત્રના કર્મચારીઓને પણ લાગુ પડે છે. આ પગલાનો હેતુ રમઝાન દરમિયાન ધાર્મિક વિધિઓ અને આવશ્યક પ્રાર્થનાઓને વધુ સુવિધાજનક બનાવવાનો છે. આ વખતે રમઝાન મહિનો ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે જે ૨૯ માર્ચ સુધી ચાલશે.

ભાજપના અમિત માલવિયાએ તેને તુષ્ટિકરણની રાજનીતિ ગણાવી છે. ઠ પર એક પોસ્ટમાં, તેમણે કહ્યું, 'તેલંગાણા સરકારે રમઝાન દરમિયાન મુસ્લિમ કર્મચારીઓ માટે કામના કલાકોમાં છૂટછાટને મંજૂરી આપી છે. જ્યારે હિંદુઓ નવરાત્રિ દરમિયાન ઉપવાસ કરે છે, ત્યારે તેમને ક્યારેય આવી કોઈ છૂટ આપવામાં આવતી નથી. આ નિર્ણય કોઈ એક સમુદાયની ધાર્મિક માન્યતાઓ પ્રત્યે સંવેદનશીલ હોવા અંગેનો નથી, પરંતુ તેને માત્ર મતબેંક સુધી મર્યાદિત રાખવાનો છે. આનો વિરોધ થવો જોઈએ.

ઈસ્લામિક કેલેન્ડરનો નવમો મહિનો રમઝાન મહિનો કહેવાય છે. આ મહિનાની શરૂઆત ચાંદ દેખાયા બાદ થાય છે. રમઝાન દરમિયાન, મુસ્લિમ લોકો રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરે છે. રમઝાન મહિનો પૂરો થયા બાદ સમગ્ર વિશ્વમાં ઈદનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે. રમઝાનમાં, મુસ્લિમો દિવસભર રોઝા રાખવા માટે સૂર્યોદય પહેલા જ સેહરી ખાઈ લે છે, ત્યારબાદ તેઓ આખો દિવસ ભૂખ્યા અને તરસ્યા રહે છે અને ખુદાના નામનો જાપ કરે છે. સાંજે ઈફ્તાર દરમિયાન રોઝા ખોલવામાં આવે છે.

## સીદી સૈયદની જાળી સાથે ગુજરાતને કોઈ લેવાદેવા નથી : નીતિન પટેલ

। (એજન્સી) મહેસાણા, તા.૧૮ ।

પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ તેમના નિવેદનોને લઈને સતત ચર્ચાનું કેન્દ્ર બનતા રહે છે. ત્યારે તેમણે કડી ખાતે આયોજિત ચુંવાળ બોતેર કડવા પાટીદાર સમાજના સમુહલગ્નમાં એક ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. નીતિન પટેલે કહ્યું કે સીદી સૈયદની જાળીનો ગુજરાત સાથે કોઈ સંબંધ નથી. જો કે આ મામલે હવે કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ પ્રતિક્રિયા આપી છે.ગુજરાત ટ્રાવેલ ગાઈડપ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે કડી ખાતે આયોજિત ચુંવાળ બોતેર કડવા પાટીદાર સમાજના સમુહલગ્નમાં ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું અગાઉની કોંગ્રેસ સરકાર મહેમાનોને સીદી સૈયદની જાળી ભેટમાં આપતી હતી, જેનો ગુજરાતની સંસ્કૃતિ સાથે કોઈ સંબંધ નથી. તેમણે આગળ કહ્યું કે હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ભેટમાં આપવામાં આવે છે.આગળ તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાની ભેટ આપવાનું કારણ કહ્યું તું કે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતીય એકતા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે આ વિચાર રજૂ કર્યો હતો અને આજે આ પ્રતિમા લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે. તેમણે કહ્યું, “સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા માત્ર શોભા માટે નથી, પરંતુ તેમાંથી સમાજની એકતા, સંગઠન અને વિકાસની પ્રેરણા મળે છે.કોંગ્રેસ પર કટાક્ષ કરતાં નીતિન પટેલે કહ્યું કે, અગાઉની કોંગ્રેસ સરકાર મહેમાનોને સીદી સૈયદની જાળીની પ્રતિમા ભેટ આપતી હતી.

### રાણાવાવ અને કુતિયાણા બેઠક પર એસપીનો કબજો

# અખિલેશ યાદવની સાઈકલ ફરી વળી આ બે નગરપાલિકા પર કર્યો કબજો

### કુતિયાણા નગરપાલિકાની ૨૪ સીટમાંથી સમાજવાદી પાર્ટીને ૧૪ સીટ મળતા કાંધલ જાડેજાનો દબદબો યથાવત રહ્યો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું ચિત્ર હવે લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. જુનાગઢ મનપા અને ૬૮ નગરપાલિકાના પરિણામની જાહેરાત પૂર્ણતાને આરે છે. જાહેર પરિણામમાં ૫૮ નગર પાલિકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતી દેખાઈ રહી છે. તો સલાયા નગરપાલિકામાં કોંગ્રેસને બહુમતી મળી છે. જ્યારે રાજ્યની એક નગર પાલિકામાં ટાઈ થઈ છે. તો બે નગર પાલિકા પર સમાજવાદી પાર્ટીએ કબજો કરી લીધો છે. ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં એસપીએ જોરદાર પ્રદર્શન કર્યું છે. રાણાવાવ અને કુતિયાણા નગરપાલિકા પર એસપીનો વિજય થયો છે. તમને જણાવી દઈએ કે, આ નગરપાલિકામાં કાંધલ જાડેજાનો દબદબો છે અને કાંધલ જાડેજા એસપીની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા. કુતિયાણા નગર પાલિકાની ૨૪ સીટમાંથી સમાજવાદી પાર્ટીને ૧૪ સીટ મળતા કાંધલ જાડેજાનો દબદબો યથાવત રહ્યો છે. જ્યારે ભાજપને ૧૦ સીટ મળતા ઢેલી બહેનને મોટો ફટકો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઢેલીબેન ૧૯૯૫થી કુતિયાણા નગરપાલિકાના પ્રમુખ હતા. આમ તેમના એક ચક્રી શાસનનો અંત આવ્યો છે. રાણાવાવ નગર પાલિકા પર સમાજવાદી પાર્ટીએ કબજો કરી લીધો છે.

રાણાવાવમાં સમાજવાદી પાર્ટીને ૧૬ અને ભાજપને ૮ બેઠક મળી છે. તમને જણાવી દઈએ કે, અહીં કાંધલા જાડેજા ધારાસભ્ય છે. તમને જણાવી દઈએ કે, પોરબંદર જિલ્લાની રાણાવાવ અને કુતિયાણા નગર પાલિકાની રવિવારે ચૂંટણી યોજાઈ હતી. જેમાં કુતિયાણામાં ૫૯.૮૩ ટકા મતદાન અને રાણાવાવ પાલિકામાં કુલ ૫૦.૧૯ ટકા મતદાન થયું હતું. આજે એટલે કે, મંગળવારે મત ગણતરી કરવામાં આવી રહી છે.

### મધ્ય ઝોનની બહેનોની ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ

# અં-૧૪, અં-૧૭ અને ઓપન એજ ગ્રુપની સ્પર્ધાઓમાં ૪૮૬ મહિલા ખેલાડીઓએ લીધો ભાગ



। અમદાવાદ, તા.૧૮ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત મધ્ય ઝોનની બહેનોની ફૂટબોલ ટૂર્નામેન્ટ નિકોલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઈ હતી. પાંચ દિવસીય ટૂર્નામેન્ટમાં અં-૧૪,અં-૧૭ અને ઓપન એજ ગ્રુપની સ્પર્ધાઓમાં ૪૮૬ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અં-૧૪ એજ ગ્રુપમાં પ્રથમ સ્થાને બનાસકાંઠા અને દ્વિતિય સ્થાને પાટણની મહિલા ટીમો વિજેતા થઈ હતી. અં-૧૭ એજ ગ્રુપમાં પ્રથમ સ્થાને પાટણની મહિલા ટીમ અને દ્વિતિય સ્થાને અમદાવાદ સીટીની મહિલા ટીમ વિજેતા થઈ હતી. ઓપન એજ ગ્રુપમાં પ્રથમ સ્થાને પાટણ અને દ્વિતિય સ્થાને બનાસકાંઠાની મહિલા ટીમો વિજેતા બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના નિયંત્રણ હેઠળની પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર અમદાવાદની કચેરી દ્વારા આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝોન કક્ષાની અલગ-અલગ એજ ગ્રુપની વિજેતા ટીમો રાજ્ય કક્ષાની ટૂર્નામેન્ટમાં ભાગ લેશે.

### નવેમ્બરમાં બ્યુટીફીકેશન માટે ૧.૯૨ કરોડની મંજૂરી

## લોટેશ્વર તળાવમાંથી વરસાદી પાણી સુકાઈ જતાં ઉનાળા પહેલા જ તળાવ સુકુભઠ્ઠ થયું

। (એજન્સી) આણંદ, તા.૧૮ ।

આણંદના લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે પાલિકા દ્વારા નવેમ્બર મહિનામાં રૂ.૧.૯૨ કરોડના કામની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, તળાવમાંથી વરસાદી પાણી સુકાઈ જતાં ઉનાળા પહેલા જ તળાવ સુકુભઠ્ઠ થયું છે. નવું પાણી ભરવા માટે બોરની વ્યવસ્થા ન હોવાથી તળાવ સુકાઈ જતાં તેમાં જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. ત્યારે તળાવમાં સત્વરે ચોખ્ખુ પાણી ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આણંદ નગરપાલિકા દ્વારા તા.૨૭ નવેમ્બરના રોજ યોજવામાં આવેલી સામાન્ય સભામાં લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે રૂ.૧.૯૨ કરોડ તથા તળાવમાં ૬ મીની હાઈમાસ્ટ પોલ નાખવા માટે રૂ.૧૫ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ નગરપાલિકા મહાનગરપાલિકામાં પરિવર્તિત થઈ ગઈ હતી. જોકે, ઉનાળાની શરૂઆત પહેલા જ લોટેશ્વર તળાવમાં પાણી સુકાઈ જતાં તળિયું દેખાઈ રહ્યું છે. તેમજ તળાવમાં જંગલી વનસ્પતિ અને ઘાસ ઉગી નીકળ્યા છે. દર વર્ષે તળાવના બ્યુટીફીકેશનના નામે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને નેતાઓ ખાતમુહૂર્ત પણ કરે છે પરંતુ તળાવમાં પાણી ભરવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી ઉનાળાની શરૂઆતથી જ તળાવ સુકાઈ જતું હોવાના આક્ષેપ શહેરીજનોએ લગાવ્યાં હતાં. તળાવમાં વરસાદી પાણી સુકાઈ ગયા બાદ ચોખ્ખુ પાણી ભરી, સહેલગાહનું સ્થળ બનાવવા તથા બોટિંગની સુવિધાઓ શરૂ કરવા શહેરીજનોએ માંગ કરી છે.

### વિરમગામમાં શિવ ક્લિનિકની ઘોર બેદરકારી

# શિવ ક્લિનિક દ્વારા બાયોમેડિકલ વેસ્ટને જાહેરમાં સળગાવવાની ઘટના સામે આવી

### બાયોમેડિકલ વેસ્ટને જાહેરમાં ફેંકી કે સળગાવી શકાતો નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદના વિરમગામમાં શિવ ક્લિનિક દ્વારા બાયોમેડિકલ વેસ્ટને જાહેરમાં સળગાવવાની ઘટના સામે આવી છે. ક્લિનિક દ્વારા ખુલ્લામાં બાયોમેડિકલ વેસ્ટ સળગાવવામાં આવતા જીવલેણ રોગો ફેલાવવાનો ભય ઉભો થાય છે.બાયોમેડિકલ વેસ્ટને યોગ્ય રીતે નિકાલ કરવાના નિયમોનું ઉલ્લંઘન કરીને, ક્લિનિક દ્વારા જાહેર આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા છે. ક્લિનિક દ્વારા ખુલ્લામાં બાયોમેડિકલ વેસ્ટ સળગાવવામાં આવતા, આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ક્લિનિકની બેદરકારી સામે સખત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. આ ઘટના અંગે વધુ તપાસ ચાલી રહી છે અને સંબંધિત અધિકારીઓ દ્વારા ક્લિનિક સામે કડક પગલાં લેવામાં આવશે તેવી શક્યતા છે. અગાઉ પણ, ભાવનગર શહેરના બોરતળાવમાં મેડિકલ વેસ્ટ ફેંકાતા નગરજનોના સ્વાસ્થ્ય સાથે જાણીજોઈને ચેડાં કરી રહ્યાં છે. નગરપાલિકાનું કરોડોનું બજેટ હોય છે તેમ છતાં સરખી સફાઈ કરવામાં આવતી નથી, તો બીજી બાજુ ખુલ્લેઆમ મેડિકલ વેસ્ટનમો નિકાલ કરાતા વહીવટી તંત્ર, આરોગ્ય તંત્ર દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવતા લોકોમાં રોષ ભરાયો છે. ભાવનગર શહેરમાં તો ઈન્ડિયન મેડિકલ એસોસિએશનદ્વારા મેડિકલ વેસ્ટ બાળવા માટે અદ્યતન સુવિધા રાખવામાં આવી છે તેમ છતાં શહેરમાં જાહેર માર્ગો ઉપર નિકાલ કરવામાં આવી રહ્યો છે. પ્લાસ્ટિક ડિસ્પોજેબલ ટેબ, નીડલ, તૂટેલી સિરિંજ, દવા-ઈન્જેકશનના કાચના બલ્બ, ઈન્જેક્શન, ડ્રેસીંગ મટિરિયલ સહિતનો મેડિકલ વેસ્ટ તળાવમાં ફેંકાયો હતો. ભાવનગર શહેરને બોળતળાવમાંથી પાણીનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે મોટા પ્રમાણમાં મેડિકલ વેસ્ટ બોળતળાવમાં જોવા મળતાં લોકોમાં તંત્ર પ્રત્યે રોષ ફેલાયો હતો.

### ૧૯ ફેબ્રુઆરીની અમદાવાદ-બરૌની એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે

। અમદાવાદ, તા.૧૮ ।

ઉત્તર મધ્ય રેલવે ના પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ દરમિયાન ટ્રેનોના સુગમ સંચાલનને ધ્યાનમાં રાખીને, અમદાવાદ-બરૌની-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ અમદાવાદ થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૪૮૩ અમદાવાદ-બરૌની એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બરૌની થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૪૮૪ બરૌની-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## ૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી વિધાનસભાનું બજેટ સત્ર

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી વિધાનસભાનું બજેટ સત્ર મળવાનું છે. આજથી ગુજરાતમાં મળતા બજેટ સત્રમાં કુલ ચાર વિધેયકો પસાર થવાના છે. વિધાનસભાના બજેટ સત્ર પૂર્વે આજે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના અધ્યક્ષ સ્થાને કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી હતી. વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત, નાણામંત્રી કનુ દેસાઈ, ભાજપના વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લ તેમજ કોંગ્રેસના વિપક્ષના નેતા અમિત ચાવડા અને દાણીલીમડા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર ઉપસ્થિતિમાં યોજાઈ હતી. કામેકાજ સમિતિની બેઠકમાં મુખ્યત્વે વિધાનસભા આવતીકાલથી શરૂ થતા ૨૮ માર્ચ સુધી વિધાનસભાના સત્ર અંતર્ગત ચર્ચા યોજાઈ હતી. જે આવતીકાલથી શરૂ થતાં વિધાનસભાના સત્રની શરૂઆત રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રવચન સાથે શરૂ થવાનું છે. ૨૦ ફેબ્રુઆરીએ રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરશે. રાજ્યપાલના સંબોધન બાદ ત્રણ બેઠક રાખવામાં આવી છે. તદુપરાંત પૂરક માંગણી માટેની પણ બે ચર્ચા બેઠક બજેટ સત્રમાં યોજવામાં આવવાની છે. બજેટની માંગણીઓ પર ચર્ચા અને મતદાન માટે બાર જેટલી બેઠકો વિધાનસભાના બજેટ સત્રમાં યોજાવાની છે. વિધાનસભાનું સત્ર કુલ ૨૭ બેઠકો સાથે ૨૮ માર્ચ સુધી યોજવાનું છે. આવતીકાલથી મળતા બજેટ સત્રમાં ચાર વિધેયકો પણ રજૂ થવાના છે. વિધાનસભામાં પસાર થતા ચાર વિધેયકો વિશે માહિતી મેળવીએ તો પ્રથમ ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા વિધેયક ૨૦૨૫ રજૂ થવાનું છે. બીજું વિધેયક ગુજરાત ચિકિત્સાશાસ્ત્ર નિયમન સુધારા વિધેયક ૨૦૨૫ રજૂ થવાનું છે. ત્રીજું વિધેયક ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા વિધેયક ૨૦૩૫ રજૂ થવાનું છે. ચોથું વિધેયક ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર રદ કરવા બાબતનું વિધેયક ૨૦૨૫ રજૂ થવાનું છે. ઉલ્લેખનીય છે કે, વિધાનસભાના સત્રમાં વિવિધ ચર્ચા બેઠકો પ્રશ્નોત્તરી કાળ સાથે આજથી સત્ર શરૂ થવાનું છે. જે અંગે આજે કામકાજની બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા બજેટ સત્રમાં મોંઘવારી, બેરોજગારી, ભરતીમાં થતા કૌભાંડો તેમજ કુદરતી આપત્તિ, ટેકાના ભાવે થતી ખરીદી કૌભાંડ સહિતની મુદ્દાઓ અંગે વિધાનસાગૃહમાં ચર્ચા કરી કામકાજ સમિતિમાં સમક્ષ રજૂઆત મૂકી હતી.

## ગુજરાત હાઉસિંગ બોર્ડના ટેન્ડરોમાં ગોટાળા જ ગોટાળા

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

રિડેવલપમેન્ડના માર્ગમા રોળાં નાખતા સ્કીમના ૨૫ ટકા સભ્યના મકાનો કલમ ૬૦-એની જોગવાઈ હેઠળ મકાનમાલિકોને ગેરકાયેદસર કબજેદાર ઘોષિત કરીને બિલ્ડરોને પ્રોજેક્ટને આગળ વધારવાનો માર્ગ કરી આપતા ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ જ બિલ્ડરો દ્વારા પરફોર્મન્સ બોન્ડના અને સિક્યોરિટી ડિપોઝિટ્સના નાણાં જમા ન કરાવવામાં આવતા હોવા છતાંય આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. પરિણામે રિડેવલપમેન્ટના પ્રોજેક્ટ ચાર ચાર વર્ષથી અદ્ધરતાલ લટકી રહ્યા છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના જ નિયમ મુજબ બિલ્ડરને લેટ ઓફ એક્સેપ્ટન્સ આપ્યા પછી ૧૨૦ દિવસમાં બિલ્ડરે પરફોર્મન્સ બોન્ડના અને સિક્યોરિટી ડિપોઝિટના નાણાં જમા કરાવવાના હોય છે. પરંતુ આ નાણાં જમા ન કરાવનારા બિલ્ડરના ટેન્ડર કેન્સલ કરવામાં આવતા જ નથી. અમદાવાદના નારણપુરા વિસ્તારની ટીપી સ્કીમ નંબર ૨૮ અને ૨૯ની અંદાજે ૫ લાખ ચોરસ મીટર જમીન ઉપરાંત પૂર્વ અમદાવાદના વિસ્તારોની જમીનનો અંદાજે રૂા. ૧ લાખ કરોડનું મૂલ્ય થાય છે. તેના પર રિડેવલપમેન્ટના ખાસ્સા કામકાજ થઈ શકે તેમ છે. પરંતુ ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોના વર્તમાન કબજેદારોને ક્ષુલ્લક લાભ આપીને તેમની શોષણ કરાવવામાં બિલ્ડરોને સાથ આપી મોટો આર્થિક લાભ કરાવી રહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. બિલ્ડરને લેટર ઓફ એક્સેપ્ટન્સ આપ્યા બાદ ટેન્ડરની શરત મુજબ ૧૨૦ દિવસમાં ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ કરવાનો હોય છે. પરંતુ રિડેવલપમેન્ટના પ્રોજેક્ટ લેનારા બિલ્ડરો ૧૨૦ દિવસની સમયમર્યાદામાં રિડેવલપમેન્ટના કરાર પણકરતા નથી. નારણપુરાના શાસ્ત્રીનગરના શીતઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ને લેટર ઓફ એક્સેપ્ટન્સ આપ્યા બાદ ૧ વર્ષ પૂરું થવા આવ્યું હોવા છતાંય તેમે ત્રિપક્ષી કરાર કર્યા જ નથી. પરિણામે રિડેવલપમેન્ટના કામકાજ ખોરવાઈ રહ્યા છે. શીતલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની સિક્યોરીટી ડિપોઝિટ અને પરફોર્મન્સ બોન્ડના નાણાં જપ્ત કરી દેવાનો ઓર્ડર પણ કરી દેવામાં આવ્યો છે. પરંતુ ટેન્ડર કેન્સલ કરવામાં આવ્યા નથી. પરિણામે એમ-૫ બ્લોક ૮થી ૧૬ના મકાનના કબજેદારો હેરાન થઈ રહ્યા છે.એમઆઈજી-૪૮માં બ્લોક નંબર ૪૦થી ૪૫માં નેગેટીવ પ્રીમિય સ્વીકારીને બોર્ડને પણ મોટું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

## વિશેષ

### મહાકુંભ ૨૦૨૫

# ભારતીય રેલવે પૃથ્વી પરના સૌથી ભવ્ય આધ્યાત્મિક મેળાવડાની સુવિધા આપી રહી છે

। અમદાવાદ ।

પ્રયાગરાજમાં ૨૦૨૫માં યોજાનારા મહાકુંભ મેળામાં ૫૩ કરોડ પવિત્ર સ્નાન થયા છે, જે તેને વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો બનાવે છે.

દરરોજ લાખો શ્રદ્ધાળુઓ આવતા હોવાથી, ભારતીય રેલવે યાત્રાળુઓના સરળ પરિવહનનું સંચાલન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

મહાકુંભ વિસ્તાર માટે છેલ્લા ૩ વર્ષમાં રૂા. ૫,૦૦૦ કરોડના ખર્ચે મોટા પાયે લોજિસ્ટિક્સ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે જેથી તમામ પ્રવાસીઓ માટે સરળ અનુભવ સુનિશ્ચિત થાય. આમાં અન્ય બાબતોની સાથે, અપગ્રેડ કરેલ રેલવે સ્ટેશન, ૧૩,૦૦૦ થી વધુ ટ્રેનો દોડાવવાની શેડ્યૂલ અને અદ્યતન ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે. ભારતીય રેલવે આ ભવ્ય આધ્યાત્મિક દર્શનની સુવિધા કેવી રીતે કરી રહી છે તેના પર એક નજર નાખો .

૧. મહાકુંભ ૨૦૨૫ માટે વિશાળ રેલવે સંચાલન

સીમલેસ મુસાફરી માટે ટ્રેન ડાયવર્ઝન

- મુસાફરોની અવરજવરને પ્રાધાન્ય આપવા માટે તમામ માલસામાન ટ્રેનોને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) માં ડાયવર્ટ કરવામાં આવી છે.
- શંટીંગ કામગીરીને ટાળવા માટે બંને બાજુએ ટ્રેન સેટ અથવા એન્જિન સાથે ૨૦૦ રેક્સ તૈનાત કરવામાં આવ્યા છે.

ટ્રેન સેવાઓની અભૂતપૂર્વ સંખ્યા

- ૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ૧૩,૦૦૦ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૨,૫૮૩ ટ્રેનો ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં દોડી ચૂકી છે.
- પીક પેસેન્જર ફ્લોનું સંચાલન કરતી ઈન્ડિયન રેલવે :

૧૩મી જાન્યુઆરી ૨૦૨૫ થી, પ્રયાગરાજ કુંભ વિસ્તારમાંથી દ્વારા ૩.૦૯ કરોડ યાત્રાળુઓનું સંચાલન કરવામાં આવ્યું છે.

- ૧૭મી તારીખે ૧૮.૬૦ લાખ મુસાફરો અને ૧૬ મી ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ૧૮.૪૮ લાખ મુસાફરોએ મુસાફરી કરી, જે છેલ્લા બે દિવસમાં સૌથી વધુ મુસાફરોની મુસાફરીમાંની એક છે.
- અન્ય મહત્વપૂર્ણ ટોચની તારીખોઃ
- ૧૫ ફેબ્રુઆરીઃ ૧૪.૭૬ લાખ મુસાફરો
- ૧૨ ફેબ્રુઆરીઃ ૧૭ લાખ મુસાફરો
- ૧૦ મી અને ૧૧ જાન્યુઆરીઃ ૧૪ લાખથી વધુ મુસાફરો
- ૩૦ જાન્યુઆરીઃ ૧૭.૫૭ લાખ મુસાફરો
- ૨૯ જાન્યુઆરીઃ ૨૭લાખ મુસાફરો
- ૨૮ જાન્યુઆરીઃ ૧૪.૧૫ લાખ મુસાફરો
- ૧૪ જાન્યુઆરીઃ ૧૩.૮૭ લાખ મુસાફરો

૨. રેલવે સ્ટેશનો પર પેસેન્જર સુવિધાઓ

શ્રદ્ધાળુઓના વિશાળ ધસારાને પહોંચી વળવા માટે, ભારતીય રેલવે એ નીચેની બાબતો સુનિશ્ચિત કરી છેઃ

સુધારેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- ભીડનું સંચાલન કરવા માટે બીજા પ્રવેશદ્વાર સાથે ૯ રેલવે સ્ટેશનો.
- સરળ મુસાફરોની અવરજવર માટે ૪૮ પ્લેટફોર્મ (PF) અને ૨૧ ફૂટ ઓવર બ્રિજ (FoB).

ભારતીય રેલવે એ વ્યાપક દેખરેખ પ્રણાલીના ભાગ રૂપે પ્રયાગરાજ મેળા ક્ષેત્રમાં નવ સ્ટેશનો પર ૧,૧૮૬ CCTV કેમેરા સ્થાપિત કર્યા છે.

- રાહ જોઈ રહેલા મુસાફરોનું સંચાલન કરવા માટે ૨૩ કાયમી હોલ્ડિંગ વિસ્તારો.

મુખ્ય સ્ટેશનો પર ૧૨ ભાષાઓમાં જાહેરાતોઃ પ્રયાગરાજ, નૈની, છિવકી અને સુબેદારગંજ

ટિકિટિંગમાં સુધારો

- ટિકિટિંગ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે ૧૫૧ મોબાઈલ યુટીએસ ટિકિટિંગ પોઈન્ટ સહિત ૫૫૪ ટિકિટિંગ વ્યવસ્થા.

૩. મુખ્ય રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ

ભારતીય રેલવે એ સીમલેસ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ કર્યું છેઃ

- મુખ્ય રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે
- ૩,૭૦૦ કરોડનું રોકાણ, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ
- બનારસ-પ્રયાગરાજ રેલ ડબલિંગ, જેમાં નવા ગંગા બ્રિજનો સમાવેશ થાય છે.
- ટ્રેન ક્ષમતા વધારવા માટે ફાફામઉ-જાંઘાઈ રેલનું ડબલિંગ.
- રોડ અને રેલની ગતિશીલતા વધારવા માટે ૨૧ નવા રોડ ઓવર બ્રિજીસ (ROB) અને રોડ અન્ડર બ્રિજીસ (RUB).
- સરળ મુસાફરોના નેવિગેશન માટે રંગ-કોડેડ સિસ્ટમ

મુસાફરોની ઓળખ સરળ બનાવવા અને દિશા પ્રમાણે અલગ કરવા માટે યાત્રી આશ્રયો, હોલ્ડિંગ એરિયા અને ટિકિટોનું કલર કોડિંગ કરવામાં આવ્યું છેઃ

- લાલઃ લખનૌ, અયોધ્યા અને વારાણસી
- વાદળીઃ ડીડીયુ, સાસારામ, પટના
- પીળોઃ માણિકપુર, ઝાંસી, સતના, કટની (મધ્ય પ્રદેશ વિસ્તાર)
- લીલોઃ કાનપુર, આગ્રા, દિલ્હી

૪. મજબૂત સુરક્ષા અને ભીડનું સંચાલન

મુસાફરોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને, રેલ્વે અધિકારીઓએ વ્યાપક સુરક્ષા પગલાં અમલમાં મૂક્યા છેઃ

- મલ્ટીપલ સ્તરો પર સ્થાપિત નિયંત્રણ કેન્દ્ર
- સ્ટેશન લેવલ , ડિવિઝન લેવલ, ઝોનલ લેવલ અને રેલ્વે બોર્ડ લેવલ.

સુરક્ષા ડિપ્લોયમેન્ટ

- ૧૩,૦૦૦ રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) કર્મચારીઓ.
- ૧૦,૦૦૦ સરકારી રેલ્વે પોલીસ (GRP) અને અર્ધલશ્કરી કર્મચારીઓ મુખ્ય સ્થળોએ તૈનાત છે.
- ટ્રેનની સરળ કામગીરી સુનિશ્ચિત કરવા માટે ૩,૦૦૦ રનિંગ સ્ટાફ નિયુક્ત.

મહાકુંભ ૨૦૨૫ માં ૫૩ કરોડ સ્નાન પૂર્ણ થયા પછી, ભારતીય રેલવે ખાતરી કરી રહ્યું છે કે લાખો શ્રદ્ધાળુઓ સલામત અને આરામથી મુસાફરી કરી શકે. ખાસ ટ્રેનોથી લઈને અદ્યતન ભીડ નિયંત્રણ પગલાં સુધી, રેલવે નેટવર્ક વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડાને કાર્યક્ષમ રીતે સંભાળી રહ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨





નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે કતાર રાજ્યના અમીર શેખ તમીમ બિન હમદ AL થાનીના ઔપચારિક સ્વાગતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઉપસ્થિત રહ્યા.

**ન્યૂઝ બ્રિફ**

## ભાઈએ બહેનનો ફોન તોડી નાખ્યો, ગુસ્સામાં બહેને કૂવામાં કુદકો માર્યો



। (એજન્સી) પુદુકોટ્ટઈ, તા.૧૮ ।

આ જિંદગી પણ ગજબના ખેલ બતાવે છે. ક્યારેક હસાવે છે, તો ક્યારેક રડાવે છે. તમિલનાડૂના પુદુકોટ્ટઈના મંડૈયૂરમાં જે થયું તે કોઈ હચમચાવી નાખી ફિલ્મી કહાનીથી જરાંયે ઉતરતી નથી. પણ અફસોસ, આ કોઈ ફિલ્મ નથી. હકીકત હતી. પુદુકોટ્ટઈના મંડૈયૂરમાં એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે, જ્યાં સિથિરાઈકુમાર અને જીવિતાનું જીવન આખું બદલાઈ ગયું. સિથિરાઈકુમાર અને જીવિતા, આમ તો દંપત્તિ છે. ઘરમાં ખુશીઓ હતી. ૧૮ વર્ષનો દીકરો અને ૧૧ વર્ષની દીકરી, મતલબ ભાઈ બહેનની પ્રેમાળ જોડી, જે ક્યારેક રમતી તો ક્યારેક ટકરાર પણ કરી લેતી, પણ કોણ જાણતું હતું કે, એક નાની એવી ભૂલ આટલું મોટું તોફાન લઈને આવશે. ઘટનાના દિવસે જ્યારે બંને ઘરમાં હતા, તેમના વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થઈ ગયો અને ભાઈએ બહેનનો ફોન તોડી નાખ્યો. જે બાદ ગુસ્સામાં લાલઘૂમ થયેલી બહેન દોડી અને સીધી કૂવામાં છલાંગ લગાવી દીધી. બહેનને કૂદતી જોઈ ભાઈએ પણ તેને બચાવવા માટે કૂવામાં કૂદી પડ્યો.

## કર્ણાટકમાં એક જ ઘરમાં ચાર લોકોના મૃતદેહ મળી આવતા સનસનાટી

। (એજન્સી) મૈસુર, તા.૧૮ ।

કર્ણાટકના મૈસુરમાં સોમવારે વિશ્વેશ્વરનગરમાં એક એપાર્ટમેન્ટ માંથી એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવ્યા હતા. ૪૫ વર્ષીય ચેતન નામના શખ્સે તેની પત્ની રૂપાલી, માતા પ્રિયમવદા અને ૧૫ વર્ષીય પુત્ર કુશલને ઝેર આપ્યા પછી બીજા રૂમમાં ગળે ફાંસો લગાવીને આત્મહત્યા કરી લીધી. પોલીસના જણાવ્યા અનુસાર, આત્મહત્યાનું કારણ સામે આવ્યુ નથી અને કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી.'' તેથી આ હત્યા કે આત્મહત્યા તે પ્રશ્ન છે. કર્ણાટકના મૈસુરમાં એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવતા વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. મૃતકોની ઓળખ હસન જિલ્લાના ગોરુર ગામના ૪૫ વર્ષીય વેપારી ચેતન, તેમની ૪૩ વર્ષીય પત્ની રૂપાલી, ૧૫ વર્ષીય પુત્ર કુશલ અને ચેતનની ૬૨ વર્ષીય માતા પ્રિયમવદા તરીકે થઈ છે. પોલીસના એક અધિકારીએ પ્રારંભિક તપાસના હવાલાથી જણાવ્યું કે શંકા છે કે ચેતને પોતાના પરિવારના સભ્યોને ઝેર આપ્યું અને પછી પોતે ફાંસી લગાવી દીધી. જોકે, તેમના મોતના યોગ્ય કારણનો ખુલાસો થઈ શક્યો નથી. પોલીસે કહ્યું કે હત્યા કે આત્મહત્યા છે તે ઘટનાની વિસ્તૃત તપાસ શરૂ કરી દેવાઈ છે. એવી શંકા છે કે ચેતને પરિવારજનોને ઝેર આપીને પોતે પણ આત્મહત્યા કરી.

### ચેમ્પિયન્સ ટ્રોફી પર આતંકી ખતરો તોળાઈ રહ્યો છે

# પાકિસ્તાને એર સ્ટ્રાઈક કરી છે, જેમાં ૧૦૦ લોકોના મોત

### અફઘાનિસ્તાન પર પાકિસ્તાનના આ હવાઈ હુમલા બાદ ખેલાડીઓની સુરક્ષા પર પણ સવાલો ઉઠી રહ્યા છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૮ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પાકિસ્તાનમાં ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કરાચીના નેશનલ સ્ટેડિયમમાં રમાશે. ૨૯ વર્ષ બાદ આ પ્રથમ ICC ઈવેન્ટ છે, જેનું આયોજન પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યું છે. આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેવા માટે અફઘાનિસ્તાનની ટીમ પાકિસ્તાન પહોંચી છે, પરંતુ બીજી તરફ પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એર



સ્ટ્રાઈક કરી છે. રિપોર્ટ અનુસાર, અડધી રાત્રે થયેલા આ હવાઈ હુમલામાં લગભગ ૧૦૦ લોકો માર્યા ગયા છે. અફઘાનિસ્તાન પર પાકિસ્તાનના આ હવાઈ હુમલા બાદ ખેલાડીઓની સુરક્ષા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. અફઘાનિસ્તાનના ખેલાડીઓ હાલ પાકિસ્તાનમાં છે, પરંતુ બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં નવો વિવાદ ઉભો થયો છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભાગ લેવા માટે અફઘાનિસ્તાનની ટીમ ૧૨ ફેબ્રુઆરીએ પાકિસ્તાન પહોંચી હતી. ચાર દિવસ પછી ૧૬ ફેબ્રુઆરીની રાત્રે પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં આતંકવાદી લક્ષ્યો પર હવાઈ હુમલા કર્યા. પાકિસ્તાની વાયુસેનાએ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન (TTP)ના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા.

### ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા BCCIએ કરી મોટી જાહેરાત

# હવે ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેમના પરિવાર સાથે દુબઈ જઈ શકશે

### પાકિસ્તાન દ્વારા આયોજિત મેગા ઈવેન્ટ માટે ટીમ ઈન્ડિયા દુબઈ પહોંચી ગઈ છે અને દુબઈમાં જોરશોરથી તૈયારીઓમાં વ્યસ્ત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની શરૂઆત પહેલા ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓને સારા સમાચાર મળ્યા છે. પાકિસ્તાન દ્વારા આયોજિત મેગા ઈવેન્ટ માટે ટીમ ઈન્ડિયા દુબઈ પહોંચી ગઈ છે અને દુબઈમાં જોરશોરથી તૈયારીઓમાં વ્યસ્ત છે. આ ટૂર્નામેન્ટની તૈયારી દરમિયાન BCCIએ રોહિત શર્મા એન્ડ કંપનીને એક મોટી ભેટ આપી છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે મોટા સમાચાર એ છે કે હવે ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફી માટે તેમના પરિવાર સાથે દુબઈ જઈ શકશે. જોકે,



આ માટે બોર્ડ દ્વારા બહુ છૂટ આપવામાં આવી નથી. પરંતુ જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો કહેવામાં આવી રહ્યું છે કે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને તેમના પરિવારજનો સાથે રાખવાની મંજૂરી આપવામાં આવી છે. પરંતુ એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે ખેલાડીઓ દુબઈમાં માત્ર એક જ મેચમાં તેમના પરિવારના સભ્યોને સાથે લઈ જઈ શકશે. બીસીસીઆઈ દ્વારા આપવામાં આવેલી આ છૂટથી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને રાહત મળી છે. જો કે, આ અંગેની સત્તાવાર માહિતી હજુ સામે આવી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બોર્ડે કહ્યું છે કે જો કોઈ ભારતીય ખેલાડી તેના પરિવારને દુબઈ લઈ જવા ઈચ્છે છે તો તે માત્ર એક મેચ માટે જ લઈ જઈ શકે છે. તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાની શરમજનક હાર બાદ બોર્ડે ઘણી કડકતા દાખવી હતી.




પટનામાં BPSCની ૭૦મી પ્રિલિમ પરીક્ષા રદ કરવાની માગણી સાથે વિરોધ પ્રદર્શન દરમિયાન ઉમેદવારોએ સૂત્રોચ્ચાર કર્યા.

**RPFના રિપોર્ટમાં ધડાકો કરાયો**

## નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી નાસભાગમાં તંત્રની જ બેદરકારી



। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮ ।

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગ અંગે આરપીએફએ રિપોર્ટ તૈયાર કર્યો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રેલવેની જાહેરાત બાદ પ્લેટફોર્મ નંબર ૧૨-૧૩ થી ૧૬ સુધી મુસાફરોની ભીડ દોડવા લાગી હતી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણ રીતે બ્લોક થઈ ગયા હતા. સ્ટેશન પર સતત વધી રહેલી ભીડને ધ્યાનમાં રાખીને RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડાયરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી દોડાવવાની સલાહ આપી હતી. અહેવાલમાં જણાવાયું છે કે નાસભાગ રાત્રે ૮:૪૮ કલાકે થઈ હતી. નાસભાગ બાદ રાહત સહાય પૂરી પાડવામાં ૪૦ મિનિટથી વધુનો વિલંબ થયો હતો. આરપીએફના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે શનિવારે રાત્રે ૮ વાગ્યે પ્લેટફોર્મ નંબર ૧૨ પરથી શિવગંગા એક્સપ્રેસ રવાના થયા બાદ પ્લેટફોર્મ પર મુસાફરોની ભારે ભીડ એકઠી થવા લાગી, જેના કારણે પ્લેટફોર્મ નંબર ૧૨, ૧૩, ૧૪, ૧૫,૧૬ તરફ જતા રસ્તાઓ સંપૂર્ણપણે જામ થઈ ગયા હતા. આ પછી, RPF ઈન્સ્પેક્ટરે સ્ટેશન ડિરેક્ટરને સ્પેશિયલ ટ્રેન ઝડપથી ચલાવવાની સલાહ આપી અને પ્રયાગરાજ માટે દર કલાકે ૧૫૦૦ ટિકિટ વેચતી રેલવે ટીમને તરત જ ટિકિટનું વેચાણ બંધ કરવા કહ્યું હતું. આરપીએફના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સીસીટીવી ફૂટેજમાં વધતી ભીડ જોયા બાદ સ્ટેશન ડાયરેક્ટરને ટિકિટ આપવાનું બંધ કરવા માટે કહેવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, જ્યારે RPF સ્ટાફ ૮:૪૫ વાગ્યે ગીચ FOB 2 અને ૩ ને ખાલી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે એક જાહેરાત કરવામાં આવી હતી કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૨ થી રવાના થશે. થોડા સમય પછી, સ્ટેશન પર ફરીથી જાહેરાત થઈ કે કુંભ સ્પેશિયલ ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૬ પરથી રવાના થશે. જે બાદ મુસાફરોમાં નાસભાગ મચી ગઈ હતી. આરપીએફના જણાવ્યા અનુસાર, ડ્યુટી સ્ટેશન ઈન્ચાર્જને રાત્રે ૮:૪૮ કલાકે નાસભાગની જાણ થઈ હતી. રેલ્વે દ્વારા કરવામાં આવેલી જાહેરાત સાંભળીને, પ્રયાગરાજ સ્પેશિયલના મુસાફરોએ પ્લેટફોર્મ ૧૨-૧૩ અને ૧૪-૧૫ પરથી સીડીઓ દ્વારા ફૂટ ઓવર બ્રિજ ૨ અને ૩ પર ચઢવા માટે દોડવાનું શરૂ કર્યું હતું. દરમિયાન બીજી ટ્રેનના મુસાફરો સીડી પરથી ઉતરી રહ્યા હતા, ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી અને આ અંધાધૂંધીમાં કેટલાક લોકો લપસીને પડી ગયા હતા, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. આ અકસ્માત રાત્રે ૮.૪૮ કલાકે થયો હતો.

### રાજીવ કુમાર રિટાયર થઈ રહ્યા છે

# આગામી મુખ્ય ચૂંટણી કમિશ્નર તરીકે જ્ઞાનેશ કુમારના નામ પર મહોર લાગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ થયેલી બેઠકમાં નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારના નામને મંજૂરી મળી છે. હાલના મુખ્ય ચૂંટણી કમિશનર રિટાયર થયા પછી જ્ઞાનેશ કુમાર આ પદ સંભાળશે. ૧૯૮૮ બેચના કેરળ કેડરના આઈએએસ અધિકારી જ્ઞાનેશ કુમાર ગયા વર્ષે માર્ચથી ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી રહ્યા છે. રાજીવ કુમાર કાલે, ૧૮ ફેબ્રુઆરીએ રિટાયર થઈ રહ્યા છે. મુખ્ય ચૂંટણી આયુક્તની નિમણૂક માટે એક પસંદગી સમિતિ દ્વારા નામ નક્કી કરવામાં




આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં સોમવાર સાંજે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને ગૃહ મંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. અહીં ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે લાંબી કાનૂની લડત બાદ પોતાના એક નિર્ણયમાં CECની નિમણૂક માટે પસંદગી સમિતિ માટે પદાધિકારીઓ નક્કી કર્યા હતા.

### CPCBના રિપોર્ટમાં ખુલાસો

# મહાકુંભમાં સ્નાન કરવા સંગમનું પાણી યોગ્ય નહિ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૮ ।

પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભનું આયોજન વધુ ભવ્ય રીતે કરવામાં આવ્યું છે, જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે. મહાકુંભમાં દેશ-વિદેશથી લોકો આસ્થાની ડૂબકી લગાવવા માટે આવી રહ્યાં છે. ત્યારે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ના એક રિપોર્ટના માધ્યમથી સોમવારે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ને જાણ કરવામાં આવી હતી કે પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન વિવિધ સ્થળોએ ગંદા પાણીનું સ્તર



સ્નાન માટે પાણીની મૂળભૂત ગુણવત્તાને અનુરૂપ નથી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) એ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ને સુપરત કરેલા અહેવાલમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પ્રયાગરાજમાં સંગમનું પાણી મહાકુંભ દરમિયાન સ્નાન કરવા યોગ્ય નથી.

# રણવીર અલ્હાબાદિયાનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮ ।

લોકપ્રિય યુટ્યુબર રણવીર અલ્હાબાદિયા વિવાદોમાં ફસાયેલા છે. સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં જવું અને અભદ્ર મજાક કરવી તેના માટે ભારે પડ્યું. મામલો એટલો વધી ગયો કે ઘણા રાજ્યોમાં તેની વિરુદ્ધ FIR નોંધાઈ. આની વિરુદ્ધ યુટ્યુબરે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જેના પર મંગળવારે સુનાવણી યોજાઈ હતી. સુપ્રીમ કોર્ટે રણવીરને ધરપકડમાંથી રાહત આપી છે. પરંતુ તેની સાથે કેટલીક શરતો પણ રાખવામાં આવી છે. આ



ઉપરાંત, કોર્ટે રણવીરને તેના માતાપિતા વિશે અભદ્ર ટિપ્પણીઓ કરવા બદલ ઘણી ઠપકો આપ્યો. તેમના શબ્દોને અશ્લીલ અને વાંધાજનક ગણાવવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટે રણવીરની અરજી પર નોટિસ જારી કરી છે. જ્યારે પણ રણવીરને પૂછપરછ માટે બોલાવવામાં આવશે, ત્યારે તેણે તપાસમાં જોડાવું પડશે. -હવેથી, રણવીર વિરુદ્ધ સમાન આરોપોમાં કોઈ નવી FIR દાખલ કરવામાં આવશે નહીં. જયપુરમાં નોંધાયેલી FIRમાં રણવીરને ધરપકડથી પણ રાહત મળી છે. -રણવીરે પોતાનો પાસપોર્ટ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવો પડશે. કોર્ટની પરવાનગી વિના તે દેશની બહાર જઈ શકશે નહીં. -રણવીર અને તેના સાથીઓ આગામી આદેશ સુધી ઈન્ડિયા'ઝ ગોટ ટેલેન્ટ શોમાં ભાગ લેશે નહીં. -સુપ્રીમ કોર્ટે યુટ્યુબરને અભદ્ર ટિપ્પણીઓ બદલ ફટકાર લગાવી. કોર્ટે કહ્યું છે કે તેમનું મન ગંદકીથી ભરેલું છે. તે તેના માતાપિતાનું અપમાન કરી રહ્યા છે. -જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું, શું તમે કલાના નામે લાઈસન્સ મેળવ્યું છે? તેમની ભાષા અપમાનજનક અને વાંધાજનક હતી. વકીલ ચંદ્રચુડે કહ્યું કે એક જ ટિપ્પણી માટે અલગ અલગ FIR દાખલ કરવી એ કાનૂની પ્રક્રિયાનો દુરુપયોગ છે. -જસ્ટિસ સૂર્યકાંત- જ્યાં સુધી રણવીરને મળી રહેલી ધમકીઓનો સવાલ છે, કાયદો તેનું કામ કરશે.

## તંત્રી લેખ...

# ભારતમાં બમ્પર ભરતી સાથે વિસ્તરણ કરશે ટેસ્લા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન ઈલોન મસ્ક સાથેની બેઠક ફળી છે. વિશ્વની ટોચની બીજા ક્રમની ઈવી કંપની ટેસ્લાના માલિક મસ્કે ભારત માટે વિસ્તરણ યોજના રજૂ કરતાં મોટી સંખ્યામાં ભરતી કરવાની જાહેરાત કરી છે. કંપનીએ તેના લિંક્ડઈન પેજ પર વિવિધ ૧૩ કેટેગરી માટે ૨૦૦૦થી વધુ ભરતી કરવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં જ અમેરિકામાં ટેસ્લાના માલિક ઈલોન મસ્કને મળ્યા હતા. તેમજ તેમણે પણ ટેસ્લા ભવિષ્યમાં ભારતમાં મોટાપાયે રોકાણ કરે તેવી સંભાવનાઓ દર્શાવી હતી. વડાપ્રધાન મોદીએ ઈલોન મસ્ક સાથેની બેઠક અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મેં ઈલોન મસ્ક સાથે મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સના વિઝન સાથે ભારતના વિવિધ ક્ષેત્રે સુધારાઓ વિશે ચર્ચા કરી હતી. ટેસ્લા પાવર ઈન્ડિયાએ હાલમાં જ જૂની બેટરીઓની જાળવણી અને સમારકામ કરી વેચવા પોતાની બેટરી બ્રાન્ડ રિસ્ટોર લોન્ચ કરી હતી. જે હેઠળ તે ૨૦૨૬ સુધીમાં દેશભરમાં રિસ્ટોર બ્રાન્ડના ૫૦૦૦ સ્ટોર શરૂ કરશે. ટેસ્લા પાવર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર કવિન્દર ખુરાનાએ જણાવ્યું હતું કે, ભારતમાં બિઝનેસ વિસ્તરિત કરવાના ભાગરૂપે અમે ઈનોવેશન મારફત ટકાઉ લક્ષ્યો મેળવવા પ્રતિભાશાળી વ્યક્તિઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો ઉપયોગ કરવા માગીએ છીએ. અમારી ટી-મમાં નવી પ્રતિભાઓનું સ્વાગત કરતાં આ મિશનને વેગ આપવા સક્ષમ છીએ.મીડિયા રિપોર્ટ અનુસાર, ટેસ્લા દ્વારા ઓફર કરવામાં આવેલી ૨૦૦૦ નોકરીઓમાં ઓછામાં ઓછી પાંચ નોકરી દિલ્હી અને મુંબઈમાં છે. મુંબઈમાં કસ્ટમર એન્ગેજમેન્ટ મેનેજર, ડિલિવરી ઓપરેશન્સ સ્પેશ્યાલિસ્ટ જેવા પદ માટે વેકેન્સી છે. ભારત દ્વારા ઈ કારની આયાત પર ઊંચા ટેરિફના કારણે ટેસ્લા ઓટો સેગમેન્ટમાં ભારતમાં પ્રવેશી શકી નથી. જો કે, પોલીસીમાં મોટા ફેરફારોના કારણે ભારતમાં આગામી સમયમાં ટેસ્લા ઈવી સેગમેન્ટમાં મજબૂત ગ્રોથ નોંધાવે તેવી શક્યતા જોવા મળી છે. ભારતે મોંઘીદાટ કારની આયાત માટે પોતાની બેઝિક કસ્ટમ ડ્યૂટી ૧૦૦ ટાકથી ઘટાડી ૭૦ ટકા કરી છે. જેના લીધે સ્થાનિક બજારોમાં ઈવી કંપનીઓ ૪૧.૫ અબજ રૂપિયાનું રોકાણ કરવા તૈયાર છે.

## એમ સી મેરી કોમ, અવની લેખારા, અને સુહાસ યથિરાજે પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ૭મા એપિસોડમાં ભાગ લીધો




પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ઉદ્‌ઘાટન સમારંભમાં શરૂ કરેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓને આગળ ધપાવતા, આજે પ્રસારિત થયેલા સાતમા એપિસોડમાં આઈકોનિક રમતવીર એમ સી મેરી કોમ, અવની લેખારા અને સુહાસ યથિરાજ સામેલ થયા હતા. તેમણે શિસ્ત દ્વારા ધ્યેય નિર્ધારણ, સ્થિતિસ્થાપકતા અને તણાવ વ્યવસ્થાપન વિશે વાત કરી હતી. તેઓએ તેમના પોતાના જીવનના વ્યક્તિગત ટુચકાઓ અને તેઓએ તેમના જીવનમાં રમતગમતમાંથી શું શીખ્યા છે તે પણ શેર કર્યું. મેરી કોમે બોક્સિંગ એ મહિલાઓની રમત નથી તેવી લોકપ્રિય માન્યતાને કેવી રીતે નકારી કાઢી તે વિશે વાત કરી હતી, જેણે માત્ર પોતાના માટે જ નહીં પરંતુ દેશભરની મહિલાઓ માટે સામાજિક માન્યતાઓને પડકારી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાનાં એક્કર બનવાની સલાહનો ઉલ્લેખ કરીને એક પુત્રી, પત્ની અને માતા તરીકેની પોતાની ૨૦ વર્ષની સફરને યાદ કરી હતી. તેમણે સખત મહેનતના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો તેમજ સમર્પણ અને ખંત એ સફળતાના સાચા ચાલકો છે, તેના પર ભાર મૂક્યો હતો. સુહાસ યથિરાજે વિદ્યાર્થીઓને ભય જેવી નકારાત્મક લાગણીઓને દૂર કરવા માટે મનની શક્તિનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા, જેને તેમણે સફળતાના મુખ્ય અવરોધ તરીકે ઓળખાવી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભય પર કાબૂ મેળવવો એ જ કુદરતી રીતે પ્રદર્શન કરવાનો અને ઉત્કૃષ્ટ દેખાવ કરવાનો એકમાત્ર માર્ગ છે. "સૂર્યની જેમ ચમકવા માટે, વ્યક્તિએ સૂર્યની જેમ સળગવા માટે તૈયાર રહેવું જોઈએ," તેમણે વિદ્યાર્થીઓને સ્થિતિસ્થાપકતા અને નિશ્ચય સાથે પડકારોને સ્વીકારવા વિનંતી કરી. તેમણે સકારાત્મક ઊર્જાને ચેનલ કરવા માટે મ્યુઝિક થેરાપી સાથે પણ તેમને પરિચય કરાવ્યો હતો અને માઈન્ડફુલ થિંકિંગના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, કારણ કે વિચારો વ્યક્તિના ભાગ્યને આકાર આપે છે. અવની લેખારાએ કૌશલ્ય વિકાસના મહત્વ પર ભાર મૂક્યો હતો અને સમજાવ્યું હતું કે કેવી રીતે યોગ્ય કુશળતા પ્રાપ્ત કરવાથી આત્મવિશ્વાસ વધે છે અને ભય ઓછો થાય છે. રમતગમતમાંથી સમાનતા દોરતા, તેમણે અભ્યાસમાં આરામ અને પુનઃપ્રાપ્તિના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ટોચની કામગીરી સુનિશ્ચિત કરવા માટે પરીક્ષા પહેલાં પૂરતી ઊંઘ લેવાની હિમાયત કરી હતી. તેમણે આત્મવિશ્વાસ વધારવા માટે એક પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપ્યું હતું. સત્ર દરમિયાન, વિદ્યાર્થીઓએ કારકિર્દીની પસંદગીઓ વિશે માતાપિતાને સમજાવવા, પડકારોનો સામનો કરવાની હિંમત વિકસાવવી અને ધ્યાન કેન્દ્રિત કરવા જેવા વિષયો પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. દુબઈ અને કતારના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. તેમજ મહેમાનો સાથે તેમના પ્રશ્નો શેર કર્યા હતા. બધા અતિથિઓએ સર્વાનુમતે ભારપૂર્વક જણાવ્યું હતું કે સખત મહેનત એ સફળતાની ચાવી છે અને શોર્ટકટ દ્વારા કંઈપણ પ્રાપ્ત કરી શકાતું નથી. વ્યાપક વિકાસને સુનિશ્ચિત કરવા માટે, વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ હસ્તીઓ - જેમાં સ્પોર્ટ્સ આઈકોન્સ, તકનીકી નિષ્ણાતો, સ્પર્ધાત્મક પરીક્ષાઓના ટોપર્સ, મનોરંજન ઉદ્યોગના વ્યાવસાયિકો અને આધ્યાત્મિક નેતાઓનો સમાવેશ થાય છે.

**વ્યક્તિગત શક્તિની વાત કરીએ તો સૌર ઉર્જા માનવીમાં સ્ફૂર્તિ સંચાર માટે સૌથી મહત્વની છે, અને હવે તો વૈજ્ઞાનિકોએ પણ સાબિત કર્યું છે**

# વિદેશમાં ચાહે ગમે તેટલું સુખ હોય! પણ સૂર્ય પ્રકાશ માટે ફાંફાં છે! અને એ થોડું ખટકે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે જેને જેને દેવ માન્યા છે એમાંથી જેને આપણે પ્રત્યક્ષ રૂપે જોઈ શકીએ અને અનુભવી શકીએ તેમજ તેની સકારાત્મક કલ્યાણની ભાવનાથી આપણું પોષણ થતું હોય, એવો જો કોઈ દેવ હોય તો એ સૂર્યદેવ છે, અને તેથી જ તેને સાક્ષાત દેવ પણ આપણે કહીએ છીએ.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અહીં જર્મનીમાં હમણાં સતત ધીમો ધીમો સ્નો ફોલ થાય છે, અને રસ્તાઓ એકદમ સફેદ રૂ જેવા બરફથી છવાઈ ગયાં છે. આકાશ માં સતત વાદળ છવાયેલાં રહે છે, અને એટલે માંડ માંડ એકાદ કલાક અજવાળું રહે ! કોઈ કોઈ વખત તો આંખો દિવસ લગભગ સૂર્યની ગેરહાજરી રહે છે. સૂર્ય પ્રકાશને કાયમ સકારાત્મકતાની દ્રષ્ટીએ જીવનમાં મુલવણી કરી હોવાથી આ વાતાવરણ થોડું એબ નોર્મલ લાગે, અને એમાં એડજેસ્ટ થવું અઘરું પડે!: જોકે એટલે જ અહીં પીળી લાઈટ નું ચલણ છે! પણ આપણે તો એ બાબત એકદમ દેશી, એટલે તડકો જોઈએ જ! વિદેશમાં ચાહે ગમે તેટલું સુખ હોય પણ આ એક બાબત તો દરેક ભારતીય ને ખટકે જ કે સૂર્ય પ્રકાશ આપણા દેશ જેટલો નથી. શિયાળામાં સૂર્ય હોય ત્યારે પણ ચાર વાગ્યાથી અંધારું શરૂ થઈ જાય! અને ઉનાળામાં રાતના દસ સુધી અજવાળું! આમ પ્રકૃતિ નું અસંતુલિત હોવું એ થોડું ખૂંચે! કારણકે આપણે તો સૂર્ય સાથે સતત જોડાયેલા! એટલે આ વિષમ પરિસ્થિતિમાં જાગૃતિ પણ દુર્લભ. આમ પણ અત્યારે નાનીમા મમતા નાં સોફ્ટ કોર્નરમાં રમી ને ભમી રહી છે, ત્યારે એને સૂર્ય પ્રકાશ કે જાગૃતિ વગર કેમ ચાલે! સૂર્ય એ આપણા માટે જીવાદોરી છે. આપણા હિન્દુ સનાતન ધર્મમાં માત્ર કાલ્પનિક દેવદેવીઓની વાત કરી નથી, તો એમાં સૂર્ય એ સૌથી વધુ શક્તિશાળી અને પ્રત્યક્ષ અનુભવી શકાય એવો દેવ છે. પ્રકૃતિની નિસ્વાર્થ સેવાની શક્તિથી પ્રકાશિત થતા સૂર્ય વિશે આજે આપણે ચિંતનમાં વાત કરીશું. આપણે જેને જેને દેવ માન્યા છે એમાંથી જેને આપણે પ્રત્યક્ષ રૂપે જોઈ શકીએ અને અનુભવી શકીએ તેમજ તેની સકારાત્મક કલ્યાણની ભાવનાથી આપણું પોષણ થતું હોય, એવો જો કોઈ દેવ હોય તો એ સૂર્યદેવ છે, અને તેથી જ તેને સાક્ષાત દેવ પણ આપણે કહીએ છીએ. ગાયત્રી વગેરેની ઉપાસનામાં સૂર્યની હાજરી પણ અનિવાર્ય હોય છે, વહેલી સવારના સૂર્યોદય પછીનો એક કલાક શરીર માટે પણ ખૂબ જ ફળદાયી સાબિત થાય છે, અને સૂર્ય ઊર્જાના તો કેટલા ઉદાહરણ આપીશું. સૂર્ય આપણને જાગૃતિનો બોધ પણ આપે છે, અને પોતે સળગીને પણ બીજાનું ભલું કરવું એવી એક અનેરી શીખ પણ આપે છે. રાય રંકના ભેદ વગર એ નિઃશુલ્ક પ્રકાશીને સંબંધોમાં પક્ષપાતની નીતિ ન રાખવી, એવું પણ સૂર્ય સૂચવે છે. આકાશ ગંગામાં સ્થિત એવા સર્વગ્રહો અંતે ભગવાન શંકરના મુખમાંથી નીકળ્યા છે એવી આપણે એકવાર વાત કરી હતી, અને એ વાતને રુદ્રી પાઠના અધ્યાય પૃષ્ઠ કરે છે. આમ તો રામાયણમાં કહ્યા મુજબ શિવ અને શક્તિ એ અભિન્ન છે, અને એટલે જ આપણે ત્યાં અર્ધ નારેશ્વરની પણ પરિકલ્પના છે. પરંતુ આપણે શક્તિ સંબંધી આજે સૂર્ય વિશે વાત કરવાની છે, અને આધુનિક વિજ્ઞાને સૌર શક્તિના ઉપયોગથી કઈ કેટલાય ઉપકરણો ચાલતા કર્યા છે. મુખ્યત્વે વીજળી ઉત્પન્ન કરતા સોલાર પ્લાન્ટની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે, દરેકની અગાસીમાં જોઈએ તો, આવાં સોલાર પ્લાન્ટ જોવા મળે છે, અને તો પણ તેની કેટલીએ શક્તિ હજી ઉપયોગમાં લીધાં વગર વેસ્ટ જાય છે, એટલી પ્રચંડ શક્તિ સૂર્ય ધરાવે છે. ભારત અને એશિયાના દેશોને સૌર શક્તિ પુષ્કળ પ્રમાણમાં મળી છે, પરંતુ જે મળ્યું હોય તેની કિંમત હોતી નથી, અને વિશ્વના અન્ય દેશો સૂર્યપ્રકાશ માટે વલખા મારતા પણ જોવા મળે છે. અમુક અમુક જગ્યાએ તો સૂર્યોદય થાય એટલે ઉત્સવ મનાવાય, એવી પરિસ્થિતિ છે, એટલે કે બહુ જ ઓછો સૂર્યપ્રકાશ જોવા મળે છે. આપણી માટે એવી કલ્પના કરવી પણ થોડું કઠિન છે, કારણ કે સૂર્યોદયથી જ આપણી સવાર પડે છે, અને સૂર્યાસ્ત એ આપણા દિવસનો અંત ગણાય છે, સૂર્યનાં ઉદય સાથે જ આપણામાં સ્ફૂર્તિ નો સંચાર થાય છે. અવકાશીય ગ્રહોના પરિભ્રમણને લગતા ખગોળશાસ્ત્રની રચના સર્વ પ્રથમ ભારતીય ઋષિમુનિઓએ કરી હતી, એમાં પણ યાજ્ઞવલ્ક ઋષિ એ આધુનિક સમયના રોલ મોડેલ ગણવામાં આવે છે. વ્યક્તિગત શક્તિની વાત કરીએ તો સૌર ઉર્જા માનવીમાં સ્ફૂર્તિ સંચાર માટે સૌથી મહત્વની છે, અને હવે તો વૈજ્ઞાનિકોએ પણ સાબિત કર્યું છે, કે સૌર શક્તિને કારણે માનવીમાં વિટામિન ડીનું બેલેન્સ જળવાઈ રહે છે. એના અભાવને કારણે કઈ કેટલાયે રોગ થાય છે, અને જો તેની પૂર્તિ પૂરતા પ્રમાણમાં હોય તો, માનવી કેટલીય પ્રકારના ગંભીર રોગથી બચી શકે છે. આ બધું જ આપણા ઋષિમુનિઓ જાણતાં હતાં એટલે જ વહેલી સવારે ધ્યાન ઈત્યાદીની પ્રણાલી આપણી સંસ્કૃતિ અથવા તો હિન્દુ સનાતન ધર્મ સાથે જોડાયેલી છે. ગાયત્રી અનુષ્ઠાનમાં પણ વહેલી સવારમાં સૂર્યોદય પહેલાં, અને સૂર્યોદય પછી એક કલાક એમ મંત્ર જાપ કરવાના હોય છે. સકારાત્મક જીવન જીવવા માટે સૂર્ય જેવો બીજો એક પણ વિકલ્પ નથી! એક તો આપણે તેને પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ, તેની શક્તિનો અનુભવ કરી શકીએ છીએ, તેની શક્તિથી ઉત્પન્ન થતી વનસ્પતિ તેમજ ખેતપેદાશોથી આપણું અસ્તિત્વ ટકી રહે છે, એ સત્ય પણ આપણે જાણીએ છીએ. આ ઉપરાંત સૌથી મોટો ગુણ કે એ પ્રકાશમાન છે, અને એ આપણને દિશાહીન થતાં બચાવે છે. પરંતુ આપણે તોય દિશાહીની થઈ ગયા એને હવે આપણી કરણી ગણવી કે આપણું પ્રારબ્ધ! કે આપણી પાસે આટલી મોટી સૌરશક્તિનો જથ્થો હોવા છતાં, વ્યક્તિગત રીતે આપણે તેનો એટલો ઉપયોગ કરી શક્યા નહીં!; અને અન્ય સંસ્કૃતિથી પ્રભાવિત થઈ એની પાછળ સમય બગાડ્યો. હજી પણ મોડું થયું નથી, હવે તો શિયાળો આવશે. શિયાળામાં તડકો તો આમ પણ ગમે! જીવનને સાચી દિશામાં દોર જે, એવી પ્રાર્થના સાથે શક્તિની આરાધના કરીએ છીએ,પણ શક્તિ સ્રોત પ્રત્યે બેખબર! આજકાલની યુવાની લેટ નાઈટ કલ્ચરને કારણે સવારે મોડી જાગે છે, અને એને કારણે તેને સૌર શક્તિનાં સકારાત્મક ભાવનો લાભ મળી શકતો નથી, અને એને કારણે યુવાની ગેરમાર્ગે દોરાવાની સંભાવના વધી જાય છે, જે નાની નાની વાતમાં હતાશ થઈ જાય છે, નિરાશ થઈ જાય છે, અને આત્મઘાતી પગલાં ભરતા પણ અચકાતી નથી. નિત્ય પ્રભાતે થોડો સમય જો સૂર્ય સામે માત્ર બેસવામાં આવે તો, પણ એ અંત્યંત લાભદાયી છે. આપણે સૌ સૂર્યનાં આવાં સકારાત્મક લાભ લઈને આપણાં જીવનમાં આપણાં સાચાં ધર્મ ને કર્મનાં મર્મ ને પકડી જીવી શકીએ, અને સૂર્ય જેમ અન્ય નું જીવન ઉજાળી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન, વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો**

# સફળતા ફક્ત સતત પ્રયત્નો દ્વારા જ પ્રાપ્ત થાય છે અને નિષ્ફળતા જીવનનો એક ભાગ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


**એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં આ સિદ્ધાંત મુજબ સમજાવતાં દ્દષ્ટાંત આપ્યું છે, અશોકવનમાં રામ વિરહમાં સીતાજી રામનું અખંડ ધ્યાન અને સ્મરણ કરે છે, સીતાજી ધ્યાનમાં તન્મય રહે છે કે, હું સીતા છું, તેમને થાય છે કે,હું જ રામ છું, આ કૈવલ્ય મુક્તિ, તેમણે એક વાર ત્રિજટાને કહ્યું કે, ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે.**


અત્યારે સીબીએસી બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે અને આગામી દિવસોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડગાંધીનગર દ્વારા ધો.૧૦ એસ.એસ.સી. ધો.૧૨ એચ.એસ.સી.ની પરિક્ષાઓ શરૂ થશે ત્યારે વિદ્યાર્થી જીવનમાં ધ્યાન એકાગ્રતા બહુ જરુરી છે.સારી સફળતા માટે ધ્યાન એકાગ્રતા વિશે થોડું જોઈએ. ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો પરમાત્માનું ધ્યાન કરતાં જીવ ઈશ્વરમાં મળી જાય. ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય. ધ્યાતા ધ્યાન અને ધ્યેય ત્રણે એક થઈ જાય. આજ મુક્તિ, આજ શુદ્ધ અદ્વૈત. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થવાં જોઈએ.તે એક થાયતો સમજવું કે,ધ્યાનમાં અને દર્શનમાં એકતાનતા થઈ. એકતાનતા થઈ એટલે તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ દેખાતું નથી. લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન. વ્યવહાર કરો,પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો. પનિહારીઓ પાણીનાં બેડાં ભરીને રસ્તેથી ઘરે આવતી હોય,ત્યારે રસ્તામાં તેઓ એક બીજી સાથે વાતો કરતી હોય છે પણ વાતચીતમાં તેઓનું ધ્યાન સતત માથા ઉપરનાં બેડાં ઉપર જ હોય છે. આવી રીતે સંસારના વ્યવહારો ઈશ્વરનું સ્મરણ રાખીને કરો. ખાંડની પૂતળીસાગરનું ઊંડાણ પામવા ગઈ. તે સાગરમાં વિલીન થઈ ગઈ પાછી ન જ આવી. તે સાગર સાથે મળી ગઈ તેમ ઈશ્વરમાં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી. જેમજેમ મન ધ્યાન કરે છે. તેમ તેમ જીવનો લય પરમાત્મામાં થાય છે. પછી જીવમાં જીવપણું રહેતું નથી. એક થાય છે ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે. ભક્તિનો ગરંમ ભલે દ્વૈતથી થાય, પણ તેની સમાપ્તિ અદ્વૈતમાં થાય છે.ભક્ત અને ભગવાન જુદા રહી શકતા નથી જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપથી અલગ કરી શકતા નથી. ઈશ્વર રસરૂપ છે. જે બ્રહ્મરસમાં ડૂબી ગયો,જે બ્રહ્મરૂપ થયો તેપછી પરમાત્માના સ્વાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતોનથી જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખ નિવૃત્તિ તો થાય છે,પણ આનંદનો અનુભવ થતો નથી.બ્રહ્મ જે રસાત્મક છે, આનંદાત્મક છે તેનો અનુભવ લેવા તેણે હું અલગ રહેવું પડે. થોડું દ્વૈત રાખવું પડે. તેથી ભક્ત કહે છેકે,હું મારા ભગવાનનો અંશ છું, હું મારા ભગવાનની ગોપી છું, મારે પરમાત્મા સાથે એક થવુંનથી મારે પરમાત્માની સેવા કરવી કે. ભક્ત જ્યારે લૌકિક દેહ છોડી અપ્રાકૃત શરીર ધારણ કરી ગોલોક ધામમાં પ્રવેશ કરે છે ત્યારે ભગવાનને આનંદ થાય છે કે,મારો અંશ મને મળવા આવ્યો. ભકિત કરતાં તુકારામ પાંડુરંગ બની ગયા. પણ તુકારામ કહે છે, કીર્તન કરવામાં મને આનંદ આવે છે તે પાંડુરંગ થવામાં નથી. જીવ ઈશ્વરથી જુદો રહે,તો તે રસનો અનુભવ કરી શકે છે. વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વર થી થોડો અલગ હે તેમ ઈચ્છે છે. ઈયળ ભમરીનું ચિંતન કરતાંકરતાં ભમરીરૂપ બની જાય છે, તેજ પ્રમાણે ઉવ બ્રહ્મનું ચિંતન કરતાં બ્રહ્મરૂપ બની જાય છે. આ થઈ કૈવલ્ય મુક્તિ,પણ વૈષ્ણવો આવી કેવલ્પ મુક્તિ ઈચ્છતા નથી તેઓ ઈશ્વરની પૂજા-સેવા કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા માટે થોડું દ્વૈત રાખે છે.જે વ્યાપક બ્રહ્મમાં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો પાણીનો સ્વાદ લઈ શકતો નથી,તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપને સ્વાનુભાવ કરી શકતો નથી.માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા- સ્મરણમાં શ્રેયાર્થતા અનુભવે છે. આ બંને સિદ્ધાંતો સત્ય છે. ખંડન મંડનની ભાંજગડ માં પડશો નહીં. પ્રભુ પણ ભેદાભેદ ભાવમાં માને છે. લીલામાં ભેદ માને છે, પરંતુ તત્ત્વદષ્ટિથી અભેદ છે. અભિન્ન હોવા છતાં સૂક્ષ્મ ભેદ છે. એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં આ સિદ્ધાંત મુજબ સમજાવતાં દૃષ્ટાંત આપ્યું છે. અશોકવનમાં રામ વિરહમાં સીતાજી રામનું અખંડ ધ્યાન- સ્મરણ કરે છે. સીતાજી ધ્યાનમાં તન્મય રહે છે કે, હું સીતા છું. તેમને થાય છે કે,હું જ રામ છું. આ કૈવલ્ય મુક્તિ.તેમણે એક વાર ત્રિજટાને કહ્યું કે, ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે, એમ રામજીનું ચિંતન કરતાં કરતાં હું રામ થઈ જઈશ? તો પછી રામજીની સેવા કોણ કરશે? પછી જગતમાં રામસીતા ની જોડી નહીં રહે. સીતાજીને રામરૂપ થવું નથી.તેમને તો રામજીની ચિંતા છે. સીતા થઈ રામજીની સેવા કરવામાં જે આનંદ છે,તે રામરૂપ થવામાં નથી. તેમને રામ થવામાં આનંદ નથી. ત્યારે ત્રિજટા કહે છે,ચિંતા ન કરો! પ્રેમ અન્યોન્ય હોવાથી રામજી તમારું ચિંતન કરતાંકરતાં સીતારૂપ થશે. રામ સીતાની જોડી જગતમાં કાયમ રહેશે. આ જ ભાગવતી મુક્તિનું રહસ્ય છે. વૈષ્ણવ આચાર્યો પહેલા દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈત પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેઓ કાલ્પનિક દ્વૈત રાખે છે, જેથી કનૈયાને ગોપી ભાવે ભજી શકાય. કહે છે મારે શ્રીકૃષ્ણ થવું નથી,મારે તો ગોપી થઈ શ્રી કૃષ્ણની સેવા કરવી છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે.આનું નામ અદ્વૈત મુક્તિ, કૈવલ્ય મુક્તિ, ભક્તો ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ. વિચાર પ્રધાન મનુષ્યો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે. ભાવના પ્રધાન મનુષ્યો જેનું હૃદય કોમળ છે, દ્રવે છે તેવા મનુષ્યો ભક્તિમાર્ગ પસંદ કરે છે. ઈશ્વરથી વિભક્ત ન થાય તેનું નામ ભક્તિ. સાધનોમાં ભક્તિ શ્રેષ્ઠ છે. ભક્તિશૂન્ય પુરુષોનાં સાધન નિષ્ફળ જાય છે. ભાગવતમાં જ્યાં જ્યાં ભક્તિ શબ્દ વપરાયેલો છે,ત્યાં તીવ્ર શબ્દ પણ સાથે વપરાયેલો છે. ભક્તિ તીવ્ર જોઈએ. તીવ્રતા વગરની સાધારણ ભક્તિ ન ચાલે. વૈરાગ્યની ઈચ્છાવાળા મુમુક્ષુ ભક્તે તીવ્ર ભક્તિ યોગથી પરમ પુરુષ પૂર્ણપરમાત્માનું પૂજન કરવું શુકદેવજી કહે, રાજન,કોઈપણ પ્રકારે મુક્તિ મેળવવી હોય, તો આરંભ માં ભોગનો ત્યાગ કરવો પડશે. ભોગી જ્ઞાનમાર્ગ માં કે ભક્તિ માર્ગમાં આગળ વધી શકશે નહીં.ભોગ ભક્તિ માં બાધક છે.ભોગ જ્ઞાનમાં પણ બાધક છે.ભોગ કરતાં ભોગના ત્યાગમાં અનંતગણું સુખ છે. ઈન્દ્રિયજન્ય સુખ સર્વ પ્રાણી ઓનું સરખું જ હોય છે.છપ્પન મણ રૂની તળાઈમાં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળે છે. મનુષ્યને શીખંડ ખાવામાં જે સુખ મળે છે તેવું સુખ ભૂંડને વિષ્ટા ખાવામાં મળે છે.મનુષ્યે બુદ્ધિપૂર્વક ભોગ છોડવા જોઈએ. ભોગમાં ક્ષણિક સુખ છે, ત્યાગમાં હંમેશ અનંતનું સુખ છે. ભોગથી શાંતિ મળતી નથી ત્યાગથી શાંતિ મળે છે. રાજા આજસુધી તે અનેક ભોગ ભોગવ્યા છે. હવે તારી એક-એક ઈન્દ્રિયને તું ભક્તિ રસનું દાન કર. ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કર. રાજન્ જેનું મરણ સમીપમાં આવ્યું છે, તે સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે, પરમાત્માનું ધ્યાન કર. ધીરે ધીરે સંયમને વધાર.સતત શ્રી કૃષ્ણનું ધ્યાન કરવું એ જ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે.ઈશ્વર સાથે તન્મય થાય તેને મુક્તિ મળે છે. રાજન, જન્મ તેનો સફળ થયો કે જેને ફરીવાર માના પેટમાં જવાનો પ્રસંગ જ ન આવે. ગર્ભવાસએ જ નરકવાસ છે. કર્મ અને વાસના લઈને જીવજન્મે છે,તેનો ગર્ભ વાસ એ નરકવાસ છે.આ દેહાભિમાન જ મિથ્યા છે. આજે છેલ્લે જોઈએ તો એક માણસ ક્યાંકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેણે રસ્તાની બાજુએ હાથીઓને બાંધેલા જોયા અને અચાનક થંભી ગયો. તેણે જોયું કે હાથીઓના આગળ ના પગમાં દોરડું બાંધેલું હતું તે જોઈને તેને આશ્ચર્ય થયું કે હાથીઓ જેવા વિશાળ જીવોને લોખંડની સાંકળોને બદલે માત્ર એક નાના દોરડાથી બાંધવામાં આવ્યા હતા! તે સ્પષ્ટ હતું કે હાથીઓ તેમના બંધન તોડી શકે છે અને જ્યારે પણ તેઓ ઈચ્છે ત્યારે ગમે ત્યાં જઈ શકે છે, પરંતુ કેટલાક કારણોસર તેઓ તેમ કરતા ન હતા. તેણે નજીકમાં ઉભેલા માહુતને પૂછ્યું કે આ હાથીઓ આટલી શાંતિથી કેવી રીતે ઉભા છે અને ભાગવાનો પ્રયાસ નથી કરી રહ્યા? ત્યારે માહુતે કહ્યું, "આ હાથીઓ નાનપણથી જ આ દોરડાથી બાંધેલા છે, તે સમયે તેમનામાં એટલી તાકાત નથી કે આ બંધન તોડી શકે. વારંવાર પ્રયત્નો કરવા છતાં પણ દોરડાને તોડી ન શકવાને કારણે, ધીમે ધીમે તેઓને વિશ્વાસ થઈ ગયો કે તેઓ આ દોરડાને તોડી શકતા નથી અને આ માન્યતા તેઓ મોટા થઈને પણ તેમની સાથે રહે છે, તેથી તેઓ ક્યારેય તોડવાની કોશિશ કરતા નથી." તે માણસને નવાઈ લાગી કે આ શક્તિશાળી પ્રાણીઓ ફક્ત એટલા માટે પોતાના બંધન તોડી શકતા નથી કારણ કે તેઓ તેમાં વિશ્વાસ કરતા હતા! આ હાથીઓની જેમ, આપણામાં થી કેટલા લોકો, ફક્ત ભૂતકાળની નિષ્ફળતાને કારણે, એવું માનવા લાગે છે કે હવે આપણે આ કામ કરી શકતા નથી અને આખું જીવન આપણે પોતે બનાવેલી માનસિક સાંકળોમાં ફસાઈને વિતાવીએ છીએ. વિદ્યાર્થી ભાઈ બહેનો યાદ રાખો કે નિષ્ફળતા જીવનનો એક ભાગ છે અને સફળતા ફક્ત સતત પ્રયત્નો દ્વારા જ પ્રાપ્ત થાય છે. જો તમે પણ એવા કોઈ બંધનમાં બંધાયેલા છો જે તમને તમારા સપના સાકાર કરતા અટકાવી રહ્યું છે તો તેને તોડી નાખો... તમે એક માણસ છો, હાથી નહીં. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### દસ વર્ષની મહેમત પછી, મુંબઈમાં પહેલો શો શરૂ કર્યો

# રણબીર કપૂરે લાઇફ સ્ટાઇલ બ્રાન્ડ શરૂ કરી

રણબીર કપૂરે શુક્રવારે મુંબઈમાં પોતાનો લાઇફ સ્ટાઇલ સ્ટોર લોંચ કર્યો છે. બાન્દ્રામાં તેણે 'આર્ક્સ'નામની બ્રાન્ડનો સ્ટોર શરૂ કર્યો છે. આર્ક્સ એ માત્ર એક નવી બ્રાન્ડ નથી પરંતુ તે રણબીર કપૂરની પોતાની વ્યક્તિગત સ્ટાઇલ છે, તેનું સ્નીકર્સ માટેનું પેશન અને સામાન્ય ફેશનમાં પણ ઉત્તમ ગુણવત્તા જાળવી રાખવા માટેની તેની શિસ્ત આ બ્રાન્ડમાં છલકાય છે. આર્ક્સમાં કાળજીપૂર્વક પસંદ કરેલા કેટલાંક કાપડમાંથી બનેલા આરામદાયક ફિટિંગ વાળા ટ્રાઉઝર, હંમેશા અને કોઈ પણ પ્રસંગે કે સ્થળે પહેરી શકાય એવા સફેદ ટી-શર્ટ, શર્ટ અને સ્ટાઈલિશ ફૂટવેર બનાવે છે. આ બ્રાન્ડના કપડાં અને એસેસરીઝ તરોતાજા, બિન્દાસ લૂક સાથે બારીકીથી બનાવવામાં આવ્યા છે, જેમાં રણબીર કપૂરની ફિલ્મી સફર તેમજ તેની સતત બદલાતી ફેશન સેન્સની પણ ઝલક જોવા મળશે. આર્ક્સ પાછળની પ્રેરણા અંગે રણબીરે તેની સ્ટાઈલ કઈ રીતે આરામદાયક હોવાની સાથે મુંબઈ સાથે લાંબું જોડાણ ધરાવે છે, તે વિશે વાત કરી. તેણે કહ્યું, "મેં દુનિયના ઘણા શહેરોનો પ્રવાસ કર્યો છે. પરંતુ મને મુંબઈ જેવી એનર્જી ક્યાંય અનુભવાઈ નથી. અહીંની ઊર્જા જ એવી છે જે તમને પ્રયત્ન કરવા પ્રેરે છે, નિષ્ફળ જાઓ અને ફરી ખડા થઈને કામે લાગો. તમે અટકી જ ન શકો અને ચાલતા જ રહો. મુંબઈ મારા અસ્તિત્વનો અને મારી આત્માનો એક ભાગ છે. મારું ઘર છે. હું દરેક ગલીમાં ક્રિકેટ રમ્યો છું, દરેક ખુણામાં ફૂટબોલની કિક મારી છે અને આ શેરીઓમાં સાઈકલ ચલાવી છે." ગયા વર્ષે જ્યારે રણવીરે પોતાના બર્થડે નિમિત્તે આ બ્રાન્ડની જાહેરાત કરી ત્યારે તેના ફૅન્સે તેના ખુબ વખાણ કર્યા હતા. તેના માટે રણબીરે લોકોને સ્પર્શી જાય એવી એક પ્રમોશનલ ફિલ્મ પણ બતાવી હતી, જેમાં તેણે પોતાની પહેલી ફેશનની યાદો તાજી કરી હતી અને મુંબઈની ગલીઓમાં સાઈકલ ચલાવવાની યાદો વિશે વાત કરી હતી. આ વીડિયોમાં રણબીરે કહ્યું,"મને સ્નીકર્સ પ્રત્યે ખુબ પ્રેમ છે. મેં જ્યારે પહેલી જોડી ખરીદી એ ભાવના હું ક્યારેય ભુલી શકીશ નહીં. એ બ્લેક કલરના ચેન વાળા સ્નિકર્સ હતાં. મને યાદ છે, મને એ જ્યારે મળ્યા, તો હું એ બોક્સમાં જ રાખતો હતો અને મહિનાઓ સુધી મેં એ પહેર્યા નહોતાં. હું સ્કૂલથી ફટાફટ આવતો અને એ જોતો હતો. એ વખતે એ મારી પાસે રહેલી અમૂલ્ય વસ્તુ હતી."રણબીરે પોતાની આર્ક્સ બ્રાન્ડના સ્નીકર્સ વિશે વાત કરતા કહ્યું,"મારા માટે, એ માત્ર સ્ટાઈલિશ જ ન લાગ જોઈએ. એ પગ માટે સૌથી વધુ આરામદાયક પણ હોવા જોઈએ. આર્ક્સમાં મારી સફર અને મારી અંગત સ્ટાઈલની ઝલક છે. જ્યારે તમે કલેક્શન જોશો, તો તેની દરેક બારીક બાબતમાં તમને મારી ઝલક મળશે." આ બ્રાન્ડ શરૂ કરવા પાછળ રણબીરનો હેતુ રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી ફેશનને આરામદાયક બનાવીને ક્રાંતિ લાવવાનો છે.



# 'કન્નપ્પા' માટે પ્રભાસ અને મોહનલાલે એક પણ પૈસો લીધો નથી : વિષ્ણુ માંચુ

## વિષ્ણું માંચુ એ શિવના પાત્ર માટે અક્ષય કુમારની પસંદગીની પણ વાત કરી

જીવનમાં એક સમય એવો આવે છે, જ્યારે તમારે તમારા બધાં જ પત્તાં ખોલી નાંખવા પડે છે અને દાવ રમવો પડે છે" વિષ્ણુ માંચુ પોતાના અત્તિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'કન્નપ્પા'ની વાત કંઈક આ રીતે કરે છે. ૧૪૦ કરોડના મહાકાય બજેટ સાથે બની રહેલી આ ફિલ્મ બહુ મોટા પાયા પર તૈયાર થઈ રહી છે અને દુનિયાભરમાં એક સાથે ૨૫ એપ્રિલે રિલીઝ થશે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ માંચુની પહેલી ફિલ્મ છે, તે આ ફિલ્મમાં એક્ટિંગ કરે છે, તેમજ તેણે આ ફિલ્મ લખવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાની કેરિઅરની ધીમી ગતિની પણ વાત કરી હતી. માંચુએ કહ્યું, "દસ વર્ષ પહેલાં હું દર વર્ષે વધુમાં વધુ બે ફિલ્મો કરતો હતો. પછી તે વર્ષમાં એક થઈ ગઈ, એક એક્ટર તરીકે મારે આવું નહોતું કરવું જોઈતું. પ્રભાસને જુઓ, સમગ્ર થિએટરનું તંત્ર અને બધાં જ એક્ઝિબિટર્સ તેને પ્રેમ કરે છે કારણ કે તે વર્ષમાં બે ફિલ્મો આપે છે અને પણ લાર્જર ધેન લાઈફ. તે થિએટરને જીવંત કરી દે છે."કન્નપ્પા બીજી સદીના ભગવાન શિવના પરમ ભક્તના જીવન પર આધારીત છે. આ ફિલ્મની સ્ટોરી અંગે વિષ્ણુ માંચુએ કહ્યું,"૧૯૩૮માં પહેલી વખત તમિલ ભાષામાં કન્નપ્પા વિશે ફિલ્મ બની હતી, જેનું નામ કન્નપ્પા નાયાનાર હતું. ત્યાર પછી ડૉ.રાજકુમારે ૧૯૫૪માં તેલુગુ અને કન્નડા ફિલ્મો બનાવી, જેનાં નામ કલાહસ્તી મહાત્યમ અને બેદરા કન્નપ્પા હતાં. પછી વધુ બે ફિલ્મો આવી, ૧૯૭૬માં ભક્ત કન્નપ્પા અને ૧૯૮૮માં શિવા મેચીદા કન્નપ્પા. અમે ૩૬ વર્ષે પહેલી વખત ભગવાન કન્નપ્પાની વાર્તા લઈને આવી રહ્યાં છીએ."આ ફિલ્મમાં અક્ષય કુમારની પસંદગી વિશે માંચુએ કહ્યું,"અમે અક્ષય કુમારને મળવા ગયા ત્યારે પહેલાં બે વખત તેમણે અમારી ઓફર ઠુકરાવી દીધી હતી. પછી એક અન્ય ડિરેક્ટરની મદદથી અમે તેમને મનાવ્યા. મેં તેમને કહ્યું કે આજની પેઢી માટે તેઓ ભગવાન શિવનો ચહેરો હોવા જોઈએ. આગળની પેઢીઓ માટે અન્ય કલાકારો હતા પરંતુ આજે એક જ ચહેરો છે, અક્ષય કુમાર. આ રીતે તેઓ કન્વિન્સ થયા."જ્યારે મોહનલાલ અને પ્રભાસ સાથેના અનુભવો અંગે માંચુએ કહ્યું,"મોહનલાલ સર અને પ્રભાસ બંનેને મનાવવા માટે મારે કશું જ કરવું પડ્યું નથી. તેઓ ગમે ત્યારે શૂટ કરવા તૈયાર હતા અને એ પણ મારા પિતા પ્રત્યેના પ્રેમને ખાતર. ખરેખર તો એમણે બંનેએ આ ફિલ્મ માટે એક પૈસો પણ ચાર્જ કર્યો નથી. એ બંને એવા મોટા કલાકારો છે કે તેમણે આ પાત્રો માટે આવું કરવાની કોઈ જરૂર નહોતી. મેં જ્યારે મોહનલાલ સરને પૂછ્યું કે, જો હું તેમના મેનેજર સાથે ફાયનાન્સ વિશે વાત કરી લઉં, તો તેમણે હસીને કહ્યું, "તને એમ લાગે છે કે તું હવે બહુ મોટો થઈ ગયો છે?"



# બ્રાડ પિટની 'એફ૧'નાં ટીઝરમાં સ્પોર્ટ્સ ફિલ્મનો રોમાંચ દેખાયો

## નાની ક્લિપમાં બ્રાડ સમય સાથે હરિફાઈ કરતો દેખાયો

બ્રાડ પિટની સ્પોર્ટ્સ ફિલ્મ 'એફ૧'નું ટીઝર લોંચ થયું છે. આ ફિલ્મની એક નાની ક્લિપ જાહેર કરવામાં આવી છે, જેમાં બ્રાડ પિટ ફિનિશ લાઈન સુધી પહોંચવા માટે સમય સાથે હરિફાઈ કરતો જોવા મળ્યો. ૩૦ સેકન્ડના આ વીડિયોમાં માંડ કોઈ ડાયલોગ હશે, પરંતુ ઓડિયન્સને બ્રાડ પિટ કારની આ ફિલ્મના સિનોપ્સીસ મુજબ, 'એપલ ઓરિજિનલ ફિલ્મ્સ અને ટોપ ગનના ફિલ્મ મેકર્સ દ્વારા એફ૧ આવશે, જોસેફ કોસિન્સ્કીની ફિલ્મમાં બ્રાડ પિટ જોવા મળશે. આ ફિલ્મ જેરી બ્રખીમર, કોસિન્સ્કીસ જાણીતા ફોર્મ્યુલા ૧ ડ્રાઈવર લેવિસ હેમિલ્ટન, જેરેમી ક્લેનર, ડેડે ગાર્ડનર ને ચેડ ઓમેન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.'ફિલ્મની સમરી મુજબ, 'જેની બહુ રાહ જોવાય છે એવી ફોર્મ્યુલા ૧ રેસિંગમાં બ્રાડ પિટ એક નિવૃત્ત ડ્રાઈવર તરીકે જોવા મળશે જે ફોર્મ્યુલા ૧માં પરત ફરે છે, તેની સાથે ડેમસન ઈદ્રીસ એક ટીમમેટ તરીકે જોવા મળશે, તેઓ ગ્રિડમાં એક ટીમ તરીકે કામ કરતા જોવા મળશે. આ રમતના દિગ્ગજો સાથે આ કલાકારો સ્પર્ધા કરતા જોવા મળશે, તેથી વીકેન્ડ દરમિયાન યોજાતી વાસ્તવિક ગ્રાન્ડ પ્રિક્સ દરમિયાન આ ફિલ્મ શૂટ કરવામાં આવી છે.'આ ફિલ્મમાં બ્રાડ પિટ સિવાય એફ૧માં કેરી કોન્ડોન, ટોબિયાસ મેન્ઝીસ, કિમ બોડ્નિયા અને જેવીઅર બાર્ડમ પણ મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૭ જૂને રિલીઝ થશે.




# 'છાવા' છવાઈ, આ વર્ષની સૌથી મોટી હિટ બનવાના માર્ગે

## વિકી કૌશલની 'છાવા' રિલીઝ થઈ ગઈ છે અને ઇન્ડસ્ટ્રીનો દુષ્કાળ દૂર કરવાની તૈયારી થઈ ગઈ છે

વિકી કૌશલની 'છાવા' રિલીઝ થઈ ગઈ છે અને ઈન્ડસ્ટ્રીનો દુષ્કાળ દૂર કરવાની તૈયારી થઈ ગઈ છે. ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી આ ફિલ્મ ૨૦૨૫ની સૌથી વધુ કમાણી સાથે ધમાકેદાર શરૂઆત કરનારી ફિલ્મ બની ગઈ છે. સાથે જ આ ફિલ્મે વિકી કૌશલની આગળની છ ફિલ્મોનો કમાણીનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. સેકનિકના આંકડાઓ મુજબ લક્ષ્મણ ઉટેકરે ડિરેક્ટ કરેલી આ ફિલ્મે પહેલા દિવસે ભારતમાં ૩૧ કરોડની કમાણી કરી છે. ત્યાર બાદ શુક્રવારે સાંજે ફિલ્મના પ્રોડ્યુસર મેડોક્સ ફિલ્મ્સ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે ફિલ્મે પહેલા દિવસે ૩૩.૧ કરોડની કમાણી કરી છે. બીજા દિવસે રૂ.૩૭ કરોડની આવક થઈ હતી. પ્રોડ્યુસરે એવું પણ જાહેર કર્યું છે કે ફિલ્મે પહેલા દિવસે વર્લ્ડ વાઈડ ૫૦ કરોડની કમાણી કરી છે. પહેલા વીકેન્ડમાં જ રૂ.૧૫૦ કરોડના અંદાજિત વર્લ્ડવાઈડ કલેક્શન સાથે આ ફિલ્મ વિકી કૌશલની કરિઅરની પણ સૌથી મોટી ફિલ્મ બની ગઈ છે.આ પહેલાં અક્ષય કુમારની સ્કાય ફોર્સ સૌથી મોટી હિન્દી ઓપનર હતી, જેણે ૧૫.૩ કરોડની કમાણી થઈ હતી. જોકે, કેટલાંક એનાલિસ્ટ દ્વારા આ ફિલ્મના મેકર્સ પર બ્લોક બૂકિંગનો પણ આક્ષેપ હતો. જેમાં પ્રોડ્યુસર જ આંકડાઓ વધારવા માટે ઘણી ટિકિટ ખરીદી લે. આ ફિલ્મે કુલ ૧૧૧ કરોડની કમાણી કરી હતી.'છાવા' રિલીઝ થઈ તે પહેલાં વિકીની 'બૅડ ન્યુઝ' તેની કારકિર્દીની સૌથી મોટી ઓપનર હતી. આ ફિલ્મે પહેલાં દિવસે ૮ કરોડની કમાણી કરી હતી. આ દૃષ્ટિએ જોઈએ તો વિકીની અગાઉની છ ફિલ્મોની પહેલા દિવસની આવકનો સરવાળો કરીએ તો પણ છાવાને ચડી શકે તેમ નથી. 'સામ બહાદુર'ની કમાણી ૫ કરોડ હતી, 'ધ ગ્રેટ ઈન્ડિયન ફેમિલી' ૧ કરોડ, 'ઝરા હટકે ઝરા બચકે' ૫ કરોડ, 'ભૂત - ૧ - ધ હોન્ટેડ શિપ' ૫ કરોડ તેમજ 'ઉરી'ની ૮ કરોડની કમાણી રહી હતી. શુક્રવારે રિલીઝ થયેલી છાવાના મુંબઈની આસપાસના વિસ્તારોમાં ૧૩૦૦ શો હતા, તેમાં લગભગ ૪૨ ટકા હાજરી નોંધાઈ હતી. જો દિલ્હી-એનસીઆર વિસ્તારની વાત કરવામાં આવે તો પહેલાં દિવસે ૧૩૦૦ શો હતા, તેમાં લગભગ ૨૭ ટકા હાજરી હતી.જોકે, છાવા સામે હાલ માર્વેલ સિરીઝની ફિલ્મ 'કેપ્ટન અમેરિકાઃ બ્રેવ ન્યુ વર્લ્ડ' સાથે ટક્કર છે. આ ફિલ્મે પહેલાં દિવસે ભારતમાં ઈંગ્લિશ, તમિલ, તેલુગુ અને હિન્દી વર્ઝનમાંથી ૪.૩ કરોડની કમાણી કરી છે. આ ફિલ્મને દુનિયાભરમાંથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. છતાં સામાન્ય રીતે માર્વેલની ફિલ્મો બાબતે માર્વેલ ફૅન્સમાં જેટલો ઉત્સાહ જોવા મળે છે, તેટલો ઉત્સાહ આ ફિલ્મ માટે જણાતો નથી. તેથી આ ફિલ્મ 'છાવા' સામે ટક્કર કે ખતરો સાબિત થાય તેવું લાગતું નથી. હવે આગામી દિવસોમાં 'છાવા'ની દહાડ કેટલી દૂર પહોંચે છે. તે જોવાનું રહ્યું.





### રાજકુમાર અને પત્રલેખાએ ૧૧ વર્ષ ડેટિંગ કર્યા બાદ ૨૦૨૧માં લગ્ન કર્યા છે

# અમે જવાબદારી સરખા ભાગે વહેંચી લીધેલી છેઃ પત્રલેખા



આમ ભલે પતિ-પત્નીઓ આખું વર્ષ પ્રેમથી રહેતાં હોય કે તેમ છતાં વેલેન્ટાઈન્સ ડે નિમિત્તે તેઓ ટીનેજર્સની માફક એકબીજા માટે કોઈ સરપ્રાઈઝ કે નાની ગિફ્ટ પણ આપતા રહેતા હોય છે. પરંતુ રાજકુમાર રાવ અને પત્રલેખાનું આવું નથી. કારણ કે તેમણે હંમેશા એકબીજાની સાથે રહેવાનું અને એકબીજા માટે નાનું કશુંક ગમે તેવું કરતાં રહેવાનું વચન આપેલું છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં કપલે ઘરમાં બંનેની સમાન જવાબદારીઓ અંગે વાત કરી હતી. પત્રલેખાએ રાજકુમાર રાવ સાથેના મજબુત નાતા વિશે કહ્યું,"અમે બંનેએ શરૂઆતથી જ નક્કી કર્યું હતું કે અમારા સંબંધમાં કોઈ ઉપર કે નીચે નહીં હોય. બધું જ બંનેનું હશે-નાનું કે મોટું."પત્રલેખાએ આગળ જણાવ્યું,"એ અતિશય ચોક્કસ રીતે બધું જ ચોકસાઈથી રાખવામાં માને છે. એણે નાનામાં નાની વસ્તુ ક્યાં રાખી છે તે એને યાદ હોય છે. મને રસોઈ કરવી ગમે છે અને રાજકુમાર હંમેશા ડિશ સાફ કરવામાં મને મદદ કરે છે. આવી નાની નાની બાબતોમાં એકબીજાની સાથે રહીને કામ કરીને અમે એકબીજાની વધુ નજીક આવીએ છીએ તેમાં અમારા સંબંધની સમાનતા છલકે છે."આ સંદર્ભે રાજકુમારે કહ્યું,"અમારા સંબંધમાં અમે માનીએ છીએ કે સમાનતા નાના કામોથી શરૂ થાય છે. જ્યારે પત્રલેખાએ અમારા માટે રસોઈ કરી હોય તો મને વાસણ સાફ કરવા ગમે છે કે એ જ્યારે ઘરથી દૂર હોય ત્યારે મને ઘરના કામ કરવા ગમે છે. આ બસ એકબીજાની સાથે મળીને જીવનને સરળ બનાવવાની વાત છે. અમારા માટે, એ એકબીજાને કામ કર્યું છે એ જતાવવાની વાત નથી પણ એકબીજાની સાથે રહેવાની વાત છે."રાજકુમાર અને પત્રલેખાએ ૧૧ વર્ષ ડેટિંગ કર્યા બાદ ૨૦૨૧માં લગ્ન કર્યા છે.

### દુલ્હન ધન્યતાએ લાલ બોર્ડરવાળી સોનેરી સાડી પહેરી હતી

# પુષ્પા-૨' સ્ટારને મળી ગયો લેડી લવ ડાલી ધનંજય લગ્નગ્રંથિથી જોડાયો

અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા'માં જાલી રેડ્ડીની ભૂમિકા ભજવનાર દક્ષિણ સિનેમાના પ્રખ્યાત અભિનેતા ડાલી ધનંજય હવે પરિણીત છે. તાજેતરમાં, તેમણે એક ખાનગી સમારંભમાં તેમની પ્રેમિકા ડૉ. ધન્યથા ગૌરકલર સાથે લગ્ન કર્યા, જેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ફિલ્મમાં, બંને મંડપ માં એકબીજા સાથે રોમેન્ટિક મૂડમાં જોવા મળ્યા હતા. તાજેતરમાં, દક્ષિણ સિનેમાના પ્રખ્યાત અભિનેતા ડાલી ધનંજય, જેમણે દક્ષિણના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર ફિલ્મ 'પુષ્પા ૨' માં જાલી રેડ્ડીનું પાત્ર ભજવ્યું હતું, તેમણે લગ્ન કર્યા છે. તેમણે તાજેતરમાં જ મૈસુરના એક્ઝિબિશન ગ્રાઉન્ડ્સ ખાતે એક ખાનગી સમારંભમાં તેમની પ્રેમિકા ડૉ. ધન્યતા ગૌરકલર સાથે લગ્ન કર્યા. આ ખાસ પ્રસંગ માટે, ડાલીએ મૈસુર પેટા સાથે પરંપરાગત ઓફ-વ્હાઈટ અને ગોલ્ડન વેશ્ટી અને કુર્તો પહેર્યો હતો. દુલ્હન ધન્યતાએ લાલ બોર્ડરવાળી સોનેરી સાડી પહેરી હતી જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. બંનેના લગ્નના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં બંને લગ્ન મંડપમાં રોમેન્ટિક દેખાઈ રહ્યા હતા અને એકબીજા માટે જ બનેલા હોય તેવું લાગતું હતું.આ લગ્ન પછી, આ દંપતીએ એક ભવ્ય રિસેપ્શન પાર્ટીનું પણ આયોજન કર્યું હતું, જેમાં ઘણી મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો. ડાલી અને ધન્યતાની પહેલી મુલાકાત એક ફિલ્મ ઈવેન્ટમાં થઈ હતી. તેઓ ૨૦૨૦ થી એકબીજાને ડેટ કરી રહ્યા હતા અને ૧ નવેમ્બર ૨૦૨૪ ના રોજ સગાઈ કરી. તાજેતરમાં, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ, તેમના લગ્ન થયા.



# 'ઓલ વી ઇમેજિન એઝ લાઈટ' બાફ્ટા એવોર્ડ ચૂકી

પાયલ કાપડિયા દ્વારા દિગ્દર્શિત 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મનો બાફટા એવોર્ડ મેળવી શકી નહીં. વિવેચકો દ્વારા વખાણાયેલી આ ફિલ્મ ફ્રેન્ચ-સ્પેનિશ ફિલ્મ એમિલિયા પેરેઝ સામે શ્રેણીમાં હારી ગઈ. રવિવારે લંડનના રોયલ આલ્બર્ટ હોલમાં આયોજિત બાફટા એવોર્ડ સમારોહમાં એમિલિયા પેરેઝે શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મનો એવોર્ડ જીત્યો. 'એમિલિયા પેરેઝ'ની મુખ્ય અભિનેત્રી કાર્લા સોફિયા ગેસ્કોન તેના કેટલાક જૂના ટ્વિટ્સને લઈને વિવાદોમાં ઘેરાયેલી હતી, જેને ઈસ્લામોફોબિક અને જાતિવાદી તરીકે જોવામાં આવ્યા હતા. ફિલ્મની બીજી મુખ્ય ભૂમિકા ઝો સલ્ડાનાએ સહાયક અભિનેત્રી શ્રેણીમાં બાફટા એવોર્ડ જીત્યો.ફિલ્મની વાર્તા એવી છે કે ડ્રગ કાર્ટેલની વડા એમિલિયા (કાર્લા સોફિયા ગેસ્કોન) એક પ્રખ્યાત વકીલ રીટા (ઝો સલ્ડાના) ને મોટી રકમ માટે રાખે છે, જે કોર્ટમાં તેના મૃત્યુની ખોટી વાર્તા બનાવી શકે છે. વાસ્તવમાં, એમિલિયા પોતાને મૃત જાહેર કરવા માંગે છે જેથી તે પોતાનું બાકીનું જીવન કોઈપણ ભય વિના મુક્તપણે જીવી શકે. જ્યારે 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' મુંબઈમાં રહેતી બે મલયાલી નર્સો અને તેમની મિત્રતાની આસપાસ ફરે છે. આ મલયાલમ-હિન્દી ફિલ્મે ગયા વર્ષે મે મહિનામાં કાન્સમાં ગ્રાન્ડ પ્રિક્સ જીત્યો હતો અને આ સિદ્ધિ હાંસલ કરનારી પ્રથમ ભારતીય ફિલ્મ બની હતી.




### એકતા કપૂર ટીવીની રાણી છે

# એકતા કપૂરને ૧૫ વર્ષની ઉંમરે જ લગ્ન કરવા હતા



## એકતાએ જણાવ્યું હતું કે તેના સિંગલ રહેવાના નિર્ણય પાછળનું કારણ તેના પિતા જીતેન્દ્રની સલાહ હતી

એકતા કપૂરે ક્યારેય લગ્ન કર્યા નહીં. પરંતુ એક સમય એવો હતો જ્યારે તે ૧૫ વર્ષની ઉંમરે લગ્ન કરવા માંગતી હતી.એકતા કપૂર ટીવીની રાણી છે. તે વર્ષોથી આવા અદ્ભુત શો દ્વારા ચાહકોનું મનોરંજન કરી રહી છે. એકતાના સાસુ અને વહુના નાટકથી લઈને રોમેન્ટિક સિરિયલો સુધી બધું જ ખૂબ પસંદ કરવામાં આવે છે. એકતા કપૂર માતૃત્વનો આનંદ માણી રહી છે. તે એક દીકરાની માતા છે. એકતા સરોગસી દ્વારા માતા બની છે. પણ એકતાએ ક્યારેય લગ્ન કર્યા નહીં.એકતાએ જણાવ્યું હતું કે તેના સિંગલ રહેવાના નિર્ણય પાછળનું કારણ તેના પિતા જીતેન્દ્રની સલાહ હતી. જીતેન્દ્રએ એકતાને બે વિકલ્પોમાંથી એક પસંદ કરવાનું કહ્યું હતું. જીતેન્દ્રએ કહ્યું હતું કે કાં તો તેણે જલ્દી લગ્ન કરી લેવા જોઈએ અને તે ગમે તેટલી પાર્ટી કરીને પોતાના જીવનનો આનંદ માણી શકે છે. બીજો વિકલ્પ એ હતો કે મારું કામ સમર્પણ સાથે કરું. આવી સ્થિતિમાં, એકતાએ કામ કરવાનો વિકલ્પ પસંદ કર્યો અને લગ્ન ન કર્યા.એક ઈન્ટરવ્યુમાં જીતેન્દ્રએ એકતાના લગ્ન પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, 'એકતા મહેનતુ અને ઉત્સાહી છે. તેનામાં કામ પ્રત્યેનો જુસ્સો છે જે મને બીજા કોઈમાં જોવા મળતો નથી. હું એક મધ્યમ વર્ગીય પરિવારમાંથી આવું છું. મેં એકતા માટે ખૂબ જ મહેનત કરી છે જેથી તેણીને સંઘર્ષ ન કરવો પડે. પરંતુ તેમ છતાં તેણી સંઘર્ષ કરતી રહી કારણ કે એકતામાં જુસ્સો હતો. તે સરળ જીવન જીવી શકી હોત. પરંતુ તેણે તેમ કરવાનું પસંદ કર્યું નહીં. દરેક વ્યક્તિ પોતાનું નસીબ, મહેનત અને પ્રતિભા લઈને આવે છે.

# ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસવા અને પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોરી મુબારકનું ભૂમિ પૂજન કરાયું

## વિરમગામમાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા રૂ. ૨ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૯૦ લાખના ખર્ચે ૨ પેટા આરોગ્ય કેન્દ્રના નવિન મકાનનું નિર્માણ કરવામાં આવશે

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૧૮ ।

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના વાંસવા ખાતે ધારાસભ્ય હાર્દિક પટેલના વરદ હસ્તે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર - આરોગ્ય પરમ ધનમ્ ના નવિન મકાનનું ભુમિ પૂજન કરવામાં આવ્યુ અને સાથે સાથે પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોડી મુબારકના નવીન મકાનનું પણ ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. અંદાજીત રૂપીયા ૨ કરોડના ખર્ચે વાંસવા ખાતે આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવિન મકાનનું નિર્માણ કરવામાં આવશે અને રૂપિયા ૯૦ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોરી મુબારક ના નવીન મકાનનું નિર્માણ કરવામાં આવશે.


તસ્વીર : નીલકંઠ વાસુકીયા, વિરમગામ

આ કાર્યક્રમમાં ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલ, જગદીશભાઈ વડલાણી, વિષ્ણુભાઈ જાદવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેશ પરમાર, આરસીએચઓ, સરપંચ, તાલુકા સદસ્યો, પદાધિકારીઓ, આગેવાનો સહિત રાજકીય હોદ્દેદારો - કાર્યકર્તાઓ, આરોગ્યના અધિકારીઓ કર્મચારીઓ સહિત વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, કાર્યરત તેમજ નવીન મકાનમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડીકલ ઓફિસર, ફાર્માશિષ્ટ, લેબોરેટરી ટેકનિશિયન, સ્ટાફનર્સ, મલ્ટીપરપઝ હેલ્થ સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર દ્વારા આરોગ્ય સેવાઓ પુરા પાડવામાં આવે છે. જેમાં દર્દીઓને નિઃશુલ્ક નિદાન-સારવાર, દવાઓ, લેબોરેટરી તપાસ સહિતની આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત ૨૪ કલાક ડિલેવરી સહિતની આવશ્યક સેવાઓ પણ આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસવા ખાતે એમ્બ્યુલન્સની સુવીધા પણ ઉપલબ્ધ છે.

વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે જણાવ્યુ હતુ કે, નળકાંઠા વિસ્તારમાં આરોગ્ય સેવા વધુ મજબૂત અને સરળ બને તે દિશામાં ભાજપની સરકાર કામ કરી રહી છે. આરોગ્યની સેવાઓ એ લોકોની પ્રાથમિક જરૂરિયાતનો ભાગ છે. ભાજપ સરકાર લોકોને પોતાના જ વિસ્તારમાં સારામાં સારી આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વિસ્તાર મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# ઝાલોદ નગરપાલિકામા ભાજપની ઐતિહાસિક જીત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદ નગરપાલિકામા છેલ્લા બે દાયકા થી અપક્ષોના સહારે ભાજપે સરકાર બનાવેલ હતી પરંતુ આ વખતે ભાજપે ૨૮ શીટ પૈકી ૧૭ મા વિજય મેળવી પૂર્ણ બહુમતી થી ભાજપની સરકાર નગર પાલિકામા પહેલી વખત બની રહેલ છે. અમુક વોર્ડમા ભાજપમાંથી બળવો કરીને ઉમેદવારી કરનારા ઉમેદવારો પણ જીતેલ છે.

ઝાલોદ તાલુકા ભાજપના ધારાસભ્ય મહેશ ભૂરીયાએ દરેક વોર્ડ વિસ્તારમાં ફરી ભાજપની સત્તા મેળવવા રેલીયો કરેલ હતી તેમજ લગાતાર કાર્યકર્તાઓના સંપર્કમાં રહી મીટિંગ કરી જે મહેનત કરી તે આજે ભાજપની જીત થતાં મહેનત ફળી હતી. ઝાલોદ નગરપાલિકા ચૂંટણી ઈન્ચાર્જ પંકજ અગ્રવાલ તેમજ ભાજપ શહેર ભાજપ પ્રમુખ મયુર પંચાલ દ્વારા ખાનગી મીટિંગ અને જે ભાજપને જીતાડવા માટે રણનીતિ બનાવી તે ખૂબ ફાયદાકારક રહી હતી. ઝાલોદ ભાજપ શહેરના યુવા ભાજપ પ્રમુખ મયુર પંચાલે કહ્યું હતું કે આ જીત ભાજપના દરેક કાર્યકર્તાઓની છે. આ જીત ભાજપના ઉત્સાહ તેમજ કર્મઠ કાર્યકર્તાઓને લીધે થઈ છે તેમજ ભાજપની જીત તે દરેક ઝાલોદના મતદારોની જીત છે તેમ કહ્યું હતું.

હાલ ભાજપને પૂર્ણ બહુમતી થી મેન્ડેટ મળી ગયેલ છે પણ જાણવા મળેલ વર્તુળો મુજબ પ્રમુખ બનવા માટે કાવાદાવા કરનાર ઉમેદવારો પોતાના સમર્થકોને ખેંચી રહેલ છે તેમજ અમુક ઉમેદવારોતો હાલ થી જ ભૂગર્ભમા ઉતરી ગયેલ હોવાનું માલુમ પડી રહેલ છે.

**વોર્ડ નંબર ૧**

૧. મનીષા નરેશભાઈ માલીવાડ- અપક્ષ - ૧૦૩૩
૨. રેહાનાબીબી અબ્દુલમુતલીબ શેખ- અપક્ષ - ૯૪૦
૩. રાજેશભાઈ રમેશભાઈ ભાભોર- ભાજપ- ૬૫૬
૪. જાકીરમીયા મજીતમીયા કાંનુંગા- ભાજપ - ૧૦૫૦

**વોર્ડ નંબર ૨**

૧. સુબહાના સફવાન ટીમીવાલાડ- અપક્ષ - ૧૬૭૨
૨. હનીફા ગફાર ગૂડાલા - અપક્ષ - ૧૮૫૨
૩. મંજુબેન ભાથુંભાઈ ડામોર- અપક્ષ- ૭૫૭
૪. રજાકભાઈ ઈબ્રાહીમ પટેલ- અપક્ષ- ૧૭૩૯

**વોર્ડ નંબર ૩**

૧. ભાવનાબેન મુકેશભાઈ ડામોર- ભાજપ - ૧૪૦૬
૨. રેખાબેન ટપુભાઈ વસૈયા- ભાજપ- ૧૩૧૦
૩. અનિલભાઈ ગવજીભાઈ ભાભોર- ભાજપ - ૧૬૫૬
૪. રામચંદ્રભાઈ શાંતિલાલ ડબગર- ભાજપ- ૧૦૯૫

**વોર્ડ નંબર ૪**

૧. ખુશ્બુબેન દિગપાલસિંહ વસૈયા-ભાજપ- ૯૦૦
૨. પારુલબેન સુરેશભાઈ હાંડા- ભાજપ- ૫૯૪
૩. દિનેશકુમાર શંકરલાલ પંચાલ- ભાજપ-૧૦૯૩
૪. નીકીતા (મીરા) હેમંતકુમાર શાહ- અપક્ષ - ૧૦૪૮

**વોર્ડ નંબર ૫**

૧. માર્થાબેન ગલાભાઈ વસૈયા- અપક્ષ - ૭૩૪
૨. તમન્નાબેન ઉમેશભાઈ પટેલ- અપક્ષ- ૯૪૪
૩. અલકેશભાઈ વીજુભાઈ વસૈયા- ભાજપ - ૭૫૫
૪. કેતનકુમાર મગનભાઈ પટેલ- ભાજપ-૯૬૩

**વોર્ડ નંબર ૬**

૧. અમીનાબેન શુકૂસભાઈ માલીવાડ- ભાજપ- ૮૪૨
૨. રાધાબેન પ્રતાપભાઈ ભાભોર- અપક્ષ-૬૨૧
૩. ભાવેશભાઈ હસમુખભાઈ કટારા- ભાજપ- ૬૬૨
૪. ધનાભાઈ મોતીભાઈ લુવાળા- અપક્ષ-૬૬૩

**વોર્ડ નંબર ૫**

૧. સોનલબેન હરેશભાઈ ડીંડોડ - ભાજપ- ૧૬૩૩
૨. શર્મિલાબેન પારસીંગભાઈ ડામોર- ભાજપ - ૧૫૭૫
૩. નિલેશકુમાર દલાભાઈ વસૈયા- ભાજપ - ૧૬૬૧
૪. વિનોદભાઈ બકાભાઈ વસૈયા- ભાજપ - ૧૬૨૭

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતીથી વટવા સુધી પાયલોટિંગ તથા સેગમેન્ટ લગાવવાની કામગીરી માટે ટ્રાફિક ડાયવર્ઝનની જાહેરાત

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતીથી વટવા સુધીનું પાયલોટિંગ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઈન્ફાકોન પ્રા.લિ. કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આવનાર સમયમાં બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ અંતર્ગત પિલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવશે, જેને કારણે શહેરના અસારવા બ્રીજ, કેડિલા બ્રીજ અને નાથાલાલ ઝઘડિયા બ્રીજ પર ટ્રાફિક પ્રતિબિંધ અને ડાયવર્ઝન કરવામાં આવશે, એવી પ્રેસનોટ સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક), અમદાવાદ શહેર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવી છે.

**અસારવા બ્રીજ (શ્રી અમરસિંહ ચૌધરી બ્રીજ)**

આ કામકાજ અંતર્ગત અસારવા બ્રીજ (શ્રી અમરસિંહ ચૌધરી બ્રીજ)ની ઉપરના ભાગે પિલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરીને કારણે તા. ૨૨/૦૨/૨૦૨૫થી તા.૨૫/૦૩/૨૦૨૫ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

**વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ**

અસારવા બ્રીજ (શ્રી અમરસિંહ ચૌધરી) બ્રીજની કામગીરી દરમિયાન ત્રણેય છેડા વાહનોની અવર જવર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક માર્ગ**

૧. દિલ્લી દરવાજા, દરિયાપુર દરવાજા, પ્રેમ દરવાજા તરફથી આવતો ટ્રાફિક ઈદગાહ સર્કલ થઈ ઈદગાહ બ્રીજ (ગિરધરનગર બ્રીજ)નો ઉપયોગ કરી ગીરધરનગર સર્કલ થઈ જમણી બાજુ વળી અસારવા ક્રોસિંગ થઈ અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જઈ શકશે.

૨. સરસપુર, ગોમતીપુર, બાપુનગર તરફથી આવતો ટ્રાફિક અસારવા બ્રીજની નીચે જમણી બાજુથી સાઈડના રોડ થઈ બળીયા લીંબડીથી સિવિલ હોસ્પિટલ તરફ તેમજ બળીયા લીંબડીથી ડાબી તરફ ગિરધરનગર સર્કલથી ડાબી બાજુ ગીરધરનગર બ્રીજ (બાબુ જગજીવનરામ બ્રીજ) પરથી ઈદગાહ સર્કલ થઈ દરિયાપુર દરવાજા, દિલ્લી દરવાજા, પ્રેમ દરવાજા તરફના અલગ-અલગ માર્ગો તરફ જઈ શકશે.

૩. સિવિલ, અસારવા તરફથી આવતો ટ્રાફિક બળીયા લીંબડી ચાર રસ્તા જમણી બાજુ વળી ગિરધરનગર ચાર રસ્તા થઈ ઈદગાહ બ્રીજ થઈ અલગ-અલગ માર્ગો તરફ જઈ શકશે.

**કેડિલા બ્રીજ**

આ કામકાજ અંતર્ગત કેડિલા બ્રીજની ઉપરના ભાગે પિલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૦૮/૦૩/૨૦૨૫થી તા.૧૧/૦૪/૨૦૨૫ દરમિયાન ચાલશે, એ દિવસોમાં ફક્ત રાત્રિના સમયે નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

**વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ**

કેડિલા બ્રીજ ઉપર આવેલ ત્રણ રસ્તા પૈકી મધ્ય ભાગમાં આવેલા બીઆરટીએસ રોડ ૪૫ દિવસ માટે બંને છેડાથી બંધ કરવામાં આવશે.

**વૈકલ્પિક માર્ગ**

૧. કેડિલા બ્રીજ ઉપરથી અવર-જવર માટે થતી બીઆરટીએસ બસ દિવસ દરમિયાન બાજુમાં આપેલા બંને રોડનો ઉપયોગ કરી શકશે.

૨. સદર કેડિલા બ્રીજ ઉપર રાત્રિ દરમિયાન અવર-જવર કરતાં વાહનો બંને બાજુ આવેલા રોડનો વારાફરતી ઉપયોગ કરી શકશે. એટલે કે જે સાઈડનું કામ ચાલુ રહેશે તેની બાજુના રોડ ઉપર વાહન અવર-જવર કરશે.

**નાથાલાલ ઝઘડિયા બ્રિજ**

આ કામકાજ અંતર્ગત નાથાલાલ ઝઘડિયા બ્રિજની ઉપરના ભાગે પિલ્લરો ઉપર સેગમેન્ટ (ટ્રેક) લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૧૮/૦૨/૨૦૨૫થી તા.૨૮/૦૨/૨૦૨૫ દરમિયાન ૨૪.૦૦ કલાક ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

**વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ**

નાથાલાલ ઝઘડિયા બ્રીજ (ખોખરા-મણિનગર) ફલાય ઓવર બ્રીજ દિન-૧૦ સુધી બન્ને તરફથી બંધ રહેશે.

**વૈકલ્પિક માર્ગ**

૧. ખોખરા, હાટકેશ્વર, અનુપમ સિનેમા તરફથી આવતો ટ્રાફિક મદ્રાસી મંદિર એએમટીએસ બસ સ્ટોપથી ડાબી બાજુ વળી રેલ્વે કોલોની ચાર રસ્તા થઈ મણિનગર ક્રોસિંગ થઈ એસ.જી. હોસ્પિટલ તથા કાંકરિયા તરફના અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જઈ શકશે.

૨. એલ.જી. હોસ્પિટલ, કાંકરિયા તરફથી આવતો ટ્રાફિક નાથાલાલ ઝઘડિયા બ્રીજના પશ્ચિમ તરફના છેડેથી જમણી બાજુ વળી જયહિન્દ ચાર રસ્તાથી ડાબી બાજુ મણિનગર રેલ્વે ક્રોસિંગ થઈ જશોદાનગર, ખોખરા, અનુપમ સિનેમા તરફના અલગ-અલગ મુખ્ય માર્ગો તરફ જઈ શકશે.

# દ્વારકા શારદાપીઠ મઠના શંકરાચાર્યએ મહા કુંભમાં અદાણી જૂથના સેવાકાર્યોની પ્રસંશા કરી

## દરરોજ લાખો ભક્તોને સાત્વિક અને પૌષ્ટિક મહાપ્રસાદ વિતરણ

। અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતની દ્વારકા શારદાપીઠ મઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ મહાકુંભમાં અદાણી જૂથ દ્વારા ચલાવવામાં આવી રહેલી સેવાકીય પ્રવૃત્તિઓની પ્રસંશા કરી છે. ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ મહાકુંભમાં ચાલી રહેલા મહાકુંભમાં દેશ-વિદેશના અનેક સાધુ-સંતો અને અખાડાઓ ભાગ લઈ રહ્યા છે. તેવામાં અદાણી જૂથ દ્વારા મહાપ્રસાદ સેવા, ગોલ્ફકાર્ટ સુવિધા અને આરતી સંગ્રહનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. શંકરાચાર્યએ અદાણી-ઈસ્કોન દ્વારા ચલાવવામાં આવી રહેલી મહાપ્રસાદ સેવાઓથી રાજી થઈ અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ કહ્યું કે, ‘‘તમે જોયું જ હશે કે કુંભ મેળામાં મોટા શિબિરો ગોઠવવામાં આવ્યા હતા જ્યાં ભોજન, પાણી અને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ન્યાયી સત્તાધિકારી અને વહીવટીતંત્રે વ્યવસ્થા કરી હતી અને સ્વૈચ્છિક સંસ્થાઓ અને મોટા દાતાઓએ પણ વ્યવસ્થા કરી હતી. જ્યારે અમે સેક્ટર ૧૨, ૧૨ માંથી સેક્ટર ૧૨ માંથી એક વિશાળ આયોજન કર્યું હતું. અદાણી ગ્રુપ દ્વારા દરરોજ ૧ લાખ લોકોને ભોજન આપવામાં આવે છે’’. અગાઉ જગદગુરૂ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજીએ પણ અદાણી જૂથ દ્વારા મહાકુંભમાં ચલાવાઈ રહેલી સેવાઓને બિરાદવી હતી. ઉપરાંત મહામંડલેશ્વર કૈલાશાનંદજી, કિન્નર અખાડાના વડા




લક્ષ્મીનારાયણ ત્રિપાઠી, ગીતા મનીષી સ્વામી જ્ઞાનાનંદજી, જૂનાગઢના શેરનાથ મહારાજ સહિત અનેક સંતો, મહંતો, દેશ-વિદેશની ખ્યાતનામ હસ્તીઓ અદાણીની મહાપ્રસાદ, ગોલ્ફકાર્ટ સહિતની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી ચૂક્યા છે.

અદાણી-ઈસ્કોનના સમવયંસેવકોની ટીમ દરરોજ લાખો યાત્રાળુઓને સાત્વિક અને પૌષ્ટિક મહાપ્રસાદ પીરસી સેવા કરી રહ્યા છે. સ્વયંસેવકો શ્રદ્ધાળુઓમાંથી કોઈ ભૂખ્યું ન રહે, ખોવાઈ ન જાય અથવા સહાય વિના ન રહે તેની ખાતરી કરવામાં આવે છે. તેમનું સમર્પણ અને નિઃસ્વાર્થ સેવા સાચી પ્રેરણા છે. તેઓ સેવા એજ સાધનાના મંત્રને સાર્થક કરતા મહાકુંભના મેદાનમાં અવિરત સેવારત છે.

# રાજ્ય સરકાર દ્વારા આગામી તા.૧૪ માર્ચથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરવામાં આવશે

## ખેડૂતો તા.૧૮ ફેબ્રુઆરીથી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ઓનલાઇન નોંધણી કરાવી શકશે

। અમદાવાદ, તા.૧૮ ।

ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે. આગામી સમયમાં તમામ જિલ્લાઓમાં ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

આ માટે તા.૧૮.૨.૨૫ થી તા.૯.૩.૨૫ સુધી ખેડૂતોએ ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ફઝઈ મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિના મૂલ્યે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. ત્યાર બાદ વિવિધ ખરીદી કેન્દ્રો પરથી ચણા અને રાયડાની ખરીદી આગામી તા.૧૪ માર્ચ ૨૦૨૫ના રોજથી કરવામાં આવશે,જેનો રાજ્યના ખેડૂતોએ વધુમાં વધુ લાભ લેવા સંયુક્ત ખેતી નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

રાજ્યના ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમને ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા ચણા અને રાયડાના ટેકાના ભાવે ખરીદી અંગેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ચણાના પાક માટે રૂ. ૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાના પાક માટે રૂ.૫૯૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટેકાના ભાવ કરતા બજારભાવ નીચા જાય ત્યારે ભારત સરકારની પી.એમ.આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પી.એસ. એસ હેઠળ રાજયમાં ચણા અને રાયડાના પાકના ટેકાના ભાવે ખરીદી કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# દાહોદ જિલ્લામાં ૨૦મી ફેબ્રુઆરીથી ૩૦ માર્ચ સુધી બી.પી. અને ડાયાબીટીસ નોંધણી માટે ઝુંબેશ હાથ ધરાશે

## આરોગ્ય વિભાગ દ્વારા ૩૦ થી વધુ ઉંમરના તમામ નાગરિકોની નોંધણી અને નિઃશુલ્ક ચકાસણી કરાશે

। દાહોદ, તા.૧૮ ।

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્ય સાથે દાહોદ જિલ્લામાં પણ ૨૦ મી ફેબ્રુઆરી-૨૦૨૫ થી ૩૧ મી માર્ચ-૨૦૨૫ સુધી બ્લડ પ્રેશર (બી.પી) અને ડાયાબીટીસ (સુગર)ના દર્દીઓની મેગા નોંધણી કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

એન.પી-એન.સી.ડી. પ્રોગ્રામ અંતર્ગત બિન-ચેપી રોગોના સ્ક્રીનિંગ, નિદાન અને સારવાર માટે ખાસ અભિયાન શરૂ કરવામાં આવશે, જેનો લાભ દરેક ૩૦ ઉંમરના નાગરિકો લઈ શકશે.

આ ઝુંબેશ હેઠળ વિના મુલ્યે બ્લડ પ્રેશર અને ડાયાબીટીસની ચકાસણી, શંકાસ્પદ દર્દીઓનું તાત્કાલિક નિદાન કરવા સહિત દવા ઉપલબ્ધતા તેમજ ઘરે-ઘરે આરોગ્ય ટીમ દ્વારા તપાસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

ક્યાં અને કેવી રીતે નોંધણી કરાવશો?

તમારા નજીકના આરોગ્ય કેન્દ્ર, જિલ્લા હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર અથવા આયુષ્માન આરોગ્ય મંદિર (સબ-સેન્ટર, મા.આ કેન્દ્ર) ખાતે નોંધણી કરાવી શકો છો. આશા વર્કર, આરોગ્ય કર્મચારીઓ અને આયુષ્માન આરોગ્ય મંદિરની ટીમ ઘરે-ઘરે આવી નોંધણી કરશે. આ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રહેશે.

૩૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના દરેક નાગરિકે વર્ષમાં બે વાર બી.પી અને ડાયાબીટીસની ચકાસણી કરાવવી જરૂરી છે. આ સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે. જેના માટે સરકારશ્રી દ્વારા દવાઓની સતત ઉપલબ્ધિ માટે નોંધણી કરાવવી જરૂરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે કોઈ ન સંજોગોમાં સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ?



**કર્ક (ડ,હ) :**

આજે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે.



**સિંહ (મ,ટ) :**

આજે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા કોઈક સંજોગોમાં અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.



**તુલા (ર,ત) :**

આજે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.



**વૃશ્ચિક (ન,ય) :**

એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે.



**મકર (ખ,જ) :**

આજે તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલીમાંથી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

## કફ સિરપ ડ્રગ્સ કેસમાં ઇડીના અનેક રાજ્યોમાં દરોડાઃ બેની ધરપકડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ જણાવ્યું હતું કે ઉત્તરી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન તેણે એવા બે આરોપીઓની ધરપકડ કરી છે જે નાર્કોટિસ કન્ટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા દાખલ કરવામાં આવેલ માદક પદાર્થના એક કેસમાં વોન્ટેડ હતા. દરોડા દરમિયાન બે કરોડ રૂપિયાની રોકડ અને જ્વેલરી પણ જપ્ત કરવામાં આવી છે. ઈડીએ કોડીન બેઝ્ડ કફ સિરપ (સીબીસીએસ)ના વેચાણ અને તેની ગેરકાયદે આવકમાં સંડોવાયેલા રઈસ એહમદ ભાટ અને અન્યથી સંબધિત કેસમાં જમ્મુ-કાશ્મીર, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં ૧૩ ફેબ્રુઆરીએ દરોડા પાડયા હતાં. એનસીબી દ્વારા સીબીએસસીના તસ્કરીના એક કેસમાં દાખલ કરવામાં આવેલ ફરિયાદ પછી ઈડી આ કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. માદક દવાઓ લેવાની ટેવ ધરાવતા લોકો સીબીએસસીનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યાં છે. ઉધરસની દવાની બ્રાન્ડ કોકરેક્સ હિમાચલ પ્રદેશના સિરમોરમાં તેના નિર્માતા વિદિત હેલ્થકેર પાસેથી ગેરકાયદે ખરીદવામાં આવી હતી. તેનો મેનેજિંગ પાર્ટનર હરિયાણાના પાનીપતનો રહેવાસી નીરજ ભાટીયા છે. એજન્સીએ દાવો કર્યો છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન કંસલ ઈન્ડસ્ટ્રીઝ, કંસલ ફાર્માસ્યુટિકલ્સ, એન કે ફાર્માસ્યુટિકલ્સ, નોવેટા ફાર્મા અને એસ એસ ઈન્ડસ્ટ્રીઝ વિદિત હેલ્થકેર પાસેથી કફ સિરપ ખરીદી રહી હતી અને તેને ગેરકાયદેસર રીતે વિતરિત કરી રહી હતી. એન કે ફાર્માસ્યુટીકલ્સ અને અન્ય સંસ્થાઓએ ૨૦૧૯-૨૫ની વચ્ચે વિદિત હેલ્થકેરને ૨૦ કરોડ રૂપિયાથી વધુની ચુકવણી કરીને સીબીસીએસની ૫૫ લાખ બોટલ ખરીદી હતી.

## AC, TV, ખુરશી બધુ ઉઠાવી ગયા મનિષ સિસોદિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હીમાં ૮ ફેબ્રુઆરીએ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. ભાજપ ૨૭ વર્ષ પછી સત્તામાં પાછી આવી છે. પરંતુ ચૂંટણી પછી પણ AAP અને ભાજપ વચ્ચે આરોપ-પ્રત્યારોપોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ દરમિયાન આજે સોમવારે પટપડગંજના ભાજપ ધારાસભ્ય રવિન્દ્ર નેગીએ પૂર્વ ધારાસભ્ય અને નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા પર મોટો આરોપ લગાવ્યો છે. રવિન્દ્ર નેગીએ જણાવ્યું હતું કે, મનીષ સિસોદિયાએ વિધાનસભા કેમ્પ ઓફિસમાંથી એસી, ટીવી, ટેબલ, ખુરશી અને પંખાની ચોરી કરીને લઈ ગયા છે. તેમણે કહ્યું કે, તેઓ આ મામલે સિસોદિયાને કાયદાકીય નોટિસ મોકલશે. હાલમાં જ રવિન્દ્ર નેગીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું છે કે, 'AAP ના પૂર્વ પટપડગંજ ધારાસભ્ય મનીષ સિસોદિયાએ ચૂંટણી પહેલા જ પોતાનો અસલી ચહેરો બતાવી દીધો હતો. ધારાસભ્યના કાર્યાલયમાંથી એસી, ટીવી, ટેબલ, ખુરશીઓ અને પંખાની ચોરી કરી લીધી હતી. તેમના ભ્રષ્ટાચારની સીમાએ હવે બધી હદો વટાવી ગયો છે. નેગીએ સિસોદિયા અને તેમની ટીમ પર આરોપ લગાવતા કહ્યું, 'તેઓએ ઓફિસમાંથી વસ્તુઓ ગાયબ કરી દીધી.' ઓફિસ સાવ ખાલી છે. આ લોકો ચોર છે, તેમને એ વાતની પણ શરમ નથી કે, આગામી ધારાસભ્ય ક્યાં બેસશે.'



નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે કતાર રાજ્યના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાનીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

# ભારતની ચૂંટણીમાં અમેરિકન સરકારની સીધી દખલથી ખળભળાટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

અમેરિકામાં એલન મસ્કના ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ 'વોટર ટર્નઆઉટ' માટે ભારતને અપાતી ૨.૧ કરોડ ડોલર (લગભગ ૧૮૪ કરોડ રૂપિયા)ની સહાય બંધ કરી દીધી છે. મસ્કના નિર્ણયના કારણે ભારતની ચૂંટણીમાં અમેરિકાની સીધી દખલ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આ અંગે તાત્કાલિક તપાસ કરાવવાના બદલે ચૂપ છે તેથી મોદી સરકાર પણ શંકાના દાયરામાં છે. ભારતમાં આ નાણાં કઈ સંસ્થાને અપાતાં હતાં તે અંગેની વિગતો બહાર નથી આવી પણ ભાજપે કોંગ્રેસ અને નહેરૂ-ગાંધી ખાનદાનને નાણાં મળ્યાં હોવાનો આક્ષેપ કર્યો છે. જ્યોર્જ સોરોસે મોદીને હરાવવા નાણાં અપાવ્યાના આક્ષેપ ભાજપે કર્યા છે. બીજી તરફ નરેન્દ્ર મોદીને જીતાડવા માટે અમેરિકા નાણાં ખર્ચીને ભારતની ચૂંટણીમાં દખલગીરી કરતું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ભારતમાં પોતાના ઈશારે નાચતી સરકાર બેસાડવા માટે ડીપ સ્ટેટ્સ દ્વારા ખર્ચાઈ રહેલાં નાણાં અંગે મોદી



સરકાર અત્યાર સુધી કેમ ચૂપ હતી એ પણ સવાલ ઉઠયો છે. કેન્દ્રમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાજપની સરકાર છે છતાં અમેરિકાની ભારતીય ચૂંટણીમાં સીધી દખલ બંધ કરાવવા માટે કેમ કોઈ પગલાં ના લેવાયાં એ સવાલ પણ થઈ રહ્યો છે. મોદી સરકાર હજુય તપાસ કરાવતાં કેમ ખચકાઈ રહી છે અને ભાજપના નેતા માત્ર રાજકીય આક્ષેપો જ કરી રહ્યા છે એ મુદ્દો પણ ઉભો થયો છે. ભાજપે ૨૦૧૨માં એસ.વાય. કુરૈશી ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર હતા ત્યારે કોંગ્રેસના ઈશારે ચૂંટણી પંચે કરાર કરીને નાણાં લીધાં હોવાનો આક્ષેપ પણ કરેલો. જો કે કુરેશીએ દાવો કર્યો છે કે, USAID એ ભારતમાં મતદાનમા વધારો કરવા માટે ૨.૧૦ કરોડ ડોલરનું ભંડોળ આપ્યું હતું એના યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ના દાવામાં કોઈ તથ્ય નથી. કુરૈશીએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, '૨૦૧૨ માં જ્યારે હું સીઈસી હતો ત્યારે ભારતમાં મતદાન વધારવા માટે યુએસ એજન્સી દ્વારા ચોક્કસ કરોડ ડોલરના ભંડોળ માટે ચૂંટણી પંચ દ્વારા એક એમઓયુ કરવામાં આવ્યો હોવાના મીડિયામાં આવેલા અહેવાલમાં દમ નથી. હું મુખ્ય ચૂંટણી કમિશનર હતો ત્યારે ૨૦૧૨માં ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ (IFES) સાથે એમઓયુ થયા હતા. ચૂંટણી પંચના તાલીમ અને સંસાધન કેન્દ્ર- ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયુટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ (IIIDEM) ખાતે અલગ અલગ દેશો માટે તાલીમની સુવિધા માટે ચૂંટણી પંચે અન્ય એજન્સીઓ અને ચૂંટણી મેનેજમેન્ટ સંસ્થાઓ સાથે આ પ્રકારના એમઓયુ કર્યા હતા પણ તેમાં નાણાં આપવાની કોઈ વાત નહોતી.

### વિદ્યાર્થીઓને બળજબરીથી કેમ્પસ બહાર કાઢી મૂકતાં વિવાદ

## યુનિવર્સિટીમાં નેપાળની વિદ્યાર્થિનીના આપઘાતથી છાત્રાઓમાં ભારે રોષ

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૧૮ ।

ઓડિશાના ભુવનેશ્વરની કેઆઈઆઈટી યુનિવર્સિટીમાં બબાલ પેદા થઈ છે. ગર્લ્સ હોસ્ટેલમાં થર્ડ યર બી.ટેક (મિકેનિકલ) માં અભ્યાસ કરતી ૨૦ વર્ષીય વિદ્યાર્થિની પ્રકૃતિ લમ્સાલે રવિવારે રાત્રે કથિત રીતે આપઘાત કર્યો છે. આ ઘટનાના કેટલાક કલાક પછી યુનિવર્સિટીના વહીવટી તંત્રે એક વિવાદિત નિર્ણય લઈને તમામ નેપાળી વિદ્યાર્થીઓને તાત્કાલિક પરિસર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. નેપાળી વિદ્યાર્થીઓને ઉતાવળમાં સામાન પેક કરીને વગર ટિકિટે બસો અને ટ્રેનોમાં બેસાડીને રવાના કરી દેવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના આ નિર્ણયને લીધે વિદ્યાર્થીઓમાં અફરા-તફરી અને ભયનો માહોલ પેદા થયો છે. નેપાળના વડાપ્રધાન કે પી શર્મા ઓલીએ દરમિયાનગીરી કરવી પડી છે. તેમણે નેપાળના દૂતાવાસથી બે અધિકારીઓને નેપાળના વિદ્યાર્થીઓના કાઉન્સિલિંગ માટે મોકલ્યા છે. આ દરમિયાન કેઆઈઆઈટી ડિમ્ડ યુનિવર્સિટીના અસંખ્ય વિદ્યાર્થીઓએ સોમવારે સવારે કોલેજની સામે ઉગ્ર દેખાવો કર્યા હતા અને આક્ષેપ લગાવ્યા હતા કે અધિકારીઓએ એક મહિના પહેલા મૃતક વિદ્યાર્થી નોંધાવેલી ફરિયાદની ધ્યાને લીધી




ન હતી. પોલીસના અધિકારીઓના મતે પ્રથમ દૃષ્ટિએ આપઘાતનો મામલો છે. ભુવનેશ્વરના ડીસીપી પિનાક મિશ્રાએ કહ્યું કે આપઘાત માટે ઉશ્કેરવામાં કથિત ભૂમિકા નિભાવનાર આરોપી યુવક અદ્વિક શ્રીવાસ્તવની અટકાયત કરવામાં આવી છે. શ્રીવાસ્તવ કેટલાય મહિનાથી પીડિતાને પરેશાન કરી રહ્યો હતો. આ પરેશાનીને લઈને પીડિતા(વિદ્યાર્થિની) માનસિક તણાવમાં રહેતી હતી. અને તેણીએ યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ રિલેશન્સ(આઈઆર) વિભાગ પાસે મદદ માંગી હતી, પરંતુ પીડિતાને યુનિવર્સિટી તરફથી કોઈ મદદ મળી નહીં. આ મામલામાં મીડિયા કર્મીઓ સાથેની વાતચીતમાં કેઆઈઆઈટી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર જ્ઞાન રંજન મોહંતીએ કહ્યું કે પીડિતા આરોપી સાથે સંબંધમાં હતી. એ પોતાના સાથી(આરોપી) સાથેના તણાવપૂર્ણ સંબંધોને લીધે તણાવમાં રહેતી હતી, જેના કારણે તેણીએ આ પગલું ભર્યું.

## કોંગ્રેસ નેતા સામ પિત્રોડાના વિચિત્ર નિવેદનથી વિવાદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાહુલ ગાંધીના નજીકના સાથી સામ પિત્રોડાના નિવેદન પર વિવાદ ઉભો થયો છે. પિત્રોડાએ કહ્યું કે, ચીન તરફથી ખતરો છે તેવું કહેવું ઘણીવાર અતિશયોક્તિપૂર્ણ હોય છે. હવે સમય આવી ગયો છે કે આપણે આપણા પાડોશી દેશને ઓળખીએ અને તેનું સન્માન કરીએ. ભારતે પોતાની માનસિકતા બદલવાની અને ચીન દુશ્મન છે તેવી ધારણા છોડી દેવાની જરૂર છે. એ જરૂરી નથી કે આપણે હંમેશા ચીનને આપણો દુશ્મન માનીએ. પિત્રોડાના આ નિવેદન પર ભાજપે સમગ્ર કોંગ્રેસ પાર્ટીને ઘેરી લીધી છે. પિત્રોડાએ કહ્યું હતું કે, 'મારું માનવું છે કે હવે સમય આવી ગયો છે કે બધા દેશોએ સહયોગ કરવો જોઈએ, અથડામણ નહીં. શરૂઆતથી જ અમારો અભિગમ સંઘર્ષાત્મક રહ્યો છે અને આ વલણ દુશ્મનો પેદા કરે છે. આપણે આ માનસિકતા બદલવાની જરૂર છે અને એવું માનવું બંધ કરવાની જરૂર છે કે ચીન પહેલા દિવસથી જ દુશ્મન રહ્યું છે.' પિત્રોડાની આ ટિપ્પણી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની તાજેતરની બેઠકને લગતી ચર્ચાઓ વચ્ચે આવી છે, જેમાં ભારત-ચીન સરહદી તણાવ પર ચર્ચાનો સમાવેશ થાય છે.કોંગ્રેસે સોમવારે પોતાના નેતા સેમ પિત્રોડાના ચીન પરના નિવેદનોથી પોતાને દૂર રાખતા કહ્યું કે તે પાર્ટીના મંતવ્યો નથી. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના મહાસચિવ જયરામ રમેશે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સામ પિત્રોડાએ ચીન પર જે વિચારો વ્યક્ત કર્યા છે.

## યુક્રેન યુદ્ધના અંત માટે રશિયા-US વચ્ચે વાટાઘાટો કરવામાં આવશે

। (એજન્સી) રિયાધ, તા.૧૮ ।

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં સમાધાન શોધવાના હેતુથી રશિયા અને અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ-રાજનેતાઓ વચ્ચે સાઉદી અરેબિયામાં મંગળવારથી વાટાઘાટો શરૂ થશે. શીતયુદ્ધના સમયથી રશિયાના સામા પક્ષે રહેતા અમેરિકાએ આ વખતે રશિયાને સાથે રાખીને શાંતિનો માર્ગ શોધવા પ્રયાસ શરૂ કર્યા છે, જે દાયકાઓ જૂની અમેરિકાની નીતિમાં મોટું પરિવર્તન છે. રશિયા અને અમેરિકા વચ્ચે વધી રહેલી નિકટતા અને યુરોપિયન રાષ્ટ્રો-અમેરિકાના સંબંધોમાં આવેલી ખટાશનો સ્પષ્ટ સંકેત રશિયા-અમેરિકાની વાટાઘાટોમાં મળી રહ્યો છે.સાઉતી અરેબિયા ખાતે આજથી શરૂ થઈ રહેલી વાટાઘાટોથી યુક્રેન તથા સાથી યુરોપિયન રાષ્ટ્રોમાં ખળભળાટ મચી ગયો છે. વોશિંગ્ટન અને મોસ્કો વચ્ચેની શાંતિ મંત્રણામાં પોતાની માગણીઓ પર સકારાત્મક પ્રતિભાવ નહીં મળે તેવું લાગતા યુરોપિયન સંઘોની એક બેઠક બોલાવાઈ છે. ફ્રાન્સે બોલાવેલી આ ઈમરજન્સી બેઠક યુકે ખાતે યોજાવાની છે, જેમાં આ વાટાઘાટો પરત્વે પ્રતિક્રિયા આપવા સંદર્ભે વિચારણા થશે. રશિયાના વિદેશ મંત્રી સેરગે લાવરોવ અને પુતિનના વિદેશી બાબતોના સલાહકાર યુરી યુશાકોવ સોમવારે જ સાઉદી અરેબિયાના પાટનગર રિયાધ પહોંચી ગયા હતા. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો, સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝ અને વિશેષ રાજદૂત સ્ટીવ વિટકોફ રશિયાના પ્રતિનિધિ મંડળ સાથે મંત્રણા કરવાના છે. રશિયાના પ્રવક્તાએ આ મંત્રણા અંગે જણાવ્યુ હતું કે, તેમાં મુખ્યત્વે અમેરિકા-રશિયાના સંબંધો પુનઃસ્થાપિત કરવા અને યુક્રેન સાથે સમાધાનનો માર્ગ શોધવા ચર્ચા થશે. આ બેઠકથી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચે મંત્રણાનો માર્ગ પણ મોકળો થશે.

### નોટિસ વગર સરકારે મસ્જિદનો કેટલોક ભાગ તોડી નાખ્યાનો આક્ષેપ

## મસ્જિદના ડીમોલિશન બદલ UP સરકારને સુપ્રીમની કન્ટેમ્પ્ટ નોટિસ

### સુપ્રીમ કોર્ટે ગત વર્ષે ૧૩ નવેમ્બરના રોજ સમગ્ર દેશમાં મિલકતોના ડીમોલિશન માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકારી તંત્ર સામે કન્ટેમ્પ્ટ (કોર્ટની અવમાનના) કાર્યવાહી શા માટે હાથ ન ધરવી તે માટે નોટિસ આપી છે. સ્થાનિક તંત્ર દ્વારા કુશીનગર ખાતે મસ્જિદનો કેટલોક ભાગ તોડી નાખવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજી પર સુનાવણી હાથ ધરતાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી આર ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચે કોર્ટના આગામી આદેશ સુધી મસ્જિદ ડીમોલિશનની કાર્યવાહી સ્થગિત કરવાના નિર્દેશ પણ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે ગત વર્ષે ૧૩ નવેમ્બરના રોજ સમગ્ર દેશમાં મિલકતોના ડીમોલિશન માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. જેમાં કાર્યવાહી હાથ ધરતા પહેલા અસરગ્રસ્ત પક્ષકારને ૧૫ દિવસ પહેલાં નોટિસ આપવા અને તેમની રજૂઆત સાંભળવા સ્થાનિક સત્તામંડળોને નિર્દેશ અપાયા હતા. ઉત્તર પ્રદેશના કુશીનગર ખાતે તંત્ર દ્વારા કોર્ટની આ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થયું હોવાનો દાવો અરજીમાં કરાયો છે.એડવોકેટ અબ્દુલ કાદિર અબ્બાસી દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ છે, જેમાં ૯ ફેબ્આરીના રોજ કુશીનગર ખાતે મદની મસ્જિદનું ડીમોલિશન કરવાની તંત્રની કાર્યવાહીને અન્યાયી ગણાવવામાં આવી છે. અરજદાર મસ્જિદ તરફથી રજૂઆત કરાઈ હતી કે, મ્યુનિસિપલ સત્તામંડળની મંજૂરી સાથે ૧૯૯૯માં મસ્જિદ બનાવવામાં આવી હતી. આ મસ્જિદને તોડતા પહેલાં તંત્ર દ્વારા નોટિસ અપાઈ ન હતી. તંત્રનું આ વલણ કુદરતી ન્યાય અને મૂળભૂત અધિકારીના ભંગ સમાન હોવાનો દાવો કરાયો હતો.

મસ્જિદના નિર્માણ માટે ૧૯૮૮થી ૨૦૧૩ દરમિયાન ચાર અલગ-અલગ તબક્કામાં જમીન ખરીદવામાં આવી હતી. ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં સ્થાનિક રાજકારણીએ આ મસ્જિદને સરકારી જમીન પર બનાવાઈ હોવાનો દાવો કરાયો હતો.

## યુવાનને સાયબર ક્રાઇમે રૂ.૭૫ લાખ પરત અપાવ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

USમાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર બનવાનાં ઉન્માદમાં સ્ટોક માર્કેટ ઊંચકાવાનાં વિશ્વાસ સાથે ગાંધીનગરના યુવાને અમેરિકાની કંપની પાસેથી ૪૦ લાખનાં ક્રિપ્ટો કોઈનની ખરીદી કરી હતી. તેની સામે ટૂંકા ગાળામાં યુવકને સીધો ત્રીસ લાખનો ફાયદો થયો હતો. પરંતુ અમેરિકાની કંપનીએ KYC સહિતના ટેકનિકલ કારણો દર્શાવી ૭૫ લાખ ચૂકવવામાં દોઢ મહિના સુધી ગલ્લાતલ્લા કર્યા હતાં. આ મામલો ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સુધી પહોંચતા યુવાનને ૭૫ લાખ પરત અપાવ્યા હતાં. ગાંધીનગરના યુવાને કોલ્ડ વોલેટ થકી અમેરિકાની જાણીતી ક્રિપ્ટો- બીટકોઈન ટ્રેડિંગ કંપની changelly. Com પાસેથી રૂ. ૪૦ લાખના XRP coin ખરીદ્યા હતા. બાદમાં ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાનું સુકાન સંભાળતા ત્યાંનું શેર માર્કેટ ઊંચુ ગયું હતું. જેનાં લીધે એક XRP coin નો ભાવ ૭૫ હજાર પહોંચી જતા ગાંધીનગરના યુવાનને ટૂંકા ગાળામાં ૩૦ લાખનો નફો થયો હતો. જે રકમ તેના કોલ્ડ વોલેટમાં ડિસ્પ્લે થતી હતી. તે પરત લેવા માટે યુવાને changelly. Com ને ઈમેલ કરતા કંપનીએ KYC સહિતના ટેકનિકલ કારણો દર્શાવીને રૂ. ૭૫ લાખ પરત કરવાનો ઈન્કાર કરી દીધો હતો. દોઢ મહિનો થવા છતાં અમેરિકાની કંપની તરફથી પૈસા પરત કરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. જેથી યુવાને ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે હકીકત જણાવી હતી. તે જાણી રેન્જ આઈજી વીરેંદ્રસિંહ યાદવ અને એસપી રવિ તેજા વાસમસેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ પીઆઈ જે.કે રાઠોડ અને તેમની ટીમે અમેરિકાની changelly. Com કંપનીનો ઈતિહાસ જાણી કંપનીના લીગલ ડિપાર્ટમેન્ટનાં સંપર્કો શોધી આધાર પુરાવા સાથે પોલીસની ભાષામાં સીધો કંપનીના લીગલ ડિપાર્ટમેન્ટને ઈમેલ કર્યો હતો. ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમમાંથી ઈમેલ મળતા માત્ર ચાર કલાકમાં કંપનીએ યુવાનના વોલેટમાં રૂ. ૭૫ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા.ઓનલાઈન ળોડનાં અનેક કિસ્સા સામે આવે છે. પરંતુ ભોગ બનનાર વ્યક્તિ સાયબર ક્રાઈમ પોલીસનો સમયસર સંપર્ક કરે તો ઓનલાઈન માધ્યમથી ગયેલા પૈસા પરત અપાવવાનાં ચાન્સ વધી જાય છે. જેથી ઓનલાઈન ળોડનાં કિસ્સામાં ભોગ બનનારે સહેજ પણ શરમ સંકોચ રાખ્યા વિના સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરવો હિતાવહ છે.

## જરૂર પડશે તો ઝેલેંસ્કી સાથે સીધા જ વાત કરશે પુતિન

। (એજન્સી) બરેલી, તા.૧૮ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સત્તામાં એન્ટ્રી બાદ ગત ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં નવો વળાંક આવતો નજર આવી રહ્યો છે. રશિયાએ આ યુદ્ધને લઈને મંગળવારે મોટું નિવેદન આપ્યું છે. ક્રેમલિને મંગળવારે કહ્યું છે કે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન જરૂર પડ્યા પર વોલોડિમિર ઝેલેંસ્કી સાથે વાત કરવા માટે તૈયાર છે. જોકે આ દરમિયાન રશિયાએ યુક્રેન પ્રમુખ તરીકે ઝેલેંસ્કીની કાયદેસરતા પર પણ સવાલ ઊભા કર્યા છે. સુરક્ષાના વ્યાપક મુદ્દે વાત કર્યા વિના યુક્રેન યુદ્ધનો કોઈ ઉકેલ નીકળી શકશે નહીં.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

વિવિધ એન્જિનિયરિંગ કામો

ઇ-ટેન્ડર સૂચના નંબર 32 વર્ષ 2024-2025 તારીખ: 17.02.2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-ADI-208-2024-25 સિનિયર DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ પાલનપુર-સામખીયાળી વિભાગમાં આડેસર-કિડિયાનગર સ્ટેશનો વચ્ચે રોડ અંડરબ્રિજ બનાવીને 04 લેવલ ક્રોસિંગ દૂર કરવામાં આવશે. | 39,87,93,626.32 | 21,44,000.00 |
| 2 | DRM-ADI-209-2024-25 સિનિયર DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ પાલનપુર-સામખીયાલી વિભાગમાં કિડિયાનગર-ચિત્રોડ સ્ટેશનો વચ્ચે રોડ અંડરબ્રિજ બનાવીને 04 લેવલ ક્રોસિંગ દૂર કરવામાં આવશે. | 38,07,18,803.57 | 20,53,600.00 |
| 3 | DRM-ADI-210-2024-25 સિનિયર DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ પાલનપુર-સામખીયાળી વિભાગમાં ચિત્રોડ-સામખીયાળી સ્ટેશનો વચ્ચે રોડ અંડરબ્રિજ બનાવીને 04 લેવલ ક્રોસિંગ દૂર કરવામાં આવશે. | 36,09,58,187.46 | 19,54,800.00 |
| 4 | DRM-ADI-211-2024-25 પાલનપુર - સામખિયાળી વિભાગ - ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદ હેઠળ રોડ હેઠળ અંડર બ્રિજ બનાવીને લેવલ ક્રોસિંગ નાબૂદ કરવું. (એલસી નં. ૪,૧૯,૩૮,૪૫) | 36,25,85,997.38 | 19,62,900.00 |
| 5 | DRM-ADI-212-2024-25 મહેસાણા વિરમગામ વિભાગ, ડિવિઝનલ ઇજનેર (ઉત્તર) - અમદાવાદ હેઠળ રોડ નીચે પુલ બનાવીને લેવલ ક્રોસિંગ દૂર કરવું. (એલસી નં. ૧૩,૧૫,૨૧,૨૨) | 36,10,80,255.28 | 19,55,400.00 |
| 6 | DRM-ADI-213-2024-25 DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ ગ્લૂડ જોઇંટના ફેબ્રિકેશનનું કાર્ય. (KRCL ને ચાર્જેબલ) | 1,19,11,286.21 | 2,09,600.00 |
| 7 | DRM-ADI-214-2024-25 ચાંદલોડિયા ખાતે વધારાની લૂપ લાઇનની જોગવાઈ અને ડિવિઝનલ એન્જિનિયર (બાંધકામ) અમદાવાદ (સમગ્ર કાર્ય) ના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય આનુષંગિક કાર્યોના સંદર્ભમાં EL બિલ્ડિંગ અને સિવિલ વર્ક્સનું બાંધકામ. | 17,33,46,804.41 | 10,16,700.00 |
| 8 | DRM-ADI-215-2024-25 ડિવિઝનલ એન્જિનિયર (બાંધકામ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ROBS અને RUBs અને અન્ય આનુષંગિક કાર્યોમાં માળખાકીય સુધારો | 2,33,57,425.06 | 2,66,800.00 |
| 9 | DRM-ADI-216-2024-25 અમદાવાદ વિસ્તારમાં JE/SSE (કામ) અને S&T ઓફિસ માટે ટાઇપ-III અને ટાઇપ-IV ક્વાર્ટર્સનું બાંધકામ અને ડિવિઝનલ ઇજનેર (કામ) - અમદાવાદ (સમગ્ર કાર્ય) ના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય આનુષંગિક કાર્યો. | 2,05,29,947.71 | 2,52,700.00 |
| 10 | DRM-ADI-217-2024-25 ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ RDSO દ્વારા મંજૂર કરાયેલ ટ્રાન્સલેમેટિક રોબોટિક વેલ્ડીંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને CMS ક્રોસિંગનું ઇન-સીટુ પુનર્નિર્માણ. | 91,13,714.47 | 1,82,300.00 |
| 11 | DRM-ADI-218-2024-25 વિરમગામ - સામખિયાળી વિભાગ, અમદાવાદના સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) ના અધિકારક્ષેત્ર હેઠળના લેવલ ક્રોસિંગ નંબર 57, 70, 71, 105 પર રોડ અંડરબ્રિજ બનાવીને લેવલ ક્રોસિંગ દૂર કરવા. | 35,96,90,687.87 | 19,48,500.00 |
| 12 | DRM-ADI-219-2024-25 અમદાવાદ: સિનિયર સેક્શન એન્જિનિયર (પી.વે) અમદાવાદના અધિકારક્ષેત્રમાં કચરો ઉપાડવા અને ટ્રેકની સફાઇ | 1,16,37,287.04 | 2,08,200.00 |
| 13 | DRM-ADI-220-2024-25 અમદાવાદ-મહેસાણા વિભાગમાં સિનિયર DEN (દક્ષિણ) અમદાવાદના અધિકારક્ષેત્રમાં ટિમ્બલ ગેડો વોર્સિસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને ટેમ્પિંગ પહેલા અને પછી માપન સર્વેક્ષણ | 49,22,052.67 | 98,500.00 |
| 14 | DRM-ADI-221-2024-25 ચાંદલોડિયા (B) કેબિનના સંદર્ભમાં સિવિલ કામો: લાઇન નં. 05 (15.01.16.24.3.50.008) અને સાબરમતી D કેબિનને અડીને લૂપ લાઇન (CSR 720M) ની જોગવાઈ, જે ICD (D કેબિન એન્ડ) ના શન્ટિંગ નેકને BTD મુખ્ય લાઇન સાથે જોડે છે, તેમજ કોચિંગ ટર્મિનલનું વીજળીકરણ (15.01.16.24.3.50.006) | 7,47,74,892.91 | 5,23,900.00 |

ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : તારીખ 11/03/2025 સમય 15:00 કલાકે ઓફિસ સરનામું : સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ : www.ireps.gov.in
326

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### મહીસાગરમાં ભગવો લહેરાયોઃ । લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોર નગરપાલિકામાં ભાજપનો કબજો, ખાનપુર તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં પણ ભાજપની જીત

# ભાજપનો ત્રણેય નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં ભવ્ય વિજય

। મહીસાગર ।

મહીસાગર જિલ્લાની ત્રણ નગરપાલિકા લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોર તેમજ ખાનપુર તાલુકા પંચાયતની ખાલી પડેલ કનોડ સીટની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો ભવ્ય વિજય થયો છે. આજે યોજાયેલી મતગણતરીમાં ભાજપે ત્રણેય નગર પાલિકામાં બહુમતી મેળવીને ભગવો લહેરાવ્યો છે. આ વિજયથી ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ છવાયો છે.

આજે સવારે મહીસાગર જિલ્લાની ત્રણેય નગરપાલિકા માટે મતગણતરી પ્રક્રિયા શરૂ થઈ હતી. લુણાવાડા નગરપાલિકાની મતગણતરી લુણાવાડા આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે, સંતરામપુર નગરપાલિકાની મતગણતરી સંતરામપુર કોલેજ ખાતે અને બાલાસિનોર નગર પાલિકાની મતગણતરી કરુણાનીકેતન હાઈસ્કુલ ખાતે યોજાઈ હતી. મતગણતરીના શરૂઆતના તબક્કાથી જ ભાજપના ઉમેદવારો આગળ રહ્યા હતા અને અંતે ત્રણેય નગરપાલિકામાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી હતી. ખાનપુર તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવાર વિજયી બન્યા છે.

ભાજપના ઉમેદવારોનો વિજય થતા સમર્થકો અને કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને વિજય સરઘસ કાઢવામાં આવ્યા હતા. સંતરામપુરમાં ભાજપના વિજયને લઈને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતા ઉમેદવારોને ફુલહાર પહેરાવીને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યકર્તાઓએ એકબીજાને ગળે મળીને અને મોઢું મીઠું કરાવીને ખુશી વ્યક્ત કરી હતી.

કોંગ્રેસના ગઢમાં ગાબડુંઃ ભાજપે કોંગ્રેસના મજબૂત ગણાતા વિસ્તારોમાં જીત મેળવીને કોંગ્રેસના પાયાને હચમચાવી દીધો છે. જનતાનો વિશ્વાસઃ આ જીત દર્શાવે છે કે લોકો હજુ પણ ભાજપ પર વિશ્વાસ મૂકી રહ્યા છે અને પાર્ટીની નીતિઓ અને કાર્યક્રમોને સમર્થન આપી રહ્યા છે. આગામી ચૂંટણીઓ માટે સંકેતઃ આ પરિણામો આગામી વિધાનસભા અને લોકસભા ચૂંટણીઓ માટે ભાજપ માટે સકારાત્મક સંકેત છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની આ ભવ્ય જીત કોંગ્રેસ માટે ચિંતાનો વિષય છે, જ્યારે ભાજપ માટે ઉજવણીનો અવસર છે. આ પરિણામો ગુજરાતના રાજકારણમાં નવા સમીકરણો સર્જી શકે છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૭૭૫ દાવેદારો મેદાનમાં ઉતર્યા હતા અને કુલ ૩૬ લાખ ૭૧ હજાર ૪૭૯ મતદારોને મતાધિકાર મળ્યો હતો. રાજ્યમાં પાલિકા-પંચાયતના યોજાયેલા મતદાનમાં ઘણા મતદાન મથકો પર મતદારોની લાંબી લાંબી કતારો પણ જોવા મળી હતી.

ઉલ્લેખનીય છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કુલ ૭૦૩૬ ઉમેદવારીપત્રો દાખલ થયા હતા, જેમાંથી ૧૨૬૧ પત્રો અમાન્ય ઠર્યા, જ્યારે કે ૫૭૭૫ ઉમેદવારોની ઉમેદવારી માન્ય રાખવામાં આવી. જે બાદ ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા, જેના કારણે ૨૧૩ બેઠકો બિનહરીફ થઈ ગઈ. જેના પગલે હરિફાઈ હેઠળની બેઠકો માટે કુલ ૫ હજાર ૮૪ ઉમેદવારો ચૂંટણીના જંગમાં મેદાને ઉતર્યા હતાં.

## જૂનાગઢમાં કોંગ્રેસના વિજય સરઘસ પર પથ્થરમારો

। જૂનાગઢ ।

ગુજરાતમાં જૂનાગઢ મહાનગર પાલિકાની યોજાયેલી ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. જૂનાગઢ મનપામાં ભારતીય જનતા પાર્ટીએ કબજો કર્યો છે. ભાજપે પ્રચંડ જીત સાથે હેટ્રિક ફટકારી છે. જૂનાગઢ મનપાની ૬૦ બેઠકોમાંથી ભાજપના ફાળે ૪૮ જેટલી બેઠકો આવી છે. જ્યારે કોંગ્રેસને ૧૧ બેઠકો પર જીત મળી છે. ચૂંટણીમાં જીત બાદ વિજય સરઘસ દરમિયાન જૂનાગઢમાં બબાલ પણ થઈ છે. જૂનાગઢ મનપાની ચૂંટણીમાં વિવાદ થયો છે. વોર્ડ નંબર આઠમાં કોંગ્રેસના વિજય સરઘસ દરમિયાનવિવાદ થયો હતો. અહીં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે માથાકૂટ થઈ હતી. આ દરમિયાન એક મહિલા કોન્સ્ટેબલને ઈજા પણ પહોંચી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ત્રણ લોકોની અટકાયત કરી હતી.

## કચ્છમાં ભચાઉની તમામ બેઠકો પર કમળ ખીલ્યું

। કચ્છ ।

કચ્છની તમામ નગરપાલિકાના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. જેમાં ભચાઉની તમામ બેઠકો ભાજપનો વિજય થયો છે. બીજી તરફ રાપરમાં ૨૧ ભ્નઁ જ્યારે ૭ બેઠક કોંગ્રેસની જીત થઈ છે. લાકડીયા તાલુકા પંચાયત બેઠક પર ભાજપની જીત થઈ છે. ઉમેદવાર હરિભા ગઢવીએ ૭૫૫ મતથી જીત મેળવી છે. ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપની જીતથી રાપર ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા સહિતના નેતાઓ અને કાર્યકરોમા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાપર વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય સંતોકબેનના પતિ ભચુભાઈ આરેઠિયાએ સમગ્ર હારનો સ્વીકાર કર્યો હતો. કોંગ્રેસે ભચુભાઈ આરેઠિયા પર ચૂંટણી જવાબદારી સોપી હતી જેમાં તેઓ નિષ્ફળ રહ્યા છે અને હાર તેમણે સ્વીકારી છે. તેમણે કહ્યું હતું કે, રાપરની પ્રજાને રાપરમાં કોઈ પણ સમસ્યા નથી જણાતી જેથી તેઓએ ભાજપના ઉમેદવારોને મત આપીને વિજેતા બનાવ્યા છે.

## છોટા ઉદેપુરની ચૂંટણીમાં એક વોટે બદલ્યો ખેલ

। છોટા ઉદેપુર ।

દરેક ચૂંટણીમાં લોકો પોતાની આળસના કારણે એક મતના મહત્ત્વને અવગણે છે. ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામમાં આ એક મતનું મૂલ્ય લોકો સમજી શક્યા હતાં. અહીં છોટા ઉદેપુરના એક ઉમેદવાર ફક્ત એક મતથી જીત્યા છે. છોટાઉદેપુરની નગરપાલિકાના વોર્ડ નંબર ૫માં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર મુફિસ શેખનો ફક્ત એક વોટથી વિજય થયો છે. નોંધનીય છે કે, છોટા ઉદેપુર નગર પાલિકાની કુલ ૭ વોર્ડની ૨૮ બેઠક પર ચૂંટાઈ હતી. જેમાં ભાજપ ૮ બેઠક, સપા ૬ બેઠક, બસપા ૪ બેઠક તેમજ કોંગ્રેસ ૧ બેઠક અને અન્યના ખાતામાં ૯ બેઠક આવી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વખતે પણ ભાજપનો દબદબો યથાવત રહ્યો છે અને કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે.

## વલસાડ જિલ્લાની તમામ ત્રણ નગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય

। વલસાડ ।

વલસાડ જિલ્લાની તમામ ત્રણ નગર પાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. વલસાડ, પારડી અને ધરમપુર નગર પાલિકામાં ભાજપનો ઐતિહાસિક વિજય થયો છે. તો બીજી તરફ ધરમપુર નગર પાલિકા કોંગ્રેસમુક્ત થઈ છે. કુલ ૪૪ બેઠકોમાંથી ૪૧ બેઠક પર ભાજપનો વિજય થયો છે જ્યારે ૨ બેઠક પર અપક્ષ ઉમેદવારો અને અને માત્ર ૧ જ બેઠક પર કોંગ્રેસનો વિજય થયો છે.

કુલ ૨૪ બેઠકોમાંથી ૨૦ બેઠક પર ભાજપનો વિજય થયો છે. ૪ બેઠકો પર અપક્ષનો વિજય થયો છે. આમ ધરમપુર નગરપાલિકા કોંગ્રેસ મુક્ત થઈ છે.

વલસાડ જિલ્લાની તમામ નગર પાલિકાની ચૂંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે.. આ સાથે જ કપરાડા અને ઉમરગામ તાલુકા પંચાયતની ત્રણ બેઠકોની પેટા ચૂંટણીમાં પણ ભાજપના ઐતિહાસિક પ્રદર્શનને કારણે બીજેપીની છાવણીમાં ઉત્સાહનો માહોલ છે તો નવસારીના વાંસદા તાલુકા પંચાયતની એક બેઠક અને ડાંગ જિલ્લા પંચાયતની એક બેઠક પર પણ ભાજપના ઐતિહાસિક વિજયને કારણે ભાજપ છાવણીમાં ઉત્સાહનો માહોલ છે.

પરિણામો બાદ પ્રતિક્રિયા આપતા વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલે વ્યક્તિગત રીતે વાંસદાના કોંગ્રેસી ધારાસભ્ય અને આદિવાસી અગ્રણી અનંત પટેલ પર પણ આક્ષેપો કર્યા હતા. નકારાત્મક રાજનીતિને કારણે અનંત પટેલ અને કોંગ્રેસની આવી દશા થઈ હોવાનું જણાવ્યું હતું. આ સાથે જ ધવલ પટેલે અનંત પટેલને બહાનાબાજ અને આંદોલનબાજ નેતા ગણાવ્યા હતા. હવે પછીના સમયમાં કોંગ્રેસ અને અનંત પટેલની પણ હારનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. આમ સાંસદ ધવલ પટેલે અનંત પટેલ પર આક્ષેપો કરતા વલસાડ જિલ્લા અને આદિવાસી વિસ્તારોમાં રાજકારણ ગરમાયું છે.

ઉત્તર ગુજરાતમાં ભાજપનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. ખેરાલુ અને વડનગર નગરપાલિકામાં ભાજપે જીત મેળવી હતી. મહેસાણાની બંને નગરપાલિકા પર ભાજપે જીત મેળવી હતી. ખેરાલુ અને વડનગર પાલિકામાં પણ ભાજપનું શાસન રહેશે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન રહેશે. ગાંધીનગરની ૨૮ પૈકી ૨૦ પર ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો.

ગાંધીનગરની ૨૮ પૈકી ૮ પર કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો હતો.

સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં સોળે કળાએ કમળ ખિલ્યું હતું. પ્રાંતિજમાં ૨૪ પૈકી ૧૯ બેઠક પર ભાજપે જીત મેળવી હતી. તલોદમાં ૨૪ પૈકી ૨૨ બેઠક ભાજપના ફાળે ગઈ હતી. ખેડબ્રહ્મામાં ૨૮ પૈકી ૧૭ બેઠક ભાજપના ફાળે આવી હતી. વલસાડની ૪૪માંથી ૪૧ બેઠક પર ભાજપની જીત થઈ હતી. પારડીની ૨૮માંથી ૨૨ બેઠક પર ભાજપની જીત થઈ હતી. નવસારી જિલ્લાની બિલીમોરા નગર પાલિકામાં ભાજપની જીત થઈ હતી.

## અમિત શાહના મતવિસ્તાર માણસામાં ભાજપનો સપાટો

। માણસા ।

આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. ભાજપે ૬૮માંથી ૫૮ નગરપાલિકાઓ પર કબજો જમાવ્યો છે. આમાં ગાંધીનગરની માણસા નગરપાલિકામાં ભાજપે ભગવો લહેરાવ્યો છે. અમિત શાહના મતવિસ્તાર અને વતન માણસામાં ભાજપની જીતની ખુશી સાતમા આસામને છે. માણસા નગર પાલિકા ચૂંટણી પરિણામ જાહેર થતાં કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તાજા અપડેટ પ્રમાણે, ગાંધીનગરની માણસા નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાવ્યો છે. અહીં ભાજપને પૂર્ણ બહુમતી સાથે ૨૮માંથી ૨૭ બેઠકો ભાજપને ફાળે અને ૧ બેઠક કોંગ્રેસના ફાળે આવી છે. માણસામાં વોર્ડ નંબર ૧,૨,૪,૫,૬ અને ૭માં ભાજપનો વિજય થયો છે. જ્યારે માત્ર વોર્ડ નંબર ૩માં કોંગ્રેસનો એક ઉમેદવારનો વિજય થયો છે. ભાજપના કાર્યકરો દ્વારા જીતને વધાવવામાં આવી છે. ગુલાલ ઉડાડી અને ઢોલ નગારા સાથે ઉજવણી કરી છે. વર્ષ ૧૯૯૫થી માણસા નગરપાલિકા ઉપર બીજેપીનું શાસન છે અને હજુપણ આવનાર પાંચ વર્ષ બીજેપી શાસન મેળવ્યું છે.

## આણંદ નગરપાલિકા ચૂંટણી પરિણામઃ ભાજપનો દબદબો

। આણંદ ।

આણંદ જિલ્લાની ત્રણ નગર પાલિકા ઓડ, આંકલાવ અને બોરિયાવીની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના પરિણામો જાહેર થયા છે. જેમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ બે નગરપાલિકામાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે, જ્યારે એક નગરપાલિકામાં અપક્ષોએ બાજી મારી છે. આ ચૂંટણી પરિણામોમાં ભાજપ માટે ખુશી અને ચિંતા બંનેના સંકેતો છે.

આણંદ જિલ્લાની ત્રણ નગરપાલિકા માટે તાજેતરમાં મતદાન થયું હતું અને આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મતગણતરીના અંતે જાહેર થયેલા પરિણામો મુજબ ઓડ અને બોરિયાવી નગરપાલિકામાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે આંકલાવ નગરપાલિકામાં અપક્ષોનું શાસન સ્થપાશે.

નગરપાલિકા પરિણામો વિગતવારઃ

નગરપાલિકાઃ આંકલાવ
કુલ વોર્ડઃ ૦૬
કુલ બેઠકઃ ૨૪
ભાજપઃ ૧૦
કોંગ્રેસઃ ૦૦
અન્ય પક્ષઃ ૧૪

આંકલાવ નગરપાલિકામાં અપક્ષોએ સૌથી વધુ બેઠકો જીતી છે, જે ભાજપ માટે મોટો ઝટકો છે. અહીં અન્ય પક્ષો અને અપક્ષોના જોડાણથી શાસન રચાય તેવી શક્યતા છે.

નગરપાલિકાઃ બોરિયાવી
કુલ વોર્ડઃ ૦૬
કુલ બેઠકઃ ૨૪
ભાજપઃ ૧૫
કોંગ્રેસઃ ૦૬
અપક્ષઃ ૦૩

બોરિયાવી નગરપાલિકામાં ભાજપે સારું પ્રદર્શન કર્યું છે અને સ્પષ્ટ બહુમતી મેળવી છે. અહીં કોંગ્રેસ બીજા ક્રમે રહી છે અને અપક્ષોને પણ થોડી બેઠકો મળી છે.

નગરપાલિકાઃ ઓડ
કુલ વોર્ડઃ ૦૬
કુલ બેઠકઃ ૨૪
ભાજપઃ ૨૪
કોંગ્રેસઃ ૦૦
અપક્ષઃ ૦૦

ઓડ નગરપાલિકામાં ભાજપે ક્લીન સ્વીપ કર્યું છે. અહીં ભાજપે તમામ ૨૪ બેઠકો જીતીને વિરોધીઓને ખાતું પણ ખોલવા દીધું નથી. આ પરિણામ ભાજપ માટે મોટી જીત સમાન છે. ઉલ્લેખનીય છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કુલ ૭૦૩૬ ઉમેદવારીપત્રો દાખલ થયા હતા, જેમાંથી ૧૨૬૧ પત્રો અમાન્ય ઠર્યા, જ્યારે કે ૫૭૭૫ ઉમેદવારોની ઉમેદવારી માન્ય રાખવામાં આવી. જે બાદ ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા, જેના કારણે ૨૧૩ બેઠકો બિનહરીફ થઈ ગઈ. જેના પગલે હરિફાઈ હેઠળની બેઠકો માટે કુલ ૫ હજાર ૮૪ ઉમેદવારો ચૂંટણીના જંગમાં મેદાને ઉતર્યા હતાં.

## ભાવનગર જિલ્લાની ત્રણેય નગરપાલિકામાં ભગવો લહેરાયો

। ભાવનગર ।

ભાવનગર જિલ્લાનું પરિણામ જાહેર થઈ ગયું છે. અહીં કુલ ૩ નગરપાલિકાઓ આવેલી છે. આ ત્રણેય નગરપાલિકામાં બીજેપીની જીત થઈ છે. આ નગરપાલિકામાં ગારીયાધાર, સિહોર, તળાજાનો સમાવેશ થાય છે. જિલ્લાની જે તે નગરપાલિકાના વિગતવાર પરિણામ પર નજર કરીએ તો,

**નગરપાલિકા : સિહોર**
કુલ વોર્ડ : ૯
કુલ બેઠક : ૩૬
ભાજપ : ૨૫
કોંગ્રેસ : ૮
અન્ય પક્ષ : ૩

**નગરપાલિકા : ગારીયાધાર**
કુલ વોર્ડ : ૭
કુલ બેઠક : ૨૮
ભાજપ : ૧૮
કોંગ્રેસ : ૭
અન્ય પક્ષ : ૩

**નગરપાલિકા : તળાજા**
કુલ વોર્ડ : ૭
કુલ બેઠક : ૨૮
ભાજપ : ૧૭
કોંગ્રેસ : ૧૧
અન્ય પક્ષ : ૦

જે રીતે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં બીજેપીએ બમ્પર જીત મેળવી હતી તે જ રીતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ ભાજપે ભવ્ય જીત મેળવી છે. સૌ પ્રથમ આપણે સૌરાષ્ટ્રની વાત કરીએ તો અહીં ત્રણ નગરપાલિકા છોડીને તમામ નગરપાલિકા પર ભાજપે કબજો કરી લીધો છે.

રાણાવાવ, કુતિયાણા અને સલાયા સિવાય તમામ નગરપાલિકા પર ભાજપે કબજો કરી લીધો છે. અમરેલી જિલ્લામાં તમામ નગરપાલિકાઓમાં ભાજપનો પ્રચંડ વિજય થયો છે. જુનાગઢ મહાનગર પાલિકા અને નગરપાલિકામાં ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. તો બીજી તરફ રાજકોટ અને ભાવનગર જિલ્લાની નગર પાલિકામાં પણ ભાજપે બમ્પર જીત મેળવી છે. તમને જણાવી દઈએ કે, ભાવનગર પેટચૂંટણીમાં બીજેપીની જીત થઈ છે. તો બીજી તરફ સૌરાષ્ટ્રમાં સલાયા સિવાય તમામ જગ્યાએ કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે.

## સલાયા નગરપાલિકામાં ભાજપના સૂપડા સાફ થયા

। સલાયા ।

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ કરવામાં આવી હતી. જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકા અને ૩ તાલુકા પંચાયતની ચૂંટણી માટે સરેરાશ ૫૭ ટકા મતદાન થયું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો દબદબો જોવા મળી રહ્યો છે. પરંતુ સલાયા નગરપાલિકામાં ભાજપના સૂપડા સાફ થયા છે. અહીં ભાજપનું ખાતું પણ નથી ખુલ્યું. સલાયા નગરપાલિકામાં

સલાયા નગરપાલિકા પરિણામ
ભાજપ - ૦
કોંગ્રેસ - ૧૫
AAP - ૧૩
AIMIM - ૦

સલાયા નગરપાલિકામાં ૭ વોર્ડની ગણતરી પુર્ણ થઈ છે. અહીં ૨૮ ઉમેદવારોનું પરીણામ જાહેર કરવામાં આવ્યું છે.

### બાવળામાં બસપા બની કિંગ મેકર

## ભાજપ અને કોંગ્રેસ બેમાંથી એકને પણ ન મળી બહુમતી

### નગરપાલિકાની ચૂંટણીમાં ૨૮ બેઠકમાંથી ભાજપને ૧૪ બેઠકો પર જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે

। બાવળા ।

તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી ચાલી રહી છે. અમદાવાદના બાવળા નગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ બસપાને કિંગ મેકર બનાવી દીધી છે. નગર પાલિકાની ચૂંટણીમાં ૨૮ બેઠકમાંથી ભાજપને ૧૪ બેઠકો પર જીતનો સ્વાદ ચાખવા મળ્યો છે, જ્યારે કોંગ્રેસે ૧૩ બેઠકો પર કબજો જમાવ્યો છે. બહુમતી માટે ૧૫ બેઠકો જીતવી જરૂરી છે પરંતુ બંનેમાં થી એકપણ પક્ષને બહુમતી પ્રાપ્ત થઈ નથી. ત્યારે બસપા કિંગ મેકર બની શકે છે.

બાવળા નગરપાલિકાની ચૂંટણીની વાત કરવામાં આવે તો ૭ વોર્ડમાં ૨૮ બેઠકો પર ચૂંટણી યોજાઇ હતી અને જેમાં ૭૮ ઉમેદવારો મેદાને ઉતર્યા હતા. જેમાં ભાજપે ૧૪ બેઠકો, કોંગ્રેસે ૧૩ અને બસપાએ ૧ બેઠક પર જીત મેળવી છે. નગરપાલિકામાં સત્તા પર આરૂઢ થવા માટે ૨૮ માંથી ૧૫ બેઠકો જીતવી જરૂરી છે. ત્યારે બાવળમાં એકપક્ષને બહુમત પ્રાપ્ત થયો નથી. ત્યારે બાવળા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૭માં જીત પ્રાપ્ત કરનાર કાળુભાઈ ચૌહાણ કિંગ મેકર સાબિત થઈ શકે છે. કારણ ભાજપે ૧૪ બેઠકો પર વિજય મેળવ્યો છે. ત્યારે બસપાના કાળુભાઈ ચૌહાણ ભાજપમાં જોડાઈ જાય તો ભાજપની ૧૫ બેઠકો થઈ જાય અને બહુમતી મળતાં ભાજપ બાવળા નગર પાલિકા પર કબજો કરી શકે છે.

તો બીજી તરફ ૧૩ બેઠકો પર જીત હાંસલ કરી છે. ત્યારે બસપાના કાળુભાઈ જો કોંગ્રેસમાં જોડાઈ જાય છે તો કોંગ્રેસની ૧૪ બેઠક થઈ જાય તો બંને પક્ષો વચ્ચે ટાઈની સ્થિતિ સર્જાઈ શકે છે. આવા સંજોગોમાં કોઈને પણ સ્પષ્ટ બહુમતી ના મળી કહેવાય. ત્યારે હવે બધાની નજર બીએસપીના ઉમેદવાર કાળુભાઈ ચૌહાણ પર ટકેલી છે કે તે કોની સાથે જોડાશે. કાળુભાઈ કોંગ્રેસનો હાથ પકડશે કે પછી કમળનો સાથ આપશે એ તો આગામી સમય જ બતાવશે.

# ગુજરાત પોલીસે ખાસ SHASTRA પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો

### ગુજરાત રાજ્યમાં બનતા શરીર સંબંધી ફૂલ ગુનામાંથી ૪૫ ટકા ગુના અમદાવાદના ૧૨, સુરતના રાજકોટ અને વડોદરાના ૭ થઈને કુલ 33 પોલીસ મથકની હદમાં જ બને છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત પોલીસે ગુના સંબંધી ડેટાના એનાલિસીસ કરતા એવી વિગતો સામે આવી છે કે, શરીર સંબંધી બનતા ગુના મોટાભાગે સાંજે ૬ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં બને છે. એમા પણ રાજ્યમાં નોંધાતા શરીર સંબંધી કુલ ગુનાના ૪૫ ટકા કેસ ગુજરાતના ચાર મુખ્ય શહેરના ૩૩ પોલીસ મથકના વિસ્તારમાં જ બનવા પામે છે. ડેટા ડ્રિવન પોલિસિંગ પર વિશેષ ભાર મુકી રાજ્યમાં બની રહેલા શરીર સંબંધી ગુનાઓ અંગે ગુજરાત પોલીસ દ્વારા ઈ-ગુજકોપમાં ઉપલબ્ધ ડેટાનો બારીક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ ડેટા આધારિત અભ્યાસમાં ક્રાઈમ ટ્રેન્ડ અને હોટ સ્પોટનું વિશ્લેષણ કર્યા બાદ ચાર મુખ્ય કમિશ્નરેટ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના ૩૩ અસરગ્રસ્ત પોલીસ સ્ટેશનોને ચિન્હિત કરવામાં આવ્યા છે, જ્યાં સાંજે ૬ થી રાત્રે ૧૨ દરમિયાન શરીર સંબંધી ગુનાઓ વધુ બન્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે આ બાબતને ગંભીરતાથી લઈ ખાસ એક્શન પ્લાનના ભાગરૂપે 'SHASTRA' પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે, જે આ ગુનાઓને નિયંત્રણમાં રાખવા મહત્વપૂર્ણ સાબિત થશે.

રાજ્યમાં બનતા વિવિધ ગુનાઓ તથા ગુનેગારોની મોડસ ઓપરેન્ડી અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ તેમજ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ એનાલિસીસ કરી તેના પર અંકુશ લાવવા ગુજરાત પોલીસ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે, ત્યારે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં બનેલા શરીર સંબંધી ગુનાઓ અંગે ગુજરાત પોલીસ દ્વારા ડિટેઈલ એનાલીસીસ કરવામાં આવ્યુ તેમાં ધ્યાને આવ્યુ છે કે, સમગ્ર ગુજરાતમાં બનેલા કુલ શરીર સંબંધી ગુનાઓ પૈકી અંદાજે ૨૫ ટકા ગુનાઓ ચાર મહાનગરોમાં બન્યા છે. એટલુ જ નહિ, આ ગુનાઓ પૈકી ૪૫ ટકા ગુનાઓ સાંજે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન બન્યા છે.

તેમાં પણ ખાસ કરીને અમદાવાદ શહેરના ૫૦ પોલીસ સ્ટેશન પૈકી ૧૨ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ શરીર સંબંધી ૫૦ ટકાથી વધુ ગુનાઓ બનતા હોવાનું અભ્યાસ દરમિયાન ધ્યાને આવ્યુ છે. તે જ રીતે સુરત શહેરના કુલ-૩૩ પોલીસ સ્ટેશન પૈકી ૯ પોલીસ સ્ટેશન વિસ્તારમાં, વડોદરા શહેરના કુલ-૨૭ પોલીસ સ્ટેશન પૈકી ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને રાજકોટ શહેરના કુલ-૧૫ પોલીસ સ્ટેશન પૈકી ૦૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૫૦ ટકાથી વધુ ગુનાઓ બનતા હોવાનું અભ્યાસમાં ધ્યાને આવ્યુ છે.ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા આ ડિટેઈલ એનાલીસીસને અંતે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે શરીર સંબંધી ગુનાઓને અંકુશમાં લેવા માટે હોટસ્પોટ બનેલા ચાર મહાનગરોના ૩૩ પોલીસ સ્ટેશન વિસ્તારમાં SHASTRA પ્રોજેક્ટ અમલમાં મુકી "Evening Policing" પર ખાસ ભાર મુક્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ, સાંજે ૬ થી રાત્રે ૧૨ વાગ્યા વચ્ચે વિશેષ પોલિસિંગ ટીમો તૈનાત કરવામાં આવશે, જેથી શહેરોના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધુ મજબૂત બને. તે ઉપરાંત અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના ૩૩ પોલીસ સ્ટેશનો, જ્યાં શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ ઉંચું છે, ત્યાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. SHASTRA ટીમો દરેક પોલીસ સ્ટેશન માટે નિશ્ચિત કરવામાં આવશે અને તેમનો રોલકોલ સાંજે ૮ વાગ્યાને બદલે દરરોજ સાંજે ૬ વાગ્યે લેવાશે.